CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : 330
તા.૦૮-૦૧-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ પોષ વદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૪ સૂર્યાસ્ત : ૦૬:૦૯

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૦.૮ | વડોદરા | ૧૦ |
| અમદાવાદ | ૯.૭ | સુરત | ૧૩.૫ |
| ગાંધીનગર | ૮.૬ | નલિયા | ૮.૫ |

ચાંદી : ૩૯,૩૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કાશ્મીરમાં હિમપ્રપાત : એન્જીનિયર સહિત આઠ મૃતદેહ મળ્યા

## વિચાર વૈભવ...

### ગુરુનું મહત્ત્વ

દસ વરસના એક છોકરાનો ડાબો હાથ કોઈ અકસ્માતમાં છેક ખભામાંથી કપાઈ ગયો હતો. એ છોકરાને જૂડો શીખવાની ખુબ જ ઈચ્છા હતી. જૂડો એટલે સ્વરક્ષણ માટે કરાટે પ્રકારની એક કળા. પોતાનો કપાયેલો હાથ જોઈ બધા શીખવાની ના પાડશે તો? એવો ભય એને સતાવતો હતો. એક દિવસ હિંમત ભેગી કરીને એ જૂડો શીખવતા એક ચાઈનીઝ સેન્સુઈ(ગુરૂ) પાસે ગયો. પોતાના મનની વાત કરી. ગુરૂએ એના કપાયેલા ડાબા હાથ સામે જોઈ ઘડીક વિચાર કર્યો પછી એને જૂડો શીખવવાની હા પાડી. બીજા દિવસથી જ એને હાજર થઈ જવાનું પણ કહી દીધું.

છોકરો ખુબ જ ધગશવાળો હતો. પ્રથમ દિવસથી જ એ બધું જ ફટાફટ શીખવા માંડ્યો, પરંતુ ત્રણ મહિના પછી ગુરૂએ એને બીજા વિદ્યાર્થીઓથી અલગ પાડી દીધો. હવે ગુરૂએ એને ફક્ત એક જ દાવ શીખવવાનું શરૂ કર્યું. અન્ય વિદ્યાર્થીઓ ઘણા અલગ અલગ દાવપેચ શીખતા હતા, પરંતુ આ છોકરાને તો બસ દિવસરાત એક જ દાવની પ્રેક્ટિસ કરવી પડતી હતી. એને ખૂબ નવાઈ લાગતી. પણ એ તો ગુરૂ જેમ કહે તેમ ખંતથી પોતાની પ્રેક્ટિસ કરતો.

એવામાં એ પ્રદેશની સૌથી મોટી જૂડો સ્પર્ધાનું આયોજન થયું. બધા વિદ્યાર્થીઓએ ભાગ લેવાનું નક્કી કર્યું. ગુરૂએ આ છોકરાને બોલાવી સ્પર્ધામાં ભાગ લેવા માટે જણાવ્યું. પેલા છોકરાને નવાઈ લાગી કારણ કે એનો એક હાથ તો કપાયેલો હતો અને ગુરૂએ એને તો હજુ એક જ ચાલ બરાબર શીખવી હતી. એણે થોડી આનાકાની કરી, પરંતુ ગુરૂનો કડક આદેશ છતાં એણે ભાગ લેવાની હા પાડી.

જૂડોની સ્પર્ધા શરૂ થઈ. પેલો છોકરો ફાઈનલ સુધી પહોંચી ગયો. ફાઈનલમાં એનો પ્રતિસ્પર્ધી મોટો- ઊંચો અને હટ્ટો-કટ્ટો યુવાન હતો. જોવાવાળા બધાને થતું હતું કે આવડા રાક્ષસી શરીર ધરાવતા હરીફની સામે એક હાથવાળો છોકરો જીતી ગયો! જોનાર દરેકને નવાઈ લાગે એ તો બરાબર પરંતુ એ એક હાથવાળા છોકરાને ખુદને પણ નવાઈ લાગી!

ઘરે પાછા ફરતી વખતે એણે પોતાના સેન્સુઈને પૂછી જ લીધું કે, 'ગુરૂજી! હું ફક્ત એક જ દાવ બરાબર જાણતો હતો છતાં કઈ રીતે જીતી ગયો?'

ગુરૂ ધીમેથી હસીને બોલ્યા, 'દીકરા! તેં આ એક એવા દાવ પર પ્રભુત્વ પ્રાપ્ત કરેલું છે જે જૂડોમાં સૌથી અઘરો દાવ ગણાય છે અને એમાંથી બચવાનો એકમાત્ર ઉપાય તારો ડાબો હાથ પકડવાનો છે! એટલે કે તારો પ્રતિસ્પર્ધી જો તારો ડાબો હાથ પકડે તો જ એ આ ચાલમાંથી છટકી શકે! જે એના માટે શક્ય જ નહોતું! એટલે તારી જીત નક્કી જ હતી!'

પેલો છોકરો આશ્ચર્ય અને અહોભાવથી ગુરૂ સામે જોઈ રહ્યો. ગુરૂએ એની સૌથી મોટી ખામીને જ એની સૌથી મોટી ખૂબી બનાવી દીધી હતી!

- ડૉ.આઈ.કે.વીજળીવાળા

## એકાએક હિમસ્ખલનને કારણે એક વાહનમાં સાત લોકો અને બે રાહદારીઓ ખીણમાં પડી ગયા હતા



શ્રીનગર

કુપવાડામાં સીમા પાસે આવેલા તંગધાર સેક્ટરમાં થયેલા હિમપ્રપાતમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનમાં ૮ લોકોના મૃતદેહ મળ્યા છે. તેમાં એક એન્જિનિયર પણ સામેલ છે. આ માહિતી કાશ્મીરના ડિવિઝલ કમિશ્નર અહેમદ ખાને આપી છે. ઓફિશિયલ્સના જણાવ્યા પ્રમાણે સાધના ટોપ એરિયા પાસે શુક્રવારે હિમપ્રપાત થયું હતું. તેમના મત પ્રમાણે આ એવલોન્ચમાં એક કેબ અને બે પગેથી ચાલી રહેલા લોકોના મોત થયા છે. કેબમાં સાત લોકો બેઠા હતા. નોંધનીય છે કે, ૧૨ ડિસેમ્બરે કુપવાડામાં હિમપ્રપાત થયો હતો અને તેમાં એક જવાનનું મોત થયું છે. રેસ્ક્યૂ ટીમે કેબમાંથી એક બાળકને સુરક્ષીત રીતે બહાર કાઢવામાં આવ્યો છે. જ્યારે અન્ય છ યાત્રીઓ ગુમ છે. એક પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે જ્યારે હિમપ્રપાત થયો ત્યારે બીઆરઓના પણ ત્રણ કર્મચારીઓ હાજર હતા. ઘટનામાં એક એન્જિનિયર મંગલા પ્રસાદનું મોત થઈ ગયું છે. તેમનો મૃતદેહ મળી ગયો છે. અન્ય ૮ લોકોને શોધવામાં આવી રહ્યા છે. કાશ્મીરના કુપવાડા અને બાંદીપોરામાં પણ થોડા દિવસ પહેલાં હિમપ્રપાત થયો હતો. તેમાં પાંચ જવાન ગુમ થયા હતા. નૌગામ સેક્ટરમાં થયેલા સ્નોફોલમાં ગુમ બે જવાનોમાંથી એકનું બોડિ મળી આવ્યું છે. બાદીપોરાના ગુરેજ સેક્ટરમાં થયેલા હિમપ્રપાતમાં ત્રણ સૌનિકો બરફ નીચે દબાઈ ગયા હતા.

## પાલનપુરના મહેમાન બનતા ફિલ્મી અભિનેતા આમીરખાન

# બોલિવૂડ એક્ટર આમિરખાને પાલનપુરીઓને કહ્યું નમસ્તે





સંજય જોષી

પાલનપુર

બોલિવૂડના જાણીતા અભિનેતા આમીરખાન આજે પાલનપુરના મહેમાન બન્યા હતા. પાલનપુરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિર ટ્રસ્ટને ૭૦ વર્ષ પૂર્ણ થતા આયોજિત ઉજવણીમાં ભાગ લેવા તેઓ આવ્યા હતા. જગાણા ખાતેના હેલીપેડ ખાતે ઉતરાણ કર્યા બાદ આમીરખાન મોટર માર્ગે પાલનપુર પહોંચ્યા હતા. અભિનેતા આમિર ખાને પાલનપુરવાસીઓને નમસ્તે કહ્યું હતું. શૈક્ષણિક સંસ્થાને ૭૦ વર્ષ પૂર્ણ થતા ૬-૭ જાન્યુઆરીએ ઉજવણી રાખવામાં આવી હતી. જેમાં ભાગ લેવા અભિનેતા આમીરખાન પણ આવી પહોંચ્યા હતા. જગાણાના હેલિપેડ ખાતે હેલિકોપ્ટર મારફતે આમિરખાન આવી પહોંચ્યા હતા. જ્યાં તેઓએ મીડિયા સાથેની મુલાકાતમાં અગાઉ પોતાની ફિલ્મના પ્રમોશન માટે તેઓ પાલનપુર આવી ચુક્યા હોવાનું જણાવી ફરીવાર પાલનપુર આવ્યા હોઈ પાલનપુરીઓનું "નમસ્તે" કહી અભિવાદન કર્યું હતું. પાલનપુરની શૈક્ષણિક સંસ્થામાં આવેલા આમીરખાનએ દિવ્યાંગ બાળકો સાથે

અનુસંધાન પાના નં.૬

### શૈક્ષણિક સંસ્થાની ૭૦ વર્ષની ઉજવણીમાં હાજર રહેલા આમિરખાને દિવ્યાંગ બાળકો સાથે કર્યો વાર્તાલાપ

## ગુજરાતભરમાં તીવ્ર ઠંડીનો ચમકારો : નલિયામાં ૮.૫

### અમદાવાદ શહેરમાં પણ ઠંડીથી જનજીવન ઉપર અસર ગાંધીનગરમાં પારો ૮.૬ અને વડોદરામાં ૧૦ ડિગ્રી થયો

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતભરમાં પણ હાલમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આજે અમદાવાદ, ગાંધીનગર, અમરેલી, નલિયા, ભુજ સહિતના વિસ્તારોમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું. આજે મોટાભાગના વિસ્તારો માં પારો ૧૧થી નીચે પહોંચ્યો હતો. જનજીવન ઉપર પણ માઠી અસર થઈ હતી. અમદાવદામાં તાપમાનમાં હજુ પણ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. રાત્રિ ગાળામાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૯.૭ ડિગ્રી થયું હતુ જ્યારે ગાંધીનગરમાં ૮.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. નલિયામાં ૮.૫, ડિસામાં ૧૦.૮, વડોદરામાં ૧૦, વલસાડમાં ૧૦.૬ સુધી પારો પહોંચી ગયો હતો. અમરેલીમાં લઘુત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી નોંધાયું હતું. રાજયમાં ઉંમરલાયક વૃધ્ધોની સાથે બાળકો અને શ્વાસને લગતી વિવિધ બીમારીનો શિકાર એવા લોકો માટે વહેતા થતા ઠંડા પવનોને કારણે મુસીબતમાં વધારો થવા પામ્યો છે આ ઉપરાંત રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, પૂર્વીય અફઘાનિસ્તાનની સાથે પાકિસ્તાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાવા પામ્યુ છે.

### યોગી આદિત્યનાથના સિદ્ધારમૈયા ઉપર પ્રહારો

## હિન્દુઓની તાકાત જોઇ હવે કોંગીને હિન્દુત્વ યાદ આવ્યું

### બેંગ્લોરમાં આયોજિત કાર્યક્રમમાં યોગીના પ્રહારઃ ગુજરાત અને હિમાચલ બાદ કર્ણાટકમાં ભગવો લહેરાવવા તૈયારી

બેંગ્લોર

કર્ણાટકમાં આ વર્ષે યોજાનાર વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપે જોરદાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના નેતૃત્વમાં કોંગ્રેસ સરકારને ભીંસમાં લેવા માટે ભાજપે રણનીતિ અપનાવી લીધી છે. પોતાને ૧૦૦ ટકા હિન્દુ બતાવનાર સિદ્ધિ રમૈયાના નિવેદન ઉપર યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે વળતા પ્રહાર કર્યા હતા. બેંગ્લોરમાં આયોજિત નવ કર્ણાટક પરિવર્તન રેલીમાં યોગીએ કહ્યું હતું કે, કર્ણાટકના મુખ્યમંત્રી નિવેદન આપી રહ્યા છે કે તેઓ હિન્દુ છે. આજે જ્યારે હિન્દુઓની તાકાત દેખાઈ રહી છે ત્યારે તેમને હિન્દુત્વ યાદ આવે છે. જેમ રાહુલ ગાંધીને ગુજરાત ચૂંટણી દરમિયાન મંદિરો યાદ આવી રહ્યા હતા. હિન્દુત્વ ભારતની જીવન પદ્ધતિ છે. હિન્દુત્વ કોઇ જાતિ, મત અથવા તો ધર્મ નથી. બલ્કે ભારત મુજબ જીવન જીવવાની કલા છે. યોગીએ આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. તેમણે કહ્યું હતુ કે, જો સિદ્ધા રમૈયા હિન્દુ છે તો ગૌમાંસ ખાવાની તરફેણ કેમ કરી રહ્યા છે. કર્ણાટકમાં જ્યારે ભાજપની સરકાર હતી ત્યારે ગૌ સંરક્ષણ માટે બિલ લાવવામાં આવ્યું હતું પરંતુ કોંગ્રેસે તેને રોકી દીધું હતું. યોગીએ ઉમેર્યું હતું કે, જ્યારે ચૂંટણી આવે છે ત્યારે કોંગ્રેસને હિન્દુઓની તાકાત દેખાઈ આવે છે.

### કૃષિ આવકને વધારવાને પણ પ્રાથમિકતા અપાશે

# મોદી સરકાર રોજગારી પર સર્વોચ્ચ ધ્યાન કેન્દ્રિત કરશે

### વર્ષ ૨૦૧૯માં યોજાનાર ચૂંટણી પહેલા કૃષિ, રોજગારી, શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્ર ઉપર વિશેષ ધ્યાન અપાશે

નવીદિલ્હી

વર્ષ ૨૦૧૯માં યોજાનાર સામાન્ય ચૂંટણી પહેલા સરકાર હવે સુધારાઓથી ધ્યાન હટાવીને નોકરી ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. રોજગારીને લઈને સરકાર ગંભીર દેખાઈ રહી છે. વિકાસની ગતિને વધારવા, રોજગારીને વધારવા અને કૃષિ આવકને સુધારવા પર સરકાર ધ્યાન કેન્દ્રિત કરવા જઈ રહી છે. આની અસર ટૂંક સમયમાં જ દેખાશે. એક અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. વૈશ્વિક નાણાંકીય સર્વિસ સંસ્થાના કહેવા મુજબ મોદી સરકારની પ્રાથમિકતા હવે સુધારાઓથી હટીને રોજગારી ઉપર કેન્દ્રિત થશે. ગ્રોથના આં-કડા ઉપર ધ્યાન આપવામાં આવશે. જીએસટીને અમલી બનાવવામાં આવ્યા બાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે, મોદી સરકાર સુધારાઓથી ધ્યાન હટાવીને પોલિસી અમલીકરણ ઉપર કેન્દ્રિત કરશે અને ચોક્કસ પોલિસી પહેલને વળગી રહેશે પરંતુ હવે રોજગારી વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની દિશામાં સરકાર આગળ વધનાર છે. ૨૦૧૯માં સામાન્ય ચૂંટણી યોજાશે. આવી સ્થિતિમાં લોકો વધુ સંતુષ્ટ થાય તેવા પ્રયાસ કરવામાં આવનાર છે.

### પૂરમાં પાક નિષ્ફળની સહાય મેળવ્યા બાદ મગફળીના વેચાણમાં પણ કટકી

# કાંકરેજ તાલુકામાં ટેકાના ભાવે મગફળી ખરીદીનું મસમોટું કૌભાંડ

### ગતિશીલ- ડીજીટલ યુગમાં સહાય અને મગફળી વેચાણની 'ક્રોસ' તપાસ થશે ખરી?

તા.પ્રતિનિધિ થરા

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકામાં ભ્રષ્ટ- નબળી નેતાગીરીના કારણે ખેડુતો- ગરીબો, વિધવા, પશુપાલકો અને વિદ્યાર્થીઓના નામે સરકારી સહાય ભ્રષ્ટાચારીઓ હડપ કરી રહ્યા છે. બનાસ નદીની રેતીને લીલાછમ વૃક્ષોનો રાત- દિવસ ખાત્મો થતો હોવાની જાણ થતાં આજ દિવસ સુધી તપાસ નહીં થતા ભ્રષ્ટાચારીઓ બેફામ બન્યા છે. ગત ૨૪ મી જુલાઈ ૨૦૧૭ ના પૂર તાંડવથી આખા જિલ્લામાં જ નહી રાજ્યભરમાં હાહાકાર મચાવી દીધો હતો ને પૂરગ્રસ્ત નહી બનેલા ગામડા તાલુકામાં કેશડોલ્સને બીજી સહાય તલાટી ગ્રામસેવકો- સરપંચો- ટીડીઓની સાંઠગાંઠથી ચુકવાઈ. જેમાં મોટા નોકરીયાતો કરોડપતિઓના નામે પણ લેવાઈને ત્યારબાદ જમીન ધોવાણ પાક નિષ્ફળતાના નામે કરોડો રૂપિયાના ચુકવણાને આ કૌભાંડની પોલ કુદરત ખોલવા માંગતી હોય તેમ કાંકરેજ તાલુકામાં મગફળીના ટેકાના ભાવે ખરીદી શરૂ થઈ તો જમીન ધોવાણ- પાક નિષ્ફળતાની મોટી સહાય મેળવનાર ખેડુતોની મબલખ મગફળી વેચાણાર્થે બજારમાં આવતા સાચા ખેડુતો દંગ થઈ ગયા કે આ ચમત્કાર કોના ઈશારે થયો? ઘાસચારામાં બિહારના મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવને સાડા ત્રણ વર્ષની કેદને ૧૦ લાખનો દંડ થયો તો કાંકરેજ તાલુકામાં ખેડુતોના નામે મગફળીમાં સૌથી મોટુ કૌભાંડ થયું હોવા છતાં કોઈ જ તપાસ શુદ્ધાં થઈ નથી. ટેકાના ભાવે મગફળી ખરીદનાર સંઘ- બનાસડેરી કે રાજયની બીજી સંસ્થાએ કયા ખેડુતના ખાતામાં જમીન ધોવાણ- પાક નિષ્ફળતાના નામે કેટલા જમા થયા?? શું આ સમગ્ર કૌભાંડ રાજ્ય સરકારના ઉચ્ચ નેતાઓના ઈશારે ચાલી રહ્યું છે? કાંકરેજ તાલુકામાં બનાવટી દુધનું કૌભાંડ પણ મોટા પાયે ચાલે છે. ત્યાં આ મગફળી ટેકાના ભાવે ખરીદી ચાલુ થઈ. ત્યારથી અત્યાર સુધી કયા ખેડુતે કેટલી વેચી? આ સમગ્ર કૌભાંડમાં તલાટી- ગ્રામસેવકોની મોટી સંડોવણી હોવાની ચોંકાવનારી હકીકત બહાર આવી રહી છે. કોના ખેતરમાં કયો પાક વાવ્યો તેની ખરાઈ કરી દાખલા કોણે આપ્યા? શું મગફળી કૌભાંડની તપાસ જમીન ધોવાણ, પાક નિષ્ફળતાના ચુકવણાની ક્રોસ એન્ટ્રી રીત ચેક કરીને થશે?? આ કૌભાંડમાં સંડોવાયેલા કાંકરેજ તાલુકાના લાલુ પ્રસાદને ખરેખર ખેડુતો સજા કરાવવામાં સફળ થશે ખરું?? ઉચ્ચ અધિકારી - રાજ્ય સરકાર ખરેખર સાચી તપાસ કરશે.??

અનુસંધાન પાના નં.૬

# તેલ કિંમતમાં ઉછાળા વચ્ચે દલાલ સ્ટ્રીટમાં ભારે ઉથલપાથલ થઈ શકે

મુંબઈ

શેરબજારમાં આવતી કાલથી શરૂ થતા નવા કારોબારી સપ્તાહ દરમિયાન જુદા જુદા અનેક પરિબળોની અસર માર્કેટ પર જોવા મળી શકે છે. કમાણીના આંકડા અને તેલ કિંમતોની બજાર પર સીધી અસર થનાર છે. ત્રિમાસિક ગાળા (ઓક્ટોબર- ડિસેમ્બર ગાળા)ના તેમના નાણાંકીય પરિણામો જાહેર કરવાની શરૂઆત ઈન્ડિયા ઈંક દ્વારા કરવામાં આવનાર છે. તેના પર તમામ કારોબારીઓની નજર રહેશે. ઓછા જીડીપીની કરવામાં આવેલી આગાહીની સીધી અસર પણ બજાર જોવા મળી શકે છે. ક્રુડ ઓઈલની કિંમતમાં વધારો, ઈરાકમાં કટોકટી સહિતના પરિબળોની અસર પણ જોવા મળી શકે છે. શુક્રવારના દિવસે એસએન્ડપી બીએસઈ સેંસેક્સ ૧૮૪ પોઈન્ટ ઉછળીને ૩૪૧૫૪ની સપાટી પર રહ્યો હતો. પ્રાઈવેટ સેક્ટર બેંક યશ બેંકના શેરમાં પાંચ ટકાનો ઉછાળો રહ્યો હતો. નેશનલ સ્ટોક ઈન્ડેક્સ નિફ્ટીમાં ૫૪ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૦૫૫૮ની રહી હતી.



**વાવ શહેરમાં જય - ધરણીધર ટાઈલ્સ & સેનેટરી માર્બલ ગ્રેનાઈટ મળશે**

શું તમે નવું ઘર બનાવો છો ? અને ઘરમાં ટાઈલ્સ ફીટીંગ કરાવાના છો ? તો એકવાર વાવ શહેરના અમારા શો-રૂમની અવશ્ય મુલાકાત કરો.

અમારે ત્યાંથી વિટ્રીફાઈડ ટાઈલ્સ, વોલ ટાઈલ્સ, ફ્લોર ટાઈલ્સ, પાર્કિંગ ટાઈલ્સ, ચાઈના મોજેક ટાઈલ્સ, સેનેટરીવેર, કિચન સીંક, સીપી ફીટીંગ, માર્બલ ગ્રેનાઈટ, કોટા એન્ડ કલર હોલસેલમાં મળી રહેશે.

પ્રો.આચાર્ય ભુરાભાઈ જે. - પૂર્વ ડે.સરપંચ (ભડવેલવાળા) મો.૯૯૭૯૩૧૬૫૩૮
જોષી વાઘજીભાઈ બી. (દેલવાડાવાળા) મો.૯૯૦૯૯૧૮૦૮૯
ઠે.ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ, સરસ્વતી વિદ્યાલયની સામે,
વાવ-સુઈગામ હાઈવે રોડ, મુ.પો.વાવ, તા.વાવ. જિ.બ.કાં.

CMYK

**સૂર્યોદય - ૭.૨૪ સૂર્યાસ્ત - ૬.૯**

## તિથિદર્શન

પોષ વદ-૭ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ વદ : સાતમ સોમવાર નક્ષત્ર:હસ્ત રાત્રે ૧.૪૬ પછી ચિત્રા યોગ :અતીગંડ કરણ :બાલવ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**શુભં ચાપ્યશુભં કર્મ ફલકાલમપેક્ષતે**
**શરધેવ ફલત્યાશુ શાલિનં સુરભૌ કચિન**

'સારું અથવા ખરાબ કર્મ તેનું ફળ- પરિણામ આપવા માટે સમયની અપેક્ષા સેવે છે અર્થાત્ તેને પરિપક્વ થવાના સમયની જ રાહ જુએ છે. ડાંગર શરદઋતુ આવે ત્યારે જ પાકે છે, વસંતઋતુમાં એ કદી મહોરી ઊઠતી નથી.'

કર્મયોગનો સિદ્ધાંત છે :આજે કે વર્ષો પહેલાં કે જન્મો પહેલાં કરેલાં કુકર્મો કે સત્કર્મો જ્યારે તેનો સમય થાય ત્યારે જ પાકે અને તેનાં ફળ મળે જ છે.

ડૉ.મનમોહનસિંઘે તટસ્થ રહી- સ્વચ્છ રહી કોંગ્રેસ પક્ષ અને નેહરુ પરિવારની આજન્મ સેવા કરી તો તેમને કલ્પનામાં પણ નહીં હોય તે વડાપ્રધાનપદ પ્રાપ્ત થયું. પ્રભાવતીબેને સોનિયા ગાંધીને ત્યાં નિષ્ઠાપૂર્વક સેવાભાવથી રસોઈ કરી તો 'રાષ્ટ્રપતિ' થઈ ગયાં...

એન.ડી.તિવારી રાજ્યપાલ હતા ત્યારે પોતાની કામવાળી સાથે જે દુરાચાર કર્યાં તેનું ફળ ૪૦-૪૫ વર્ષે બદનામી સાથે ભોગવવું પડ્યું. ભગવાનને ઘેર 'દેર' હોય એવું આપણને દૂરથી લાગે છે પણ અંધેર તો નથી જ. અહીંના કર્મો- કુકર્મો અહીં જ ભોગવવાં પડે છે. ઈશ્વરીય સમય- પત્રકનો આપણને સાચો અંદાજ નથી એટલે અન્યાય જેવું લાગે છે, બાકી સમય સાથે તેનાં પરિણામ નિશ્ચિત મળે જ છે.

## શ્રી કૃષ્ણ મહિલા મંડળ થરા દ્વારા કસ્તુરબા ગાંધી બાલીકા વિદ્યાલયમાં તીથી ભોજન અપાયું



યશપાલસિંહ ટી.વાઘેલા

તા પ્રતિ. થરા

થરામાં શ્રી કૃષ્ણ મહિલા મંડળની વૃધ્ધ મહિલાઓ અનેક સેવાકીય કાર્ય કરી રહી છે. ભજન સત્સંગ કરી જે ફાળો મળે તેમાંથી ગરીબોને ભોજન, ગાયો માટે ઘાસ, કુતરા માટે રોટલા, પંખીને ચણ, શાળાઓમાં તીથી ભોજન વિગેરે જેવી સેવાકીય પ્રવૃતિઓ કરે છે. જે અનુસંધાને કસ્તુરબા ગાંધી બાલીકા વિદ્યાલય થરામાં શ્રી કૃષ્ણ મહિલા મંડળ દ્વારા બાળકોને તીથી ભોજન આપવામાં આવેલ સંસ્થાના આચાર્ય શ્રીમતી દિપીકાબેન સુમેરા, દર્શનાબેન પટેલ, દિપીકાબેન પ્રજાપતિ-વિસનગરવાળા એ પીરસેલ તથા શાળા પરિવારે શ્રી કૃષ્ણ મહિલા મંડળના ગં.સ્વ. ચંપાબેન કેશાભાઈ પ્રજાપતિ, મથુબેન એ.ત્રિવેદી દક્ષાબેન એન.જોષી, બબીબેન એમ. જોષી, લીલાબેન દરજી, કડવીબેન દરજી, તારાબેન મોચી, મધીબેન મોચી વિગેરનો આભાર માનેલ.

## આજનો દિન મહાન - યશવંત કડીકર

મહાન રશિયન સાહિત્યકાર એન્ટન ચેખોવનો જન્મદિન છે. ફકત ૪૪ વર્ષની વયે જ જગતને અલવિદા કરી જનાર આ યશસ્વી સર્જકનો જન્મ તા. ૭-૧-૧૮૬૦ ના રોજ રશિયાના એક ખેડૂત કુટુંબમાં થયો હતો.

વ્યવસાયે તેઓ ડોકટર હતા એટલે જ તેઓ લોકસંપર્કમાં આવેલા. એમની સર્જનશક્તિની પરાકાષ્ઠા એમની ટુંકી વાર્તાઓમાં જોવા મળે છે.

૧૯ મી સદીના આ સુપ્રસિધ્ધ નવલિકાકાર અને નાટયકારનું ૧૯૦૪માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

**મિથુન**

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા**

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા**

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન**

આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન**

કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## ભાભરમાં રામચરિત માનસ કથા યોજાઈ



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર ખાતે આવેલ મહાલક્ષ્મી સોસાયટીમાં કેશરીયા હનુમાનજી મંદિરે રામચરિત માનસ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના રસપાન માટે ભાભર શહેરમાંથી મોટી સંખ્યામાં ભક્તો જોડાય છે.

## ડીસામાં શ્રીનાથજીની હવેલીમાં શ્રી મધુરાસ્ટકમનું આયોજન

ડીસા

ડીસાના ગુલબાણીનગર ખાતે આવેલ શ્રીનાથજીની હવેલી ખાતે તા.૨૯/૧૨/૨૦૧૭ ને શુક્રવારના રોજ એકાદશીના દિવસે ડૉ.સંજયભાઈ ગાંધી અને ડૉ.મોનાબેન ગાંધી દ્વારા મહાપ્રભુજી વલ્લાભાચાર્ય રચિત શ્રી મધુરાષ્ટકમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે પ્રસંગે પુષ્ટિમાર્ગ અને શ્રીમદ્ ભગવદ્ ગીતાનુ વિષય ઉપર વિશાલ સોનગરાએ આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક પ્રવચન આપ્યુ હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## થરાદની ગુરુકુળ વિધામંદીરનું ગૌરવ

થરાદ

થરાદની જયવીર સ્કુલ ઓફ સાયન્સ સ્કુલમાં શુક્રવારે શહેરની તમામ પ્રાથમિક શાળાઓ દ્વારા સાંસ્કૃતિક સંગમ (પ્રતિભાશોધ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ શહેરની ગુરૂકુળ વિધામંદીર સહિત ૧૦ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં કિવઝ,વિશિષ્ઠ કૌશલ્ય તથા મૌખિક ગણતરી સ્પર્ધામાં પ્રથમ તથા દેશી લગ્નગીત સ્પર્ધામાં દ્રિતીય તથા ચિત્ર અને રંગોળી સ્પર્ધામાં તૃતીય નંબર મેળવ્યો હતો. ગૌરવ વધારવા બદલ શાળાના પ્રમુખ દશરથભાઈ દવેએ સતત ત્રણ વર્ષથી આ સિધ્ધીઓ મેળવવા બદલ બાળકોને તથા તેમને તૈયાર કરનાર શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## ડીસા અર્બુદા વિદ્યાલય દ્વારા કચ્છનો પ્રવાસ યોજાયો

ડીસા

શ્રી અર્બુદા વિદ્યાલય ડીસામાંથી કચ્છ-દર્શન શૈક્ષણિક પ્રવાસનું આયોજન કવામાં આવ્યું હતું. જેમાં રણોત્સવ, માતનો મઢ, નારાયણ સરોવર, અંબેધામ, બોત્તેર જીનાલય, આઈના મેલ, માંડવી બીચ, શ્યામજી કૃષ્ણવર્મા જીવન દર્શન, જેસલ તોરલ સમાધી જેવા શૈક્ષણિક સ્થળો નિહાળ્યા હતા. અને ૩૧ મીના દિવસે પ્રવાસમાં ગરબાનું પણ આયોજન કર્યું હતું. આમ અર્બુદા વિદ્યાલયમાં સતત શિક્ષણ સાથે શૈક્ષણિક પ્રવૃત્તિઓ થતી રહે છે. આ શૈક્ષણિક પ્રવાસમાં ૪ બસો અને ૨૩૦ વિદ્યાર્થીઓ સાથે આયોજન કર્યું હતું. આમ આ સંપૂર્ણ પ્રવાસનું આયોજન શિક્ષક દિનેશભાઈ પટેલ મહાદેવ ભાઈ પટેલે કર્યું હતું.

## વડગામના લક્ષ્મીપુરામાં પોષી પુનમની ઉજવણી



વરવાડીયા રોડ તરફ આવેલ વડગામના લક્ષ્મીપુરા ખાતે અંબાજી માતાજી મંદિરે પોષી પુનમની ઉજવણી કરાઈ હતી સાંજે મહાઆરતી પછી દિવડાથી મંદિર સંકુલનું શુસોભન કરાયું હતું.

## ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીથી જનજીવન ઠપ્પ : ચારના મોત

નવી દિલ્હી

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ યથાવત રહ્યુ છે. ધુમ્મસની ચાદર ચારેબાજુ છવાયેલી છે. જેના કારણે વાહનવ્યવહાર પર માઠી અસર થઈ છે. ધુમ્મસ અને કાતિલ ઠંડીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. ૨૮ ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે અને ૭૩ ટ્રેનોને પ્રતિકુળ અસર થઈ છે. ૩૬ ટ્રેનો લેટ દોડી રહી છે.

## એમ.બી.બી.એસના ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ ગમન

ડીસા

ડીસા ધાન્ધાર મોઢ-મોદી- ડીસા- રાજપુરના મોદી બાબુલાલ ચંદુલાલ પરિવારના સુપુત્ર મોઢ અભય બાબુલાલ નાનપણથી જ ડૉક્ટર બની અને સમાજની સેવા કરવાનું સ્વપ્ન હતું. ધોરણ બાર પાસ કર્યા પછી, પોતાની ડૉક્ટર બનવાની ઈચ્છાઓ સાથે યુરોપીયન યુનિવર્સિટી ટીબીલીસી જ્યોર્જીસા, યુરોપખંડ, મુકામે પાંચ વર્ષના કોર્ષ માટે મેડીકલ લાઈનમાં જાય છે. તે સંદર્ભે ગતરોજ ડીસા ધાન્ધાર મોઢ મોદી- રાજપુર પરિવાર દ્વારા શુભેચ્છા સંદેશ તથા શ્રીફળ- પુષ્પ ગુચ્છ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં ડીસા રાજપુર સમાજના પ્રમુખ કિર્તિભાઈ મોદી, મંત્રી- અશ્વિનભાઈ મોદી તથા નટુભાઈ મોદી, અજીતભાઈ મોદી, વસંતભાઈ મોદી, શૈલેષભાઈ મોદી, મનીષ ભાઈ મોદી, પ્રકાશભાઈ મોદી, મુકેશભાઈ મોદી તથા કલ્પેશભાઈ મોદી તેમજ ચંદુભાઈ એ.ટી.ડી. હાજર રહ્યા હતા.

## થરાદની જયવીર સ્કુલ ઓફ સાયન્સમાં સાંસ્કૃતિક સંગમ કાર્યક્રમ યોજાયો



વિષ્ણુ દવે

થરાદ

થરાદની જયવીર સ્કુલ ઓફ સાયન્સ સ્કુલમાં શુક્રવારે શહેરની તમામ પ્રાથમિક શાળાઓ દ્વારા સાંસ્કૃતિક સંગમ (પ્રતિભાશોધ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦ શાળાઓએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં કિવઝ સ્પર્ધા,દેશી લગ્નગીત, નિબંધ લેખન,ચિત્ર સ્પર્ધા, રંગોલી, વિશિષ્ઠ કૌશલ્ય તથા મૌખિક ગણતરી જેવા કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં મહેમાન તરીકે જયવીર સ્કુલના પ્રમુખ લક્ષ્મણભાઈ રાવળ,સીઆરસી હરેશભાઈ,છાયાબેન બારોટ, કૃણાલભાઈ મેવાડા તેમજ અન્ય શાળઓના આચાર્યો અને શિક્ષકો તથા બહોળી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બાળકોને મંડળ તરફથી ચોપડો,બોલપેન તથા પ્રમાપત્ર અને ટ્રોફી આપવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીગુરુકુળ સ્કુલ, સંસ્કાર સ્કુલ, શારદા વિધામંદીર, જયવીર સ્કુલ તથા એમ એમ વિધામંદીર તરફથી કરવામાં આવ્યું હતુ.

## માલગઢ પે.કેન્દ્ર શાળામાં સ્વ. ચતરાજી ગોમાજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તિથિભોજન અપાયું



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

વડાવળ ગામે રહેતા સ્વ. ચતરાજી ગોમાજી સોલંકીના પરિવાર દ્વારા તેમની પૂણ્યતિથિ નિમિત્તે દર વર્ષે શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવે છે. સ્વ.ચતરાજી ગોમાજી ચેરીટેબલ ટ્રસ્ટ બનાવી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ આ પરિવાર દ્વારા કરવામાં આવે છે. ત્યારે ગતરોજ તા. ૬/૧/૨૦૧૭ ને શનિવારના માલગઢ પે.કેન્દ્ર શાળાના અંદાજીત એક હજાર બાળકોને તેમનું ભાવતુ ભોજન પીરસવામાં આવ્યુ હતું. સતત છઠ્ઠીવાર અલગ અલગ શાળામાં દર વર્ષે તિથિ ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે આ વર્ષે માલગઢની પે.કેન્દ્ર શાળામાં તિથિભોજ નનું આયોજન કર્યુ હતું. જેમાં સ્વ.ચતરાજી ગોમાજી સોલંકી પરિવારના છગનલાલ ચતરાજી સોલંકી, ખેમાજી ચતરાજી સોલંકી, શામળ ભાઈ ચતરાજી સોલંકી, ચુનીલાલ ચતરાજી સોલંકી તથા રમેશભાઈ ચતરાજી સોલંકીના તમામ સભ્યોએ તિથિભોજનના કાર્યક્રમમાં સહકાર આપ્યો હતો. આ પ્રસંગે તેમના સગાસંબંધી સ્નેહીજનો પણ ઉપસ્થિત રહી તિથિભોજનના કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. ત્યારે માલગઢ પે.કેન્દ્ર શાળાના આચાર્ય પણ આ પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો અને તિથિભોજન કાર્યક્રમમાં શાળા પરિવારે ખુબ સારો સહયોગ પુરો પાડ્યો હતો. આ તિથિભોજન કાર્યક્રમને સફળ બનાવવા પરિવારના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ભાભરમાં શાકોત્સવ યોજાયો



તા.પ્રતિનિધી ભાભર

ભાભર ખાતે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. અમદાવાદ નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્ર પ્રસાદજી મહારાજની આજ્ઞાથી કાલુપુર સ્વામિનારાયણ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણ દાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી ભાભરમાં ભવ્ય શાકોત્સવ પ્રસંગ યોજાયો હતો. જેમાં યજમાન તરીકે ગં.સ્વ. શંકુબેન નરભેરામભાઈ કાનાબાર (દેવકાપડીવાળા) રહ્યા હતા. ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંતો, મહંતો હાજર રહ્યા હતા.

## સ્નેહા

### મન દર્પણ

સ્નેહા ૨૪ વર્ષ ની સુંદર દેખાવડી અને સંસ્કારી યુવતી હતી. જોતાવેત ગમી જાય એવી, પણ ૧૦ થી ૧૨ છોકરાઓ જોવા આવ્યા અને જોઈને ગયા પછી સામેથી ના નો જવાબ આવતો, આથી પિતા કરસનભાઈ અકળાઈ જતા. કરસનભાઈ ના પત્ની લીલાબેન નું ૪ વર્ષ પહેલા અકસ્માત માં અવસાન થયેલું અને એમને સંતાન માં એક માત્ર દીકરી રૂપે સ્નેહા હતી. કરસનભાઈ પ્રાંતિજ માં પ્રથમિક શાળા માં શિક્ષક હતા અને લીલાબેન પણ ધાર્મિક ભાવના વાળા હતા એટલે સ્નેહા ના ઘડતર અને સંસ્કારો માં કોઈ કમી નહોતી.

કરસનભાઈ એ એક વાર સ્નેહા ને પૂછી પણ જોયેલું કે, બેટા તારા ધ્યાન માં કોઈ છોકરો હોય તો મને બતાવ, હું તને લગ્ન કરતા નહિ રોકું, પણ સ્નેહા નો એકજ જવાબ રહેતો, ના પપ્પા એવું કઈ નથી. તો કરસનભાઈ એમ કહેતા તો કેમ બધીય વાર સામેના પક્ષે થી ના નો જવાબ આવે છે? અને સ્નેહા એકજ જવાબ આપતી પપ્પા એમાં આપણે શું ખબર પડે પપ્પા, એમના મન માં શું છે? કરસનભાઈ એ બચત પણ સારી એવી કરેલી જેથી એમને સમાજ માં શોભે એવા લગ્ન કરવામાં કોઈ તકલીફ પડે એમ નહોતી. થોડા દિવસ પછી કરસનભાઈ ના દુરના મામા ના દીકરાએ એક સંબધ માટે સમાચાર મોકલ્યા, અને કહ્યું કે છોકરો સંસ્કારી અને દેખાવડો છે, અને પોતાનો વ્યવસાય પણ છે,પરંતુ તેના પિતા હયાત નથી. જો તમને અનુકુળ હોય તો આગળ વાત કરું. સ્નેહા એ સંમતી આપી એટલે મુલાકાત ની ગોઠવણ થઈ.

નિર્ધારિત દિવસે અપૂર્વ એની બહેન કેતકી, અને મમ્મી વાસંતીબેન સ્નેહા ને જોવા માટે આવ્યા. કરશનભાઈ એ મીઠો આવકાર આપ્યો અને સ્નેહા એ બધાય ની સરસ સરભરા કરી. અપૂર્વ એ અભ્યાસ માં સ્નાતક કરેલું અને અભ્યાસ પૂરો કાર્ય પછી પિતા ના રેડીમેડ ગારમેન્ટ ના વ્યવસાય માં જોડાઈ ગયેલો. એમને અમદાવાદ માં રેડીમેડ ગારમેન્ટ ની મોટી દુકાન, અને વર્ષો થી સેટ થઇ ગયેલી એટલે અપૂર્વ ને કઈ વધુ મહેનત કરવાની નહોતી. પરંતુ અપૂર્વ ના વ્યવસાય માં જોડાયા ના એક વર્ષ પછી પુષ્કરભાઇ નું હૃદયરોગ ના હુમલા માં અવસાન થયેલું એટલે એના શિરે પરિવાર ની જવાબદારી આવી ગયેલી.

પુષ્કરભાઈ અને વાસંતીબેન ને સંતાનો માં એક દીકરો અપૂર્વ અને દીકરી કેતકી હતી. કેતકી અપૂર્વ કરતા મોટી અને એના લગ્ન થઇ ગયેલા. કેતકી પણ સુંદર અને સંકરી અને બધાય સાથે ભળી જાય એવી હતી. એ દિવસે અપૂર્વ અને સ્નેહા એ વાત કરી એના કરતા કેતકી એ સ્નેહા સાથે વધુ વાત કરી અને બંને એવા હળીમળી ગયા કે જાણે બંને બહેનો ના હોય? પણ અપૂર્વ સ્નેહા સાથે એકાંત માં વાત કરી ને આવ્યા પછી થોડો મુઝાયેલો રહેતો હોય એવું વાસંતીબેન ને એના ચહેરા ઉપર થી લાગ્યું. કેતકી તો હસતા હસતા એવું પણ બોલી ગઈ કે સ્નેહા અને અપૂર્વ ની જોડી જામે એવી છે.

કરસનભાઈ ને પણ પહેલી નજરે અપૂર્વ ગમી ગયેલો અને મન માં ભગવાન ને એવી પ્રાથના કરેલી કે આ સંબંધ માં સામેથી હા આવે તો સારું. વાસંતીબેને કરસનભાઈ ને એટલું કહ્યું કે અમે અપૂર્વ ની સાથે ચર્ચા કરી ને જવાબ આપીશું. બે દિવસ વીતી જવા છતાં અપૂર્વ એ કોઈ જવાબ ના આપ્યો એટલે એક સાંજે વાસંતીબેન બોલ્યાઃ શું કારણ છે કે તું થોડો મને મુઝાયેલો દેખાય છે? કેમ સ્નેહા નથી ગમતી તને? સાથે કેતકી એ પણ કીધું આવી છોકરી અપૂર્વ તને નહિ મળે. તું હા કહી દે. સ્નેહા ના ઘરવાળા તરફ થી તો આપણે જોઈને સાંજે આવ્યા ત્યારેજ હા આવી ગઈ છે. હવે આપણે જવાબ આપવાનો છે. આખરે અપૂર્વ એ કીધું મમ્મી એવું નથી સ્નેહા મને પણ ગમે છે પણ એની એક શરત છે એટલે હું થોડો મુઝવ છુ, વાસંતીબેન બોલ્યા શું શરત છે? એ તો કહે આપણ ને ઠીક નહિ લાગે તો આપણે ના કહી દઈશું. અપૂર્વ બોલ્યો કે સ્નેહા નું એવું કહેવું છે કે એની મમ્મી લીલાબેન હયાત નથી એટલે લગ્ન પછી એના પપ્પા એકલા પડી જાય... એટલે સ્નેહા એ એક માંગણી કરી છે કે જ્યાં સુધી પપ્પા જીવે ત્યાં સુધી હું મહિના માં એક થી બે વાર મારા પપ્પા ને મળવા જઈશ અને વર્ષ માં મારા પપ્પા ને એક વાર મારા ઘરે એક બે અઠવાડિયા રહેવા લાવીસ બસ આ શરત મંજુર હોય તોજ હું લગ્ન કરવા માગું છુ નહીતર મારે લગ્ન કરવા નથી. અને સાથે એમ પણ કહ્યું કે આ વાત તમારે મારા પપ્પા ને કરવાની નથી.

આટલી વાત સાંભળી ને કેતકી બોલીપડી કે એમાં શું વાંધો છે? એ તો આપણે સ્નેહા ની જગ્યાએ હોઈએ અને વિચારીએ તો ખબર પડે. પણ વાસંતીબેન કશુય બોલ્યા નહિ અને ચુપચાપ બેસી રહ્યા. કેતકી ને એમ કે મમ્મી હમણા કઈક બોલશે પણ વાસંતીબેન કાંઈજ ના બોલ્યા એટલે કેતકી થી ના રહેવાયું. મમ્મી કેમ તું કશુજ બોલાતી નથી કઈક તો કહે. થોડી વાર પછી વાસંતીબેન બોલ્યા કે સ્નેહાએ જો શરત મૂકી છે તો આપણે પણ શરત મુકીએ જો એમને મંજુર હશે તો આપણે હા પડીશું નહીતર આપણા તરફ થી પણ ના કહી દઈશું. બે દિવસ પછી વાસંતીબેને કરશનભાઈ ને ફોન કરીને જણાવ્યું કે તમે સ્નેહા ને લઈને અમારા ઘરે આવો પછી આગળ વાત.આબાજુ કેતકી અને અપૂર્વ વિચાર માં પડી ગયા કે મમ્મી ને વળી કેવી શરત મુકવી છે? અને ત્યાં કરશનભાઈ અને સ્નેહા વિચારવા લાગ્યા કે વાસંતીબેને એમ કેમ કહ્યું કે એક વાર તમે અહી આવો પછી આગળ વાત...

બે દિવસ પછી સ્નેહા કરશનભાઈ ની સાથે અપૂર્વ ના બંગલે આવી. વાસંતીબેન ઉમળકા ભેર આવકાર આપ્યો અને કેતકીએ બધાય ની ખુબજ સરસ સરભરા કરી. થોડી આડીઅવળી વાતો પછી વાસંતીબેન બોલ્યાઃ જુઓ કરશનભાઈ અમને સ્નેહા પસંદ તો છે.. પણ.. જો તમને મારી એક શરત મંજુર હોય તો અમારા તરફથી હા સમજવાની નહીતર ના ...અપૂર્વ અને સ્નેહા ના લગ્ન પછી તમારે ત્યાં પ્રાંતિજ માં એકલા રહેવાનું નથી પરંતુ તમારે અમારી સાથે અહી આ બંગલા માં રહેવાનું છે. બંગલો ખુબ મોટો છે એટલે તમને અગવડ નહિ પડે અને હા મારી પાસે બીજો એક વિકલ્પ પણ છે. કદાચ તમને દીકરીને ત્યાં રહેવામાં સંકોચ થતો હોય તો અમારો એક બીજો બંગલો અહીંથી ૧૦ મિનીટ ના અંતરે છે એટલે તમે ત્યાં પણ રહી શકો છો. એ બંગલો એમ પણ બંધ હાલત માં છે કોઈને ભાડે પણ નથી આપતા. હું આ બાબત માં તમારા તરફ થી ના તો સાંભળવા માગતી જ નથી અને સ્નેહા અને અપૂર્વ ને દુખી કરવા પણ બિલકુલ માગતી નથી.

અને વાસંતીબેન સ્નેહા સામે જોઇને બોલ્યા : બેટા આટલી નાની વાત માં તું મુઝતી હતી. જેટલો તારો હક તારા પપ્પા પર છે એટલો અપૂર્વ નો પણ છે. કરસનભાઈ તો વિચાર માં પડી ગયા કે આ બધુય શું ચાલી રહ્યું છે? વાસંતીબેને કરસનભાઈ ની વિચાર મગ્ન અવસ્થા તોડતા સઘળી વાત કહી અને બોલ્યા કે મારે આવી દીકરી જોઈએ છે વહુ નહિ. આજે મારે એક નહિ બે દીકરીઓ છે કેતકી અને સ્નેહા.

વાસંતીબેન ની સઘળી વાત સાંભળી ને કરશનભાઈ ની આંખ માં પાણી આવી ગયા અને હવે એમને સમજાયું કે અત્યાર સુધી જે છોકરા સ્નેહા ને જોઇને જતા હતા અને શા માટે સામેથી ના પડતા હતા. સ્નેહા પણ કરશનભાઈ ની સામે જોઇને રડી પડી અને કરસનભાઈ ને વળગી ગઈ. વાસંતીબેન ઉભા થયા અને સ્નેહા ને માથે હાથ ફેરવ્યો અને સ્નેહા વાસંતીબેન ને પગે લાગી, તો વાસંતીબેને સ્નેહા ને ગળે લગાવી. આજે સ્નેહા ને માં અને બાપ બંનેનો પ્રેમ એક લાંબા સમય ના અંતરાલ પછી એક સાથે મળ્યો હતો. આજે બધાય ની આંખ માં આંસુ હતા પણ એ આંસુ પ્રેમ ના હતા ...

-મંજુ પ્રજાપતી

# ગાયત્રી સંસ્કાર કેન્દ્ર માલગઢ દ્વારા શિક્ષકો માટે વિશેષ શિબિર યોજાઇ

### શિક્ષણ એક પાવરફુલ હથિયાર છે કે જે વ્યક્તિ અને સમાજને બદલી શકે છે



નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવલ

ગાયત્રી સંસ્કાર કેન્દ્ર દ્વારા ચાલી રહેલા પંચવર્ષીય ગુરુ દક્ષીણા આયોજનના ભાગ રૂપે ૨૪ ગામો ની ૪૮ શાળાના શિક્ષકો માટે વિશેષ શિબિર શનિવારના રોજ માલગઢ ખાતે સંપન્ન થઈ . આ નૈતિક શિક્ષા શિબિર માં કેન્દ્ર ના મુખ્ય મથક શાંતિકુંજ હરિદ્વાર ની દેવ સંસ્કૃર્તિ વિશ્વ વિદ્યાલયના પ્રતિ કુલપતિ ર્ડો. ચિન્મય પંડ્યાએ ઓડિયો સંદેશ દ્વારા શિક્ષાની સાથે વિદ્યાની આવશ્યકતા પર ભાર મુક્યો હતો. તેઓ કાર્યશાલાને નવી સંભાવના બતાવી. આ આયોજનથી શિક્ષ-કો દ્વારા વિદ્યાર્થીઓ માં વિચાર ક્રાંતિ ઉદભવશે એવો વિશ્વાસ જતાવ્યો. આ પ્રસંગે શાંતિકુંજ હરિદ્વારના પ્રતિનિધિના રૂપે યુથ મોટીવેટર કિરણ પટેલે જનમેદનીને સંબોધતા જણાવ્યું કે આજની શિક્ષણ પદ્ધતિ રોટલો કમાતા શીખવાડે છે પરંતુ તેને પચાવવાની ક્ષમતા તો વિદ્યાથી જ પ્રાપ્ત થઇ શકે એમ છે. તેઓએ કહયું હતું કે ઋષિઓના જમાનામાં શિક્ષા આપવી એ એક ધર્મ હતો જયારે આજે શિક્ષાનું ઔદ્યોગીકીકરણ થઇ ગયું છે, તેમને આગળ જણાવ્યું કે બાળકોને શું આપવું અને શું ન આપવું એ શિક્ષકોની જવાબદારીમાં આવે છે આજે જયારે ઘર ઘરમાં રાવણ ઉત્પન્ન થાય છે ત્યારે રામ ઉતપન્ન કરવા માટે વાતાવરણ કોણ તૈયાર કરશે ? તેઓએ પંડિત શ્રી રામ શર્મા આચાર્ય જી ના વાંગ્મય ૬૩ નો ઉલ્લેખ કરતા કહ્યું કે આજનો બાળક ૨૨ મી સદી નો નાગરિક છે એમનું ઘડતર બાલ્યકાળથી જ સંભવ છે બાલ્યકાળમાં બાળક જેટલો સમય પોતાના માતા - પિતા પાસે નથી રહેતો એનાથી વધુ સમય એ શિક્ષક સાથી વિતાવે છે આજના બાળકો ના સંસ્કાર પર જ આવતી કાલનો સમાજ નિર્ભર છે બાળકો માં સંસ્કાર, બૌદ્ધિક વિકાસ, વ્યક્તિત્વ વિકાસ માટે શિક્ષકોનું યોગદાન જ સર્વશ્રેષ્ઠ છે એલ એચ માળી હાઈસ્કૂલના પ્રીન્સીપાલ દેવરાજ રાવલે આ આયોજન બદલ ધન્યવાદ મળ્યો હતો આજના એક દિવસીય પ્રશિક્ષણ સત્રમાં ૪૮ શાળાઓના ૧૫૦ થી વધુ શિક્ષકો આમંત્રિત હતા. માલગઢ, રાણપુર, દામા, કુપટ સહીત આસપાસના ૨૪ ગામોમાંથી શિક્ષકો એ હાજરી આપી હતી. આ પ્રસંગને સફળ બનવવા ગાયત્રી પરિવાર માલગઢના પરિજનોએ સિંહ ફાળો હતો.

# વડગામના સામાજીક કાર્યકરની સહાયની સરવાણી

તા.પ્રતિ વડગામ

બનાસકાંઠા જિલ્લા તલાટી મંડળના પ્રમુખ અને વડગામના યુવા સામાજીક કાર્યકર કિરણભાઈ ધર્માભાઈ વડગામાએ શૈક્ષણિક - સામાજીક જીવદયાની પ્રવૃત્તિ ઓમાં અગ્રેસર રહી વડગામ ગામની તાલુકા - જિલ્લામાં ખ્યાતી વધારી છે. કિરણભાઈ વડગામા દ્વારા જુદા - જુદા હેતુઓ માટે આજદિન સુધી મોટી રકમની સરવાણી વહેવડાવવામાં આવી સરકારી નોકરીઓની ભરતી માટે વડગામ ખાતે જેમના થકી કારકીર્દી માર્ગદર્શનના વર્ગો શરૂ કરી કેટલાક શિક્ષિત બેરોજગારોને સરકારી ભરતીમાં રોજગારી મળી છે તે સરાહનીય બાબત છે. ઉપરાંત વિદ્યાર્થીઓને ફી.ચોપડા, વિતરણ, ગરીબ લાભાર્થીઓને કપડા વિતરણ , રોશન કિટ્સ વિતરણ, આરોગ્યલક્ષી સહાય, ધાબળા વિતરણ વગેરે સેવામાં તેઓ સતત જાગૃત રહે છે.

# સિપુ ડેમની નહેર તૂટતા ખેડૂતોને નુકસાન



ભરત સુંદેશા

બનાસકાંઠામાં નહેર તૂટવાના બનાવ સમાન્ય થઈ જવા પામ્યા છે. બનાસકાંઠાના વાવ, થરાદ, સુઈગામ અને ભાભરમાં આવેલ નર્મદાની નહેર રોજેરોજ તૂટી રહી છે ત્યારે ડીસા પાસેના ગામડાઓમાં આવેલ સિપુડેમની નહેર થેરવાડા ગામ પાસે તૂટતા ખેડૂતોના ખેતરોમાં પાણી ફરી વળ્યાં હતા. જો કે નહેર તૂટવાના કારણે ખેડૂતોના પાક ને વ્યાપક નુકસાન થવા પામ્યું છે.

# વાવ પંથકમાં વ્યસનોનું વિષચક્ર : યુવાધન બરબાદ

### કિશોરો અને મહિલાઓ પણ વ્યસનોના રવાડે : વ્યસન મુક્તિ અભિયાનની જરૂરીયાત

તા.પ્રતિનિધિ વાવ

એક કહેવત છે ને કે 'નશો વિનાશને નાતરે છે' દારૂડીયો દારૂ નથી પીતો, પણ દારૂ દારૂડીયાને પી જાય છે' છેલ્લા કેટલાય સમયથી સરહદી વાવ પંથકમાં દારૂ, સિગારેટ, ગુટખા, ગાંજા, ચરસના રવાડે ચડેલા નાની વયના યુવાનો અકાળે મોતના ખપ્પરમાં હોમાઈ ચુકયા છે. સદ્‌ગતની પુણ્યતિથિએ તેના વ્હાલસોયા બાળકો, પત્ની છબી સામે જોઈ ચોધાર આંસુએ રડી રહ્યા છે તેમ છતાં હજુ વાવ પંથકમાં વ્યસનરૂપી રાક્ષસ કેટલાય નવયુવાનોને તેની લપેટમાં ખેંચી રહ્યો છે. આજનું જન્મેલું તાજું બાળક આવતી કાલનો નાગરીક છે જો યુવાન સ્વસ્થ અને તંદુરસ્ત હશે તો જ દેશ સલામત રહેશે. આરોગ્ય વિભાગ દ્વારા રાજયના ગામડે ગામડે વ્યસનમુક્ત અભિયાન ચલાવી આ વ્યસનરૂપી રાક્ષસની બદીમાંથી યુવાધનને મુકત કરાવે તે જ રાષ્ટ્રના હિતમાં છે.વ્યસનના મુદ્દે અમારા વાવ ખાતેના પત્રકારે ચૂંટણી પ્રવાસ દરમિયાન વાવ વિધાનસભા બેઠકના ૧૭૧ ગામોનું સર્વે કરી વ્યસનના મુદ્દે રીચર્સ કરતા એક પણ ગામ એવું નથી કે ત્યાંના કિશોરો ગુટખા, બીડીના વ્યસનથી વંચિત હોય...!! ગામે ગામ ગુટખા, બીડી, તમાકુ તેમજ દેશી, વિદેશી દારૂની લતે યુવાનો ચડી ગયા છે અને પોતાની મહામુલી જીંદગીનો નાશ કરી રહ્યા છે પરંતુ આ બાબતની સમજણથી યુવાનો વંચિત છે. આજથી ૭ વર્ષ અગાઉ વાવ તાલુકાના ચાંદરવા ગામના યુવાન રામસેંગજી રાજપુત (કેશરકૃપા) એ પોતાના સ્વખર્ચે અંદાજે ૧૦ લાખ રૂપિયાનું ખર્ચ કરીને એક ભવ્ય વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજી સંત મહાત્માઓ અને રાજકીય નેતાઓને એક મંચ ઉપર બેસાડી અસંખ્ય નવયુવાનોને દારૂ, ગુટખા, બીડી જેવા વ્યસનમાંથી મુક્તિ તીલાંજલી અપાવી પોતાના વ્યસનમુક્ત કાર્યક્રમને સફળ બનાવતા આ ભગીરથ કાર્યને રાજયમાં ભારે સમર્થન મળતાં તેમણે આવું ઉમદા કાર્ય કરવા બદલ રાજય તરફથી વિવિધ સંસ્થાઓએ એવોર્ડ તેમજ શીલ્ડ, પ્રમાણપત્રો એનાયત કરી તેમની કામગીરીને બિરદાવી હતી.

સત્વરે રાજયનું આરોગ્યતંત્ર જાગૃત બની આ સરહદી વાવ પંથકમાં વ્યસનનો ભોગ બનતા નિર્દોષ યુવાનો મોતના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ વ્યસનમુક્તિનુ ભારે અભિયાન ઉપાડી યુવાધનને વ્યસનમાંથી મુક્તિ અપાવે. આ બાબતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી યુવાધનને વ્યસનમુક્તિની બદીથી બચાવવા માટે ગુટખાઓ ઉપર પ્રતિબંધ મુકે તેજ જનહીતમાં છે. છેલ્લા કેટલાય સમયથી સરહદી વાવ પંથકમાં વ્યસનરૂપી રાક્ષસથી કેટલાય નવયુવાનો મોતના ખપ્પરમાં હોમાઈ ચુકયા છે અને હાલમાં પણ આ પરિસ્થિતિ યથાવત છે. આ બાબતે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ આગળ આવી વ્યસનના રવાડે ચડેલા નવયુવાનોને આ વ્યસનની બદીમાંથી છોડાવે તેવી પ્રચંડ જનમાંગ છે.

# ભાભરની ભારત વિકાસ પરિષદ દ્વારા ભાભર બસ કંટ્રોલરનું સન્માન



વનરાજસિંહ રાઠોડ

પ્રતિનિધિ ભાભર

ભાભર બસ સ્ટેશનમાં ફરજ બજાવતા કંટ્રોલરનું ભારત વિકાસ પરિષદ ભાભર શાખાએ સન્માન કર્યું હતું. બસ સ્ટેશનમાં છેલ્લા કેટલાક વર્ષોથી બસ કંટ્રોલર તરીકે ફરજ બજાવતા જયંતિભાઈ બાબુભાઈ જોષીનું સન્માન કરવામાં આવ્યું હતું. ફરજ દરમ્યાન ઈમાનદારીથી પેસેન્જરના બસમાં ભુલેલ મોબાઈલ તથા ૨૫ હજાર રોકડ ભરેલ પર્શ મુળ માલિકને પરત આપેલના દાખલા બનેલ છે. તેમની ઈમાનદારી પૂર્વકની ફરજ પ્રેરણાદાઈ છે. આગામી તા. ૩૧/૧/૧૮ થી તેઓ વય નિવૃત થવાના છે. અગાઉ તેમનું સન્માન એસ.ટી. ખાતાના એમ.ડી. તરફથી કરીને ઈનામ અને સન્માનપત્ર આપવામાં આવેલ છે. બસ સ્ટેશનમાં ફરજ દરમ્યાન યોગ્ય સફાઈ, મુસાફરોને યોગ્ય જવાબ જેવી કામગીરીથી પ્રભાવિત થઈ ભાભર સેવાભાવી સંસ્થા ભા.વિ.પ.ના પ્રમુખ મહેશભાઈ કાનાબાર, મંત્રી એસ.કે. દરજી, એ.બી. પટેલ, દયારામભાઈ ઠક્કર, બાબુલાલ ઠક્કર વગેરે ઉપસ્થિત રહીને જયંતિભાઈ જોષીનું સન્માન કરવામાં આવેલ હતું.

# બનાસડેરીના સિનિયર અધિકારીને વિદાયમાન



પાલનપુર

વણસોલના સેવાભાવી કાર્યકર, કુવરબા ચેરીટેબલના પ્રમુખ અને બનાસડેરીમાંથી સીનીયર અધિકારી તરીકે ૪૦ વર્ષની સેવાઓ બાદ વય મર્યાદાના કારણે નિવૃત થતા પચાણભાઈ પરથીભાઈ ધુલીયા ના તા. ૩૦/૧૨/૨૦૧૭ ના રોજ બનાસડેરી પાલનપુર અન્નપૂર્ણા ભવન ખાતે વિદાય સમારંભ યોજાયેલ. જેમાં બનાસડેરીના એમ.પી. સેક્સનના મેનેજર ડૉ. પ્રફુલભાઈ ભાણવાડીયા, ડૉ. હરિભાઈ પટેલ એમ.પી.

અનુસંધાન પાના નં.૬

### બારગામ ધાન્ધાર (ઝલો) ચૌધરી સમાજની રૂપપુરા ખાતે ૨૪ મી સાધારણ સભા યોજાઈ

તા.પ્રતિ. વડગામ

ગઈકાલ રવિવારે તા. ૭/૧/૧૭ ના રોજ પાલનપુરના રૂપપુરા ખાતે બારગામ ધાન્ધાર (ઝલો) ચૌધરી સમાજની ૨૪ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે ચૌધરી સમાજના મહાનુભાવો અગ્રણીઓ ખૂબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પાલનપુર માર્કેટયાર્ડ પૂર્વ ચેરમેન વિરજીભાઈ ચૌધરી, સરદારભાઈ જી.આકોડીયા, કેશરભાઈ વી.ચૌધરી, ગમાન ભાઈ ચૌધરી, ગીરીશભાઈ લોહ, વિરજીભાઈ ધૂળીયા, કણજીભાઈ જી.ધુળીયા એ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. તથા સ્ટેજ ઉપરના તમામ અગ્રણીઓએ પ્રાસંગિક વિચારો વ્યક્ત કર્યા હતા. પચાંણભાઈ ધુળીયા (વણસોલ) એ સ્વાગત પ્રવચન કર્યુ હતું. અને ફલભાઈ ભૂતડીયા (ઢેલાણા) એ આભાર વિધી કરી હતી.

# ઝેરડા ત્રણ રસ્તેથી વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ



ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લા એલ.સી.બી. પી.આઈ. જે એચ.સિંધવ સ્ટાફ સાથે ડીસા તાલુકામાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન મળેલી બાતમીના આધારે ઝેરડા ત્રણ રસ્તે નાકાબંધી ગોઠવી હતી. તે વખતે આવેલી ટ્રકની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૩૭૯૨ બોટલ (કિંમત રૂા.૮,૬૬, ૪૦૦) મળી આવી હતી. તેથી પોલીસે ટ્રક ચાલક મધારામ વાઘરામ જાટ (રહે.રાણા, તા.બાડમેરની) અટકાયત કરી હતી. પોલીસે વિદેશી દારૂ, મોબાઈલ અને ટ્રક મળી કુલ રૂા.૧૩,૬૬,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડોડગામમાંથી ૭૨ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિ.) થરાદ

થરાદ પોલીસને તાલુકાના ડોડગામનો દિનેશભાઈ ધેગાભાઈ રાજપુત નામનો શખસ વિદેશી દારુનું વેચાણ કરી રહ્યો હોવાની ખાનગી બાતમી મળી હતી.આથી પોલીસે શનિવારની રાતે બાર વાગ્યે તેના ખેતરમાં રેડ કરી હતી. દરમ્યાન ખેતરમાં ઘર આગળના ભાગમાંથી સંતાડેલ ૭૨૦૦ રૂપીયાનો ૭૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસ રેડ જોઇને દિનેશભાઈ ફરાર થઇ જતાં પોલીસે દારૂ કબજે લઇ તેની સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# આગથળા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ વિરૂધ્ધ જિલ્લા પોલીસવડાને રજુઆત

(પ્રતિ.) આગથળા

કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી પોલીસ ની હોય છે પણ ક્યાંક પોલીસ ખાખી ના રોફમાં પોતાની જવાબદારી અને ફરજ ભૂલીને ખોટો રોફ મારવા લાગે છે જેના પરિણામે પ્રજાને ભારે તકલીફ નો સામનો કરવાનો વારો આવતો હોય છે આવું જ કંઈક આગથળા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસ કોન્સ્ટેબલ માટે બન્યું છે જેઓ પોલીસ મથકે કોન્સ્ટેબલ તરીકે છે પણ છેલ્લા કેટલાક સમયથી સતત કાળા કાચવાળી ગાડીઓમાં વગર યુનિફોર્મ ફરતા રહે છે અને ગાડીઓ અને બાઈકો ઉભા રાખવીને ખોટી રીતે હેરાન કરે છે અને પૈસા પડાવે છે જો કોઈ પૈસા આપવાનો ઈન્કાર કરે તો દારૂની હેરાફેરી કરે છે એવો કેશ બનાવીરને ફસાવી દેવાની ધમકી આપતો હોય છે વળી કોઈ તેમને આવું ન કરવા વિનંતી કરે તો પણ તેને મા-બેન સમી ગાળો બોલે છે જેના કારણે સમગ્ર વિસ્તારમાં તેમની ભારે રાડ હતી ત્યારે તેમના વિરૂદ્ધ દિનેશભાઇ ઠાકોરે જિલ્લા પોલીસ વડા ને લેખિત ફરિયાદ નોંધાવી હતી અને જણાવ્યું હતું કે હું ગાડી લઈને આવતો હતો ત્યારે કુડા અને આગથલા રોડ વચ્ચે એક સફેદ રંગ ની કાળા કાચ વાળી ગાડી પડી હતી અને બાજુમાં કોઈ ભાઈ ઉભા હતા એમને મને હાથ કરીને ગાડી રોકવાનો ઈશારો કર્યો એટલે મેં ગાડી ઉભી રાખી તો મારી પૂછપરછ કરવા લાગ્યા તો મેં પૂછ્યું કે તમે કોણ છો એટલે કહ્યું કે પોલીસ છું અને મારું નામ નટુજી ઠાકોર છે ત્યારબાદ તેમણે ગાડી ચેક કરવી છે નીચે ઉતર એટલે હું નીચે ઉતર્યો અને એમણે ગાડી જોઈ પછી મને કહ્યું કે હપ્તો આપ એટલે મેં કહ્યું કે હું કોઈ ધંધો અનુસંધાન પાના નં.૬

### નેસડા પ્રા.શાળામાં દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાની નેસડા પ્રાથમિક શાળામાં દેશભક્તિ ગીત સ્પર્ધાનું શાળા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. ધો.૧ થી ૮ ના ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે ઠાકોર પિયુષ હમીરજી, બીજા નંબરે ઠાકોર જિજ્ઞેશ પ્રતાપજી અને ત્રીજા નંબરે ઠાકોર હેતલ મદરૂપજી રહ્યા હતા. વિજેતા બનેલ બાળકોને શાળાના શિક્ષક જગદીશગર તરફથી આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતા. સારૂ આયોજન કરવા બદલ શાળા સ્ટાફને શિક્ષક રાણાભાઈએ બિરદાવ્યા હતા અને શાળાના આચાર્ય વિનોદ ભાઈએ આ પ્રવૃત્તિને વખાણી હતી. સ્પર્ધાથી બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# ડીસામાં પાંચ ગામ લેઉઆ પાટીદાર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



ભરત સુંદેશા

ડીસા

ડીસામાં વસતા પાંચ ગામ લેઉઆ પાટીદાર સમાજનો નવા વર્ષનો સ્નેહ મિલન કાર્યક્રમ અને ૧૪ મો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો. ડીસામાં વસતા પાંચગામ લેઉઆ પાટીદાર સમાજ દ્વારા રવિવારે ડીસાના શુભમ પાર્ટી પ્લોટ ખાતે સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે સમાજના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ બહેનો અને નાના ભૂલકાંઓને ઈનામ આપી સન્માનિત કરી પ્રોતસાહિત કરાયા હતા. નાના બાળકોએ સુંદર મજાના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. આ પ્રસંગે સમાજના નવા વરાયેલા પ્રમુખનું પણ સન્માન કરાયું હતું. સમાજના આગેવાનો અને આયોજકો દ્વારા બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળે તેની તકેદારી રાખવા અને તેમનામાં સંસ્કારનું સિંચન થાય તેવુ વાતાવરણ પૂરું પાડવા અનુરોધ કર્યો હતો.

# થરાદમાં સાંસ્કૃતિક સંગમ કાર્યક્રમની રંગારંગ ઉજવણી



(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

ગત તા. ૦૫/૦૧/૨૦૧૮ ને શુક્રવારના રોજ જયવીર સ્કુલ ઑફ સાયન્સમાં શહેરની તમામ પ્રા.શાળાઓ દ્વારા સાંસ્કૃતિક સંગમ/ પ્રતિભા શોધ કાર્યક્રમ યોજાયો હતો.

તેમાં કુલ ૧૦ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં ક્વિઝ સ્પર્ધા, દેશી લગ્નગીત, નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા , રંગોળી, વિશિષ્ટ કૌશલ્ય તથા મૌખિક ગણતરી જેવા કાર્યક્રમો યોજાયા હતા. તેમાં મહેમાન તરીકે જયવીર સ્કુલના પ્રમુખ લક્ષ્મણભાઈ રાવળ, હરેશભાઈ સી.આર.સી. છાયાબેન બારોટ, કૃણાલભાઈ મેવાડા તેમજ અન્ય શાળાઓમાંથી આચાર્ય અને શિક્ષકમિત્રો હાજર રહ્યા હતા. ભાગ લેનાર તમામ બાળકોને મંડળ તરફથી ચોપડો, બોલપેન, પ્રમાણપત્ર તથા ટ્રોફી આપવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ગુરૂકુળ સ્કુલ, સંસ્કાર સ્કુલ, શારદા વિદ્યામંદિર, જયવીર સ્કુલ, એમ.એસ.વિદ્યામંદિર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ડીસા તાલુકાના ભીલડી ખાતે રામકથા યોજાઈ : ધર્મપ્રેમીઓએ લાભ લીધો



કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના ભીલડી ખાતે શ્રીરામ કથાનો કથાકાર પારસ દેવેન્દ્રભાઈ રાજગુરૂના મુખે તા.૪/૧/૨૦૧૮ થી પ્રારંભ થયેલ છે તેના ત્રીજા દિવસે રાજ્ય કક્ષાના મંત્રી પરબતભાઈ પટેલે કથા શ્રવણનો લ્હાવો લીધો હતો.

આ પ્રસંગે નવી ભીલડીના સરપંચ મહેશભાઈ મોદી, નારણભાઈ દવે, સરદારવન ગૌસ્વામી, રામભાઈ જોષી, રતીલાલ ઠક્કર, વિનોદભાઈ રાવલ, ડો.પી.બી. પટેલ, રમેશભાઈ જોષી (ધનાસરા) નરેશવન ગૌસ્વામી, ડો.ભરતભાઈ કે.પટેલ, નાનુભાઈ શાહ, લાલજીભાઈ પટેલ (મામા), જયરામભાઈ ભેથડીયા, રમેશભાઈ ત્રિવેદી, નારણભાઈ જોષી, સુરેશભાઈ ડી.સિલ્વા વગેરે ગ્રામજનો હાજર રહ્યા હતા. મંત્રી પરબતભાઈ પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા આ કથામાં પાણીની સેવા માટે દેવી કૃપા વોટર સપ્લાયર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી.

# થરાદની જયવીર સ્કૂલ ઓફ સાયન્સમાં સાંસ્કૃતિક સંગમ કાર્યક્રમ યોજાયો

થરાદ

થરાદની જયવીર સ્કુલ ઓફ સાયન્સ સ્કુલમાં શુક્રવારે શહેરની તમામ પ્રાથમિક શાળાઓ દ્વારા સાંસ્કૃતિક સંગમ (પ્રતિભાશોધ) કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦ શાળાઓએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં ક્વિઝ સ્પર્ધા, દેશી લગ્નગીત, નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા, રંગોલી, વિશિષ્ઠ કૌશલ્ય તથા મૌખિક ગણતરી જેવા કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં મહેમાન તરીકે જયવીર સ્કુલના પ્રમુખ લક્ષ્મણભાઇ રાવળ, સીઆરસી હરેશભાઇ, છાયાબેન બારોટ, કૃણાલભાઇ મેવાડા તેમજ અન્ય શાળઓના આચાર્યો અને શિક્ષકો તથા બહોળી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બાળકોને મંડળ તરફથી ચોપડો, બોલપેન તથા પ્રમાપત્ર અને ટ્રોફી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીગુરુકુળ સ્કુલ, સંસ્કાર સ્કુલ,શારદા વિધામંદીર, જયવીર સ્કુલ તથા એમ એમ વિધામંદીર તરફથી કરવામાં આવ્યું હતુ.

# તંત્રી સ્થાનેથી ...

**એવું સત્ય બોલવું જોઈએ જે હિત-મિત અને ગ્રાહ્ય થઈ શકે.**

## વધુ ફી લૂંટતી ખાનગી સ્કુલો વિરૂધ્ધ તપાસ જરૂરી

ફી નિયમન વિધેયક પર હાઈકોર્ટે મંજુરીની મહોર માર્યા બાદ હવે ખાનગી સ્કુલોએ વધુ ફી લૂંટવા માટેનો નવો રસ્તો અપનાવ્યો છે. આ બાબતે ખરેખર સરકારના દક્ષિણ વિભાગે કાર્યવાહી કરવી જોઈએ, આ ખાનગી સ્કુલો દ્વારા હવે પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચતર માધ્યમિકની ફી માટે તો ફૂંકી ફૂંકીને પગલા ભરી રહી છે. પરંતુ પ્લે ગૃપ અને નર્સરી માટે સ્કુલોએ નવા શૈક્ષણિક સત્ર માટે જંગી ફી વધારા સાથેની ફી નક્કી કર્યું હોવાનું બહાર આવ્યું છે. જેમાં અમુક સ્કુલોએ તો રૂા. ૪૦,૦૦૦ કરતાં પણ વધુ ફીમાં વધારો કર્યો હોવાનું બહાર આવ્યું છે. નર્સરી અને પ્લેગૃપની ફીને લઈ હજુ અસમંજસ ભરી સ્થિતિ છે.

રાજ્ય સરકાર દ્વારા ખાનગી સ્કુલો દ્વારા લેવામાં આવતી બેફામ ફી પર બ્રેક મારવાના આશયથી ફી નિયમન વિધેયક પસાર કરવામાં આવેલ. આ વિધેયકમાં સરકાર દ્વારા ખાનગી પ્રાથમિક સ્કુલોની રૂા. ૧૫૦૦૦, માધ્યમિક સ્કુલોની રૂા. ૧૫૦૦૦, માધ્યમિક સ્કુલોની ફી રૂા. ૨૫ હજાર અને ઉ.મા. સ્કુલોની રૂા. ૨૭૦૦૦ નક્કી કરી હતી. ઉપરાંત આ ફી કરતાં વધુ ફી લેવા માંગતી સ્કુલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની રહેશે અને ફી કમિટી દ્વારા જે ફી મંજુર કરવામાં આવે તે ફી ઉઘરાવવાનું નક્કી કરાયું હતું, જો કે, ફી નિયમન વિધેયક સામે કેટલીક સ્કુલો હાઈકોર્ટમાં ગઈ હતી, જો કે હાઈકોર્ટે પણ ફી નિયમન વિધેયક પર મંજુરીની મહોર મારી હતી.

હાલમાં તો સ્કુલો વધુ ફી લઈને વિવાદમાં પડવા માંગતી નથી.પરંતુ સ્કુલોએ વાલીઓ પાસેથી વધુ ફી ઉઘરાવવાનો રસ્તો શોધી કાઢ્યો હોવાનું પણ બહાર આવેલ છે. સ્કુલોએ તેમને ત્યાં ચાલતા પ્રિ.પ્રાયમરી એટલે કે, નર્સરી તથા પ્લે ગૃપની ફીમાં જંગી વધારો ઝીંક્યો હોવાનું પણ ચર્ચાય છે.

સ્કુલો દ્વારા નવા શૈક્ષણિક વર્ષ માટેની ફી નક્કી કરવામાં આવી છે. જેમાં સ્કુલોએ પ્લેગૃપ અને નર્સરીની ફીમાં ૫૦ ટકા સુધીનો વધારો ઝીંકી દીધો છે. હાઈકોર્ટના ચુકાદા બાદ હવે સ્કુલોને પોતાની નોટીસ બોર્ડ દ્વારા વેબસાઈટ પર સુચના જાહેર કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા આદેશ કરાયો હતો. જેમાં સ્કુલ દ્વારા જે ફી વસુલવામાં આવી છે. તે ફી કમિટી દ્વારા મંજુર કરેલી ફી કરતાં વધુ હવે તો તે સ્કુલ દ્વારા પરત આપવામાં આવશે. ઉપરાંત એડમિશન ફી પેટે સ્કુલ દ્વારા એક માસની ફી કરતાં વધુ ફી લીધી હશે તો તે પણ સરભર અથવા તો પરત કરવામાં આવશે. આ રીતની સ્કુલે પોતાના નોટિસ બોર્ડ પર અને વેબસાઈટ પર લગાવવાની રહેશે. ખાનગી સ્કુલો દ્વારા ફી નિયમન- વિધેયક સામે હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યા બાદ હાઈકોર્ટ દ્વારા ફી નિયમન વિધેયકને મંજુરી આપવામાં આવી હતી. ત્યારબાદ હવે શિક્ષણ વિભાગ દ્વારા ખાનગી સ્કુલોને ફરતે ગાળીયો મજબુત કરવાના પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા સ્કુલોને સુચના આપી નોટીસ બોર્ડ તથા વેબસાઈટ પર નોટિસ લગાવવા માટે આદેશ કર્યો છે. જેમાં સ્કુલ દ્વારા ફી નિયમન કમિટી સમક્ષ દરખાસ્ત અથવા તો એફિડેવિટ કરવામાં આવી છે કે કેમ તેની વિગતો શાળાઓએ લખવી પડશે.

## અમદાવાદમાં આજથી ઓલમ્પીઆડ- ૨૦૧૮ નો આરંભ

અમદાવાદ



અમદાવાદ રીઅલ્ટર્સ એસોસિએશન (એઆરએ) અને નેશનલ રીઅલ્ટર્સ એસોસિએશન (એનઆરએ) દ્વારા બીટુબી નેટવર્કીંગ અને સ્પોર્ટસ ઈવેન્ટ ઓલમ્પીઆડ, ૨૦૧૮ નું આયોજન કરવામાં આવ્યું છે. ઓલમ્પીઆડ, ૨૦૧૮ અમદાવાદ રીઅલ્ટર્સ એસોસિએશન (એઆરએ) દ્વારા અદાણી શાંતિગ્રામ, અમદાવાદ ખાતે તા. ૮ મી જાન્યુઆરીથી તા. ૧૧ મી જાન્યુઆરી, ૨૦૧૮ સુધી યોજવામાં આવી રહ્યું છે. અમદાવાદ રીઅલ્ટર્સ એસોસિએશન, ૧૫૦ + રેરા રજિસ્ટર્ડ પ્રોફેશનલ બ્રોકર્સ સાથે છેલ્લા ૯ વર્ષથી કાર્યરત છે. એઆરએ, અમદાવાદ શહેરના અગ્રણી ડેવલપર્સ તથા ઉદ્યોગોમાં નીતિ વિષયક પ્રેક્ટીસીસ સાથે પણ કાર્યરત છે. ઓલમ્પીઆડ, ૨૦૧૮ અદાણી શાંતિગ્રામ ખાતે વર્લ્ડ હેરીટેજ સિટી, અમદાવાદ પર ''વોક ગેલેરી'' સાથે બીટુબી નેટવર્કીંગ તથા સ્પોર્ટસ ઈવેન્ટ છે. આ ઈવેન્ટમાં સમગ્ર દેશમાંથી ૩૦૦ થી ૪૦૦ રીઅલ્ટર્સ ભાગ લેશે. રીઅલ્ટર્સ તથા ડેવલપર્સ વચ્ચે બીટુબી મીંટીંગ્ઝનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તા. ૮ મી જાન્યુઆરીએ તેનો ઉદ્ઘાટન સમારોહ થશે. અમદાવાદના રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટસમાં રોકાણ માટે જુદા જુદા શહેરોમાંથી ડેલીગેટ્સ વચ્ચે તા. ૯ મી થી ૧૧ મી દરમિયાન ક્રિકેટ, વોલીબોલ, સ્વીમીંગ, કેરમ, બેડ મિન્ટન તથા ટેબલ ટેનીસ જેવી ઈન્ટરસીટી સ્પર્ધા યોજાશે. તા. ૧૧ મી જાન્યુઆરીએ સ્પોર્ટસ ઈવેન્ટ્સનો ઈનામ વિતરણ સમારોહ તથા સમાપન સમારોહ પણ યોજાશે.

આયોજનમાં શહેરમાંથી જે અગ્રણી ડેવલપર્સનો સહકાર મળ્યો છે. તેમાં શિલ્પ, શિવાલીક, વિનસ સુપર સીટી તથા અન્ય બધાનો સમાવેશ થાય છે.

### આત્મચિંતન

## ઈશ્વરના દ્વાર સૌના માટે ખુલ્લા છે

આપણે જેટલા સંકીર્ણ છીએ, ઈશ્વરથી એટલા જ દૂર છે. ઉદાત્ત દ્રષ્ટિકોણ અને ઉદાર રીતિ-નીતિ અપનાવીને જ તેની સમીપ પહોંચવાની મંજીલ અગ્રેસર થઈ શકે છે. નાના વાસણમાં મોટી વસ્તુ રાખી શકાતી નથી. જેટલો સામન હોય તેને રાખવા માટે પણ પાત્ર પણ એટલું જ મોટું જોઈએ છે વધારે પાણી ઉંડા તળાવમાં જ ભરી શકાય છે. ઈશ્વર મહાન છે. મહાનતાના રૂપમાં જ તેની સ્થાપના અંતઃકરણમાં થઈ શકે છે. મહામાનવોને જ બીજા શબ્દોમાં ઈશ્વર ભક્ત કહી શકાય છે. સંકીર્ણ સ્વાર્થપરતાની ઝાંખની જેટલી માત્રામાં ઓછી કરીએ છીએ તેટલા જ સ્પષ્ટ દર્શન ભગવાનના થઈ શકે છે.

ઈશ્વર ખુલ્લુ આકાશ છે, કોઈ વ્યક્તિ નથી. આપણે આકાશમાં ઉડીએ તેનું આંચળ ખુલ્લું પડ્યું છે. આકાશ આપણને ખેંચી ઉપર નહી ઉડાવે પોતાનું લક્ષ્ય અને પ્રયત્ન હશે તો સાધનની વ્યવસ્થા થઈ જશે. સમુદ્રના તો નદીઓને બોલાવે છે કે રોકે છે. કોઈ નદી ઈચ્છે તો વહેતી રહે અને સમુદ્રમાં મળી જાય. ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે તેને સમજવું આવશ્યક છે. માનતા માની અને માનતાઓ પૂરી કરવાની ઉલઝેલી પગદંડી પર ચાલીને કોઈ તેના સુધી પહોંચી શકતું નથી. ઉદાત્ત ચિંતન અને પરિષ્કૃત વ્યક્તિત્વના રાજમાર્ગ પર ચાલીને જ એ પરમ પ્રભુ સુધી પહોંચી શકાય છે, જેને મેળવવા આપણા જીવનનું લક્ષ્ય છે. - **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કણસતી..રીબાતી..હૃદયને હચમચાવી દે તેવા સૂરે ભાંભરતી.. ગાયના ઉરભીના શબ્દો નિર્દયી લોકોને અસર કરતા કેમ નહી હોય..?

### સંવેદના
**પ્રવીણ એમ. નાઈ**

પ્લાસ્ટીક અને એઠવાડ ખાઈને જીંદગી જીવતી ગયા અને નેહડામાં મજાનો ઘાસચારો આરોગીને મસ્ત રીતે જીવન પસાર કરતી ગાય.. આ બંન્ને વચ્ચેનો તફાવત શું આપણે સમજી શકીએ એમ છીએ..! આર્થીક લાભની લાલચમાં વર્તમાનમાં પાંગળો બનેલો આજનો માનવ શંકર ગાયને રાખીને વધૂ દૂધ મેળવીને કરોડપતી બનવા માગી રહ્યો છે ત્યારે માણસે પોતાની તંદુરસ્તીનો પણ વિચાર કરવો રહ્યો. તમારૂ જે થવુ હોય તે થાય પણ મને તો રૂપિયા મળવા જ જોઈએ એવી કૂટનીતીમાં રાચતો કલીયુગી માણસ શંકર ગાય રાખીને કેટલું કમાશે. એ જ ખબર પડે તેમ નથી. ગળામાં લટકતી જાલર અને પીઠ ઉપરની ખૂંધ હોય એ જ સાચી ગાય છે.. આવી ગયો હિન્દુના ઘરે કેટલી હશે..? એ વિચારવા જેવી બાબત છે. ઘર આંગણે દેશી ગાયના રંભાવાનો પવિત્ર અવાજ, ને ગાયના શરીરમાંથી નીકળતી સુગંધ હવે ઓછી જોવા મળે છે.વળી દૂધ આપે ત્યાં સુધી ને શરીરે સ્વસ્થ જ ગાયને ઘર આંગણે રાખવી એવી માનસિકતા માણસને ક્યાં લઈ જશે..! ખાસ કરીને બજારમાં ગાયને સવારમાં દોહી લીધા બાદ ગલીઓમાં છૂટી મૂકી દેવામાં આવે છે ત્યારે તે ગાયો પ્લાસ્ટીક, એઠવાડ, કાગળ, ખાઈને દિવસ પસાર કરે છે ત્યારે શું એ ગાયના અંતરનો શ્રાપ તે માલીકને અસર કરતો નહી હોય.! દિવસભર જેવું તેવું ખાઈને જીવન પસાર કરતી એ ગાયોનું દૂધ માણસને તંદુરસ્તી આપવામાં સફળ કદાચ ન પણ થઈ શકે. શરીરના સૂક્ષ્મ રોગોને આહવાન આપવામાં માણસ જાતે જ નિમીત જરૂર બને છે.. તે દેખીતું છે.

કસાઈવાડામાં જ્યારે ગાયોનું ચામડું ઉતરતું હોય ત્યારે તે લોકો ને સહેજે દયાભાવ કેમ આવતો નથી..?કણસતી, રીબાતી, હૃદયને હચમચાવી દે તેવાં સૂરે ભાંભરતી.. તે ગાયના ઉર ભીના શબ્દો નિર્દયી લોકોને અસર કરતા નહી હોય ? હિન્દુ ધર્મમાં ગાયને "માતા" નું બિરૂદ આપ્યું છે ત્યારે "માતા" ના શરીર ઉપરથી ઉતરતા ચામડાને દેખીને હિન્દુ વ્યક્તિ હચમચી કેમ જતો નથી..? આવા વેધક પ્રશ્નો આપણા હૃદયની આરપાર નીકળી જાય છે. દરરોજ વર્તમાન પત્રો, ચેનલો, સામયિકો.. વગેરેમાં ગાયોનો મહિમા સતત વર્ણવવામાં આવે છે, મહિમા વર્ણવવાની સાથે સાથે અવારનવાર "ગૌવંશ ભરેલી ટ્રકો ઝડપાઈ" તેવા સમાચાર પણ જોવા મળે છે આ તો કોઈકે દેખી અને એકાદ ટ્રક પકડાઈ.. પણ ચોરી છૂપીથી કેટલીયે ગાયો કતલખાને જઈ રહી છે.. ક્યાં ખબર છે.

હિન્દુ ધર્મના લોકોને આ સમયે મીઠી ટકોર કરવી રહી કે કતલખાને જતી ગાયો ક્યાંક ક્યાંક ઝડપાઈ જાય ત્યારે મોટા ઉપાડે તે બાબતને થોડાક સમય પુરતા વખોડી કાઢે છે, પણ ગામડામાં ને વળી ખાસ કરીને શહેરની ગલીઓમાં, ભટકતી જાહેર રસ્તા ઉપર રખડતી, એઠવાડ કે પ્લાસ્ટીક આરોગતી ગાયો તરફ દયા કેમ આવતી નથી..? ગાયના માલિકો પોતપોતાની ગાય સાચવે તો પણ કેટલીયે રીબાતી ગાયો આંશીક આનંદનો અનુભવ જરૂર કરે. ગલીએ ગલીએ જ્યારે ગાય ફરતી હોય ત્યારે ધાર્મિક કે દયાવાન લોકો રોટલાનો ટું-કડો આપીને હડસેલી કાઢે.. થોડુક પૂણ્ય કમાયાનો અહેસાસ કરે. ગાયે આશીર્વાદ આપ્યા તેવું મહેસુસ જરૂર કરે... તો પછી ગાયના માલિકો ગાયોને સવારના પહોરમાં બહાર તગેડી મૂકે ત્યારે તેમને અભીશાપ લાગતો નહી હોય..? ગાયોને મારનાર નીર્દયી લોકોને તો વધુ અભિશ્રાપ લાગશે ને. વિચારવા જેવી બાબત જરૂર કહી શકાય.

હિન્દુ ધર્મની માન્યતા મુજબ ગાયના શરીર ઉપર દેવી દેવતાનો વાસ છે.. તો જ્યારે ગલીમાં ભટકતી.. રખડતી ગાયોને જે લોકો હડસેલી કાઢે તો દેવોનું અપમાન જરૂર થશે ને..! આ સત્ય જ હોય તો તે દેવી દેવતાઓ પૈકી આપણે જેના ઉપાસક છીએ તે પણ હશે.. તો તે દેવ દેવી પણ આપણાથી નારાજ થશે.. વધુ નારાજ તો ગાયોના માલિકો ઉપર જરૂર થશે તે સ્પષ્ટ છે. હિન્દુ ધર્મમાં ગાય સદા પૂજનીય છે, તે માતા તુલ્ય છે એવું માનનારા અને તેને વર્તનમાં મુકનારા પણ અહી લોકો વશે છે. ગાયનાં દર્શન કરીને દિવસની શરૂઆત કરનાર પણ અહી રહે છે, પ્રાતઃકાળ અને સંધ્યા સમયે ગાયની પૂજા કરનાર પણ આ ધરા પર વશે છે. કદાચ આવા લોકોના લીધે ન હિન્દુ સંસ્કૃતિ ટકી રહી હોય તેવું જરૂર દેખાઈ આવે છે.

કૃષ્ણ ભગવાન જ્યારે ગોકુળમાં બાળ ગોવાળીયોની વચ્ચે રહીને સામાન્ય માણસની જેમ રહીને લીલાઓ કરતા ત્યારે "ગાયો" પણ તેમની પાસે જોવા મળતી. ખુલ્લા પગે ગોકુળની સીમમાં ગાયોને ચરાવવા માટે કૃષ્ણ જ્યારે નીકળી પડે તે વખતનું દશ્ય જોવા માટે કદાચ ઈન્દ્ર સહીત અન્ય દેવો વાટ જોઈને બેઠા હોય તેવું ઘડીકપળ દેખાઈ આવતું. માથે મોરપીંછ, ગળામાં વ્રજંપતી માળા ને હાથમાં વાંસળી વગાડતા નટખટ નંદલાલની સમીપે ગાયો શાંત ચિત્તે વાંસળીના સૂર સાંભળીને અપાર આનંદની અનુભૂતિ કરતી હોય તેવું સ્પષ્ટ થતું.. હવે આવું દશ્ય માત્ર તસ્વીર પુરતું મર્યાદીત થઈ ગયું છે.ગુજરાતમાં એવી ઘણીયે ગૌશાળાઓ છે કે ત્યાં હજારો ગાયો નિર્ભય રીતે રહી શકે છે. લાખો લોકો પોતાની સેવાની આહૂતિ આપે છે. તન,મન,ધનથી સંપૂર્ણ સમર્પિત થઈને જાણે ગાયો માટે જ જીવન ટકાવી રહ્યા હોય તેવી રીતે જીંદગી જીવતા લોકો પણ અહી છે. કદાચ આવા પૂણ્યશાળી લોકોના લીધે પૃથ્વી ટકી હોય તેવો આભાસ ક્ષણભર પૂરતો જરૂર થઈ જાય છે. પોતાના ધંધા રોજગાર છોડીને ઉતરાયણ કે નવા વર્ષ જેવા મનોરંજન અને ખુશીના તહેવારને પણ બાજુમાં રાખીને તડકો, ઠંડી કે વરસાદ જેવી વિપરીત પરીસ્થિતિમાં પણ ખુલ્લા રસ્તા ઉપર ઉભા રહીને ગાયો માટે અર્થીક સહયોગની અપીલ કરતા લોકો પણ અહીં જોવા મળે છે. ગૌશાળાઓમાં કોઈપણ જાતના સ્વાર્થ વગર ગાયોની સેવા કરતા લોકો પણ અહીં જોવા મળે છે.. પોતાના ઘરસંસારથી દૂર રહીને "ગાય અમારી માતા છે" એવું સાચા અર્થમાં મુલ્ય આંકવાવાળા નરબંકાઓના લીધે જ હિન્દુ સંસ્કૃતિ ટકી રહી હોય તેવું જરૂર કહી શકાય.. ગાયોનું છાણ ઉપાડવું, નવડાવવી, ઘાસચારો આપવો જેવા કાર્યોમાં સ્વર્ગનું સુખ માણીને અઢળક આનંદની અનુભૂતિ કરતા પુરૂષો પણ હજુ મૌજુદ છે.

જગતમાં બંને પ્રકારના માણસો જોવાન મળે છે. ઘાતકી, નિર્દયી, વિશ્વાસઘાતી.. વગેરે લોકો પણ છે, જે ગાય જેવા અબોલ જીવને મારી નાખે છે..હેરાન કરે છે. અને પરોપકારી, બીજાનું ભલું કરનાર પણ માણસો છે કે જે પોતાનું સર્વ જીવન ગાય માટે અર્પીત કરી દે છે.. ઘર પણ છોડી દે છે. આવા શ્રેષ્ઠ, નિસ્વાર્થી, દયાવાન, પરોપ-કારી, દાનવીર માણસોના લીધે જ આ પૃથ્વી ટકી રહી છે.. એવું સ્પષ્ટ જરૂર થાય. કુદરત જ્યારે કહેર કરે ત્યારે આમ પ્રજામાંથી હજારો લોકો પોતાનાથી બનતી બધી જ મદદ કરવા તૈયાર થાય છે અને સરકાર મદદ કરે તેનાથી પણ જાણે વધુ મદદ કરીને ગૌશાળાઓ અને ગાયોને બેઠી કરવા તૈયાર થઈ જાય છે.. આ સત્ય હકીકત છે. આવા લોકોના ઘેર કોઈ દિવસ સૂર્ય આથમતો નથી.. સૂર્ય સમાન દિવ્ય તેજની છાયા સંપૂર્ણ રીતે તેમના ઘેર વર્તાતી જ રહે છે.. સુખ, સંપત્તિ સહીત તંદુરસ્તી કેટલીયે પેઢીઓ સુધી જળવાઈ રહે છે.

અને અંતમાં

ગાય એવા અબોલ પ્રાણી અને જેને રહેવા ઘર નથી એવા ગરીબ માણસની પડખે રહીને જીવનમાં પૂણ્યરૂપી સાચી પૂંજી મેળવીએ.

**પ્રવીણ એમ.નાઈ રતનગઢ (તા.કાંકરેજ)**

## ક્ષણે ક્ષણે.. નવું શિખવાડે તેને જ કહેવાય સાચું શિક્ષણ.. પણ આજે ?

**ટેલેન્ટેડ વિદ્યાર્થીઓને તક નહીં મળતા વિદેશની વાટ પકડે છે અને તે દેશ સમૃધ્ધ બને છે ? કોણ જવાબદાર ?**




પરંતુ આજે શિક્ષક અભ્યાસ પ્રત્યે 'ફીયરલેસ' બન્યો છે. માત્ર દરમાસે આવતા પગાર, ભથ્થામાં જ રસ હોય તેમ લાગી રહ્યું છે. તેથી અપડેટ થતો નથી.. અને તેને કારણે બાળકનું ઘડતર સારી રીતે થતું નથી.

શિક્ષણ અને કેળવણી બંને વચ્ચે મોટો તફાવત છે. 'શિક્ષણ' શબ્દમાં ક્ષણ શબ્દ સમાયેલો છે ક્ષણે.. ક્ષણે શીખવવાની વાત શિક્ષણમાં આવે છે. પરંતુ આજે તોલમાપ લઈને બેઠેલા શિક્ષણ કર્મીઓ માત્ર સંસ્થાનો વ્યાપ વધારવા તરફ જ ઝોક અને'મોહ' રાખે છે તેને કારણે બાળક કેળવાતું નથી.

સમગ્ર રાષ્ટ્રને સુચારૂ રાષ્ટ્ર બનાવવું હોય તો બાળક સારી રીતે કેળવાય એ માટે દરેક શિક્ષક પ્રતિબધ્ધ બને તે અત્યંત આવશ્યક છે. એક રાજા તેના પ્રતિસ્પર્ધીને હરાવવા યુધ્ધે ચઢ્યો. ધમાસાણ યુધ્ધમાં આ રાજાની કારમી હાર થઈ. અનેક સૈનિકો મોતને ઘાટ ઉતર્યા હવે રાજાના દુર્ગમાં, બાળકો, વૃધ્ધો, સ્ત્રી, શિક્ષકો થોડા સૈનિકો બચ્યા હતા.

રાજાને કોઈ એ પુછ્યું હવે શું ?' ત્યારે રાજા કહે છે,કે 'મારે આ લડાઈ લડવી છે અને જીતવી જ છે. અને હું આજે નહીં તો કાલે તે જીતીને જ રહીશ. ત્યારે પ્રશ્ન આવ્યો.. 'કઈ રીતે ?' સૈનિકો ઓછા છે..?'

એના જવાબમાં રાજાએ જે કહ્યું તે સહુએ નોંધવા જેવું છે.. રાજાએ કહેલું કે

'શિક્ષકો તો છે ને ? જો શિક્ષકો હશે તો બાળકોમાં દેશદાઝની ભાવના જન્માવીને તેને ભાવિ સૈનિકોમાં પરિવર્તત કરી દેશે જે મને વિજયી બનાવશે.'

રાજાની આ વાતમાં શિક્ષક પ્રત્યેની છલોછલ આસ્થા જોવા મળે છે.

શિક્ષક પણ ક્ષણે ક્ષણે જાણે શીખતો રહેતો જ આનંદ અને વિવેકનો સમન્વયી

તેનામાં હોય અને તો જ આગામી વર્ષોમાં ભ્રષ્ટાચાર મુક્ત ભારત જ પરિકલ્પના મૂર્ત સ્વરૂપ પામી શકશે જ એમાં બે મત નથી.

આજે તો એજ્યુકેશન (જો કે આ શબ્દોમાં જ કેશ આવી જાય છે) એટલે બિઝનેસ એ સુત્ર અખત્યાર થઈ રહ્યું છે.. ત્યારે હાઈકોર્ટના ચૂકાદા બાદ પણ શિક્ષણ ક્ષેત્રના માંધાતાઓ ફી ઘટાડાને નહી માનીને આ ચૂકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકારવા તજવીજ શરૂ કરી છે.

શું સારો નાગરિક ઘડવા આવી નીતિ જરૂરી છે ? અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને પણ તબીબી સહિતના ઉચ્ચ અભ્યાસનાં ક્ષેત્રમાં જલદીથી એડમિશન મળી જાય તેથી ટેલેન્ટેડ વિદ્યાર્થી પરદેશમાં જઈ કમાણી કરીને તે દેશને સમૃધ્ધ બનાવે છ

આ માટે જવાબદાર કોણ ? આ પ્રશ્નોના જવાબ આપની પાસે હોય તો મને મેઘવર્ષા ૧૪, સપ્તગિરી સોસાયટી નં.૩, સાંઈમંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર વડોદરા-૩૯૦૦૧૧ અથવા મો.૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવસો હોં કે ?

પુસ્તક.. શબ્દમાં જ તક સમાયેલી છે

**મનિષ જોષી,'મૌન' વડોદરા**

## આઈબૉલે પ્રસ્તુત કર્યા એડુસાઉન્ડ આઈ ૫ સ્પીકર્સ – તેને ખાસ કરીને શિક્ષણ અને ધોરણો માટે બનાવામાં આવ્યા છે



પોતાના ખોજપરક અને નાવીનાત્મ ટેક્નીકલ ઉત્પાદનો માટે પ્રખ્યાત આઈબૉલે શિક્ષણ અને ધોરણો માટે ડિઝાઈન કરેલા કાષ્ઠથી બનેલા 'એડુસાઉન્ડ આઈ ૫ સ્પીકરના સાથે ઑડિયો ઈન્ડસ્ટ્રીમાં પોતાની વિશેષજ્ઞતા વધારવાની દિશામાં એક પગલું વધાર્યું છે. આ ખાસ કરીને પ્રેજેન્ટર્સ અને ટીચર્સને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત કરવામાં આવ્યું છે.અને આ કોઈ પણ રીતની મીંટિંગ વ્યવસ્થામાં શીખવા અને શીખવાડવાની સામૂહિક ગતિવિધિઓ અને ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રેજન્ટેશન્સને સંભવ બનાવે છે.એક આમ શિક્ષક લગભગ ૬૦ ડેસિબલ તીવ્રતામાં બોલે છે. જે ઘટતાં જતાં ૦.૭ સેકન્ડમાં ૦ ડેસિબલ સુધી પહોંચી જાય છે.આનો મતલબ એ છે કે વિદ્યાર્થી શિક્ષકથી જેટલાં દૂર બેઠા હશે, તેમને તેટલી ઓછી વાતો સંભળાશે. આઈબૉલ એડુસાઉન્ડની સાથે આ મુદ્દાનું સમાધાન કરી દેવામાં આવ્યું છે. જે દરેક દિશાઓમાં ચારેતરફ અવાજ અનુભવ પ્રદાન કરે છે.આ સ્પીકરને ઉંચાઈ પર સ્થાપિત કરી શકાય છે. જેના કારણે પાઠ દરેક વિદ્યાર્થીને એવી રીતે સંભળાય છે કે જાણે તે સામેની લાઈનમાં બેઠા હોય.

## એપોલો માઈક્રો સિસ્ટમ્સ લિમિટેડનો આઈપીઓ ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૮ના ખૂલશે



લગભગ ૨૦ વર્ષથી અસ્તિત્વ ધરાવતી નફો કરતી કંપની અને એરોસ્પેસ, ડિફેન્સ, સ્પેસ, હોમ લેન્ડ સિક્યુરિટી અને ટ્રાન્પોર્ટેશન ક્ષેત્રોમાં અખંડ નિવારણો ઓફર કરતી એપોલો માઈક્રો સિસ્ટમ્સે તેની કાર્યશીલ મૂડીની આવશ્યકતાઓ અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ભંડોળને પહોંચી વળવા માટે ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ)ની જાહેરાત કરી છે. આ આઈપીઓ ઈક્વિટી શેર દીઠ રૂ. ૨૭૦- રૂ. ૨૭૫ની પ્રાઈસ- બેન્ડ પર બુક- બિલ્ડિંગ માર્ગે ઓફર કરાતા પ્રીમિયમે રોકડ માટે પ્રત્યેકી રૂ. ૧૦ના ફેસ વેલ્યુનો રૂ. ૧૫૬.૦૦ કરોડનો છે. રિટેઈલ ઈન્ડિવિજ્યુઅલ ઈન્વેસ્ટર્સ (રિટેઈલ ડિસ્કાઉન્ટ) અને એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન (એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ)માં પાત્ર એમ્પ્લોયી બિડિંગને ઈશ્યુ ભાવ પર રૂ. ૧૨નું ડિસ્કાઉન્ટ અપાશે. બુક રનિંગ લીડ મેનેજર આર્યમાન ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ છે. આઈપીઓ ૧૦ જાન્યુઆરીએ જનતાના સબસ્ક્રિપ્શન માટે ખુલ્લો મુકાશ અને ૯ જાન્યુઆરી, ૨૦૧૮ના એન્કર ઈન્વેસ્ટરો માટે સબસ્ક્રિપ્શન ખોલવા સાથે ૧૨ જાન્યુઆરીના બંધ થશે. શેરો એનએસઈ અને બીએસઈ પર લિસ્ટેડ થશે.

એપોલો માઈક્રો સિસ્ટમ્સ લિમિટેડ ઈલેક્ટ્રોનિક, ઈલેક્ટ્રો-મેકેનિકલ, એન્જિનિયરિંગ ડિઝાઈન્સ, ઉત્પાદન કંપની છે.એપોલો માઈક્રો સિસ્ટમ્સ ઓન- બોર્ડ સિસ્ટમ્સ અને ગ્રાઉન્ડ સપોર્ટ ઈક્વિપમેન્ટ પણ ઓફર કરે છે. અમારા દ્વારા ઓફર કરાતાં નિવારણો વિકાસ અને ઉપભોક્તા પરીક્ષણો દરમિયાન ઉપયોગ કરાય છે અને નિર્માણ તબક્કામાં પુરવઠા શૃંખલાનો ભાગ બનશે.

## શાહજી એજ્યુકેશન એકેડમી દ્વારા હજરત મોહંમદ (સ.અ.વ.) સાહેબ ના વંશ પર આધારિત પુસ્તક નું વિમોચન કરવામાં આવ્યું



અમદાવાદ

શાહજી એજ્યુકેશન એકેડમી દ્વારા હજરત મહંમદ (સ.અ.વ.) સાહેબ ના વંશ પર આધારિત ધાર્મિક પુસ્તક "ધ લિનીએજ ઓફ હજરત મોહંમદ (સ.અ.વ.)" નું ૭મી જાન્યુઆરી ના રોજ ભુતપૂર્વ એમએલએ,પૂર્વ મિનિસ્ટર ઓફ સ્ટેટ હોમ એન્ડ ફોરેસ્ટ જનાબ સૈયદ ઝફર અલી નકવી હસ્તે કરવામાં આવ્યું હતું. આ પુસ્તક હજરત મોહંમદ (સ.અ.વ.)ના વંશ તથા તેમની સમાજ સેવા લક્ષી કામગીરી પર આધારિત અંગ્રેજી ભાષા માં લખાયેલ પુસ્તક છે. આ પુસ્તક પીર એ તારિકત સૈયદ બદ્રેઆલમ એહમદઅલી બુખારી દ્વારા લખવામાં આવ્યું છે. બુખારી સાહેબ ને વર્ષ ૨૦૧૬ માં ગુજરાત સાદાત એસોસીએશન તરફ થી સાદાત એક્સેલેન્સી એવોર્ડ એનાયત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભારત સરકાર ના પૂર્વ મેમ્બર અને ઉત્તરપ્રદેશ રાષ્ટ્રીય એકતા પરિષદ ના પ્રમુખ સૈયદ સૈફુલ ઈસ્લામ બુખારી અને જામીયા ઈસ્લામિયા ના જનાબ મોહમ્મદ તારીક સાહેબ ઉપસ્થિત રહ્યા હતા અને પીરે તારિકત સૈયદ બદ્રેઆલમ એહમદઅલી બુખારી દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પુસ્તક વિમોચન ની સાથે શાહજી એજ્યુકેશન એકેડમી દ્વારા મુસ્લિમ સમાજ ના બાળકો માટે પ્રોત્સાહન કાર્યક્રમ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

"મને સમાજસેવા માટે લખવાનો ઘણો શોખ છે અને અત્યાર સુધી મેં ૧૫ પુસ્તક લખ્યા છે.મારું આ પુસ્તક ધ લિનીએજ ઓફ હજરત મોહંમદ (સ.અ.વ.) થી સમાજ ના લોકો ને ઘણું શીખ્વા મળશે. શાહજી એજ્યુકેશન એકેડમી દ્રારા દરેક સમાજ ના આર્થિક રીતે નબળાં વર્ગના બાળકોને સારૂ શિક્ષણ મળી રહે તે માટે યુવકોને ઉચ્ચ અભ્યાસમાં માર્ગદર્શન તથા તેમનું કેરીઅર બનાવ્વા માટે નોકરી ની ઉજ્જવળ તકો અને માર્ગદર્શન આપવામાં આવે છે.અને મોટી સંખ્યા માં સમાજ ના બાળકો આ સંસ્થા નો લાભ લઈ રહ્યાં છે.

## સિમ્સ હોસ્પિટલે હૃદયનાં પ્રત્યારોપણની સર્જરીઓનું વર્ષ સફળતાપૂર્વક ઉજવ્યું




હૃદયનાં પ્રત્યારોપણનાં વર્ષને સફળ બનાવવા માટે સિમ્સ હોસ્પિટલે ગુજરાતનાં મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને હૃદયનાં પ્રત્યાર્પણની સર્જરી મારફતે ચાર સાજા થયેલાં દર્દીઓને અને દાતાઓનાં કુટુંબીજનોને મળવા માટે આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે જે એનજીઓ અંગદાન અંગે કામ કરી રહી છે તેનાં પ્રતિનિધિઓ પણ હાજર હતાં આ કાર્યક્રમનું આયોજન રિસર્ચ અને ઈન્ટરવેન્શનલ મેડિસિન્સ અંગે ચાલી રહેલી જોઈન્ટ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ૨૦૧૮નાં ભાગરૂપે કરવામાં આવ્યું હતું.

કાર્ડિયાક રિસર્ચનાં ક્ષેત્રે નિપુણતામાં સિમ્સ હોસ્પિટલ અમદાવાદ ઝડપથી આગળ વધી રહી છે. છેલ્લું એક વર્ષ તેમાં ખૂબ જ સફળ રહ્યું છે. ચાર સફળ પ્રત્યાર્પણ એક મોટું સિમાચિન્હ છે અને તે વિક્રમજનક સમયમાં પૂરાં કરવામાં આવ્યાં છે. પરંતુ આ તમામ દાતાઓ વિના શક્ય નહોતું કે જેમનાં કુટુંબીજનો કોઇકનો જીવ બચાવવા માટે આગળ આવ્યાં અને તમામ એનજીઓ કે જેમણે અંગો મેળવવામાં મદદ કરી. અમને એ વાતનો આનંદ છે કે મુખ્યપ્રધાન શ્રી રૂપાણી આ બાબતે અમને પ્રોત્સાહન આપવા માટે અને તમામ લોકો દ્વારા કરવામાં આવેલા પ્રયાસને બિરદાવવા માટે ઉપસ્થિત રહ્યા.

૧૭ હજાર ચો.વા.માં પથરાયેલી સિમ્સ હોસ્પિટલ અમદાવાદ એ વિશાળ જગ્યા અને આધુનિક ઈમારતનો સમન્વય છે. અહીં આધુનિક ઢબની તબીબી માળખાકીય સુવિધાઓ છે અને નિષ્ણાત ડોક્ટરોની ટીમ પણ છે.

તમામ લોકોને શ્રેષ્ઠત્તમ આરોગ્ય આપવું એ અમારો મુદ્રાલેખ છે. અમારા નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા કરવામાં આવતાં પ્રયાસો એ સરાહનીય છે. સિમ્સ ખાતે અમે શ્રેષ્ઠત્તમ માળખાકીય સુવિધાઓ, આધુનિક ટેકનોલોજીથી સજ્જ સાધનો આપવા અને દર્દીઓને ઉચ્ચત્તમ સુવિધા આપવા માટે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. એક જ વર્ષમાં હૃદયનાં પ્રત્યાર્પણની ચાર સર્જરી ખરેખર એક સિમાચિન્હરૂપ અને ગર્વ લેવા જેવી બાબત છે અને ભવિષ્યમાં પણ અમારા આ પ્રયાસો ચાલુ રહેશે.

સિમ્સ હોસ્પિટલને જેસીઆઈ (યુએસએ) એનએબીએચ અને એનએબીએલ દ્વારા માન્યતા મળેલી છે. ગુજરાતમાં હૃદયનાં પ્રત્યાર્પણનું પ્રથમ ઓપરેશન કરવાનો શ્રેય પણ તેના ફાળે જાય છે. ભારત ખાતે સિમ્સ હોસ્પિટલ ૩૦૦ બેડ ધરાવતી બે બિલ્ડિંગમાં વહેંચાયેલી હોસ્પિટલ છે જેમાં દર્દીઓ માટે એરો બ્રિજની સુવિધા છે.

# સંજીવની

દર્દ, દવા અને ડૉક્ટરના ક્ષેત્રનો વિપુલ વાંચન આપે છે...

આપની તંદુરસ્તીની માર્ગદર્શન...

# એક્રોઈલોજિંગ સ્પોન્ડિલાઈટિસ બેકપેઈન નથી

વીસથી ૩૦ વર્ષની ઉંમરે યુવાનો રોજ સવારે ઊઠીને બેકપેઈન થાય છે એવી ફરિયાદ કરે છે.જોકે આ બેકપેઈન નથી હોતું પણ એક્રોલોઈજિંગ સ્પોન્ડિલાઈટિસ હોઈ શકે છે. આ એવી બીમારી છે જેનો ઉપચાર એના લક્ષણો જણાયાનાં છથી સાત વર્ષ બાદ કરવામાં આવતા હોય છે અને ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે. પગના સાંધામાં દરદથી આ બીમારીનાં લક્ષણો દેખાય છે.

સવારે ઊઠીને શરીર ભારે લાગે છે અને જોઈન્ટ્સ,પીઠ અને કરોડરજ્જુમં પીડા થાય છે. આજના યુવાનોની બેઠાડુ લાઈફ-સ્ટાઈલ, કામ કરતી વખતે યોગ્ય રીતે બેસવાનો અભાવ અને કામના સ્ટ્રેસને કારણે આ બીમારી થાય છે.

મુંબઈની કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલનાં ડો.જ્યોતિ ઓકના કહેવા અનુસાર દેશમાં ૩૦ થી ૪૦ લાખ યુવાઓને આ બીમારી છે. આવા દરદીઓ યુવાવસ્થામાં જ હલનચલન કરી શકતા નથી અને એટલે બેકપેઈન થતું હોય તો એને ઈગ્નોર કરવાની જરૂર નથી.



# ખીચડી માંદા માટે નહીં, સાજા રહેવા માટેનો ખોરાક છે

**આરોગ્ય સંહીતા**

તાજતેરમાં એક સારી વાત બની. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા કાર્યક્રમમાં ૯૧૮ કિલોગ્રામ ખીચડીનો વિશ્વ વિક્રમ બન્યો. પરંતુ ખીચડીને રાષ્ટ્રીય ભોજન જાહેર કરાશે તેવી અટકળ વહેતી થઈ તેની સાથે કેટલાક લોકોએ વિરોધ કર્યો. કેટલાકે પોતાને તે ન ભાવતી હોવાથી વાસ્તવિક વિરોધ કર્યો તો કેટલાકે રાષ્ટ્રવિરોધી ભાવનાથી પ્રેરાઈને વિરોધ કર્યો.આપણે એ વાતમાં નથી પડવું, પરંતુ આરોગ્યની રીતે ખીચડી કેટલી ઉપયોગી છે તેની વાત કરવી છે. લોકોમાં એવી માન્યતા ઘૂસી ગઈ છે કે ખીચડી એ માંદાનો ખોરાક છે. પેટ બગડ્યું હોય ત્યારે ખવાય. તાવ આવ્યો હોય ત્યારે ખવાય. હકીકતે ખીચડી એ માંદા ન પડવા માટેનો ખોરાક છે. ખીચડી ખાવાથી સ્વાદનો આનંદ પણ મળે છે અને આરોગ્યને નુકસાન પણ થતું નથી. માંદા પડાતું નથી. ખીચડી એ મેગી-નૂડલ્સ-ચાઈનીઝ ફૂડની જેમ ઈન્સ્ટન્ટ ફૂડ છે. પરંતુ મેગી વગેરે આરોગ્યને નુકસાનકર્તા છે જ્યારે ખીચડી ફાયદારૂપ છે.

ખીચડીનાં અનેકવિધ રૂપો છે. અનેક પ્રકારે તે બનાવી શકાય છે. તેથી તેમાં એકવિધતા આવવાનું જોખમ પણ નથી. ખીચડીને બનાવવા માટે સામાન્ય રીતે ચોખા, મગની લીલી દાળ અથવા પીળી દાળ, તુવેરદાળ વગેરે વપરાય છે. તેમાં ઘી નાખીને ખવાય છે. તે સાજા થવામાં ખૂબ જ અસરકારક છે અને પચવામાં હલકી છે. ખીચડીએ અંગ્રેજી ડિશ કેડગીરીને પ્રેરણા આપી છે તો ઈજિપ્તની ડિશ કુશરી પણ તેમાંથી પ્રેરણા લઈને બનાવાઈ છે.

દૂધની જેમ ખીચડીને પણ સંપૂર્ણ આહાર ગણવામાં આવે છે. તેમાં કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીનનું સારું સંતુલન હોય છે. ખીચડીમાં મગની દાળ વપરાય છે જેમાં વિટામીન સી, મેગ્નેશિયમ, કેલ્શિયમ, પોટેશિયમ અને ફોસ્ફરસ હોય છે. વધુમાં તેમાં ૧૦ જરૂરી એમિનો એસિડ હોય છે જે પ્રોટીનનો સંપૂર્ણ સ્રોત છે. ગરમાગરમ ખીચડીમાં ગાયનું ઘી નાખીને ખાવું હિતકારી છે. ખીચડીથી કોમ્પ્લેક્સ કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન અને ચરબીનું સાચું પ્રમાણ હોય છે.માંદા હોય ત્યારે તો ખોરાકમાં ખીચડી લેવી જ જોઈએ. પરંતુ સાજા હોય ત્યારે પણ ખીચડી ખાવી હિતાવહ છે. તે પેટને અને આંતરડાંને શાંત કરે છે. પચવામાં હલકી છે. બાળકો અને વૃદ્ધો માટે પણ તે સારો વિકલ્પ છે કારણકે તે હલકી અને પૌષ્ટિક છે.અનેક લોકોને ગ્લુટેન પ્રત્યે તકલીફ હોય છે. તેમને ગ્લુટેન પચતું નથી. આવા રોગને સેલિયાક રોગ કહે છે. ગ્લુટેન એ એવું પ્રોટીન છે જે સામાન્ય રીતે ઘઉં, રાઈ (ઘઉં અને જવ વર્ગનું એક ઘાસ), જવ વગેરેમાં મળી આવે છે. ખીચડી ગ્લુટેનરહિત હોય છે. આમ, જેમને ગ્લુટેનથી તકલીફ હોય અને પૌષ્ટિક તત્ત્વો પણ જોઈતાં હોય તો તેમણે ખીચડી ખાવી જોઈએ.

ખીચડી ગમે તે સમયે ખાઈ શકાય છે. તે શરીરને કોઈ પણ અયોગ્ય તત્ત્વોથી મુક્ત કરે છે અને વાત, પિત્ત અને કફ વચ્ચે સંતુલન સાધે છે. આયુર્વેદની દૃષ્ટિએ પણ ખીચડી રોજ ખાવી જોઈએ.આમ તો ગુજરાતીઓને ખીચડી કેવી રીતે બનાવવાની તે શીખવવાની ન હોય પરંતુ નવી પેઢીમાંથી કોઈને ન આવડતી હોય તો આરોગ્યપ્રદ ખીચડી કેવી રીતે બનાવવી તે પણ જોઈ લો. ૧ ચમચી ઘી, અડધી ચમચી જીરું, લીમડાનાં કેટલાંક પાન, એક ચમચી વાટેલું આદુ, થોડીક સમારેલી ડુંગળી, અડધો કપ બી-રહિત સુધારેલા ટમેટા, અડધી ચમચી લાલ મરચું, થોડી હળદર, એક લીલા મરચાની ચીર, જરૂર પ્રમાણે મીઠું, ત્રણ ચતુર્થાંશ કપ ચોખા, ત્રણ ચતુર્થાંશ મગ દાળ અને અઢી કપ પાણી.ચોખા અને મગને લગભગ એકાદ કલાક પલાળી રાખવા જરૂરી છે. તે સારી રીતે પલળી જાય પછી જ તે ચડી જશે અને પચવામાં હલકા બને છે. આથી તેને પૂરતા પલાળી રાખી પછી તેને ધોઈ નાખો. પ્રેશર કૂકર કે તપેલીમાં ઘી ગરમ કરો. પછી જીરું અને રાઈ નાખો. પછી આદુને તળો જ્યાં સુધી સુગંધ ન આવે. પરંતુ એ પણ ધ્યાન રાખો કે તે બળી ન જાય. પછી ડુંગળી, ટમેટા અને લીલું મરચું નાખી તેને તળી લો. પછી ચોખા અને મગની દાળ નાખો. તેના પર જરૂર પ્રમાણે મીઠું, હળદર, લાલ મરચું નાખો. કૂકરમાં ચાર સિટી થાય ત્યાં સુધી તેને ચડવા દો. જો તમે તપેલી વગેરેમાં રાંધતા હો તો દાણો એકદમ ચડી ન જાય ત્યાં સુધી તેને ઉકળવા દો. આ સ્વાદિષ્ટ ખીચડી ખાવ અને તંદુરસ્ત રહો.**(જી.એન.એસ)**

# કેળાના આ ફાયદા વિશે જાણો છો તમે ?

કેળા આ સમયે બજારમાં મળતા સૌથી વધુ પૌષ્ટિક ફળોમાંથી એક છે. આ પૌષ્ટિક હોવાની સાથે ઉર્જાનુ મહત્વપૂર્ણ સ્ત્રોત છે. કેળામાદ આવા અનેક ગુણ છે જે આપણા આરોગ્ય માટે ઉપયોગી છે અને આપણા સ્વસ્થ શરીર માટે જરૂરી છે. આવો જાણીએ કેળાના મહત્વપુર્ણ ગુણ...

. શરીરને તરત ઉર્જા પ્રદાન કરવામાં કેળા સહાયક હોય છે. તેમા ગ્લુકોઝની અધિકતા હોય છે. આ ઉપરાંત કેળામાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફોરસ, લોખંડ અને તાંબુ પણ પર્યાપ્ત માત્રામાં જોવા મળે છે. આયુર્વેદ મુજબ પાકુ કેળુ શીતળ, પૌષ્ટિક, માંસવર્ધક, ભૂખ, તરસ, નેત્ર રોગ અને ડાયાબીટીશને નષ્ટ કરે છે. જ્યારે કે કાળા કેળા પાચન માટે ભારે, વાયુ, કફ અને કબજિયાત પેદા કરનારા હોય છે. મગજના આરોગ્ય માટે પણ કેળા ખૂબ લાભકારી હોય છે. આ એક પૌષ્ટિક અને મગજની ક્ષમતા વધારનારો આહાર છે. શરીરમાં રક્ત નિર્માણ અને રક્તને શુદ્ધ કરવા માટે પણ કેળા લાભકારી હોય છે. તેમા રહેલ લોહ, તાંબુ અને મેગ્નેશિયમ રક્ત નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આંતરડામાં કોઈપણ પ્રકારની સમસ્યા થતા કે ઝાડા અને મરડાનો રોગમં દહીની સાથે કેળાનુ સેવન કરવાનો ફાયદો થાય છે. વાગ્યુ હોય કે છોલાય ગયુ હોય તો કેળાના છાલટાને તે સ્થાન પર બાંધવાથી સોજા નહી થાય. તેના નિયમિત સેવનથી આંતરડાનો સોજો ખતમ થઈ જાય છે. કમળાના રોગમાં પણ કેળાનો પ્રયોગ કરવામાં આવે છે. આ માટે કેળાને છોલ્યા વગર ભીનો ચૂનો લગાવીને આખી રાત ઝાકળમાં મુકવામાં આવે છે, અને સવારે છોલીને ખાવામાં આવે છે. તેને ખાવાથી કમળાનો રોગ દૂર થાય છે. આ પ્રયોગ એકથી ત્રણ અઠવાડિયા સુધી નિયમિત રૂપે કરવો જોઈએ. પાકા કેળાને કાપીને, ખાંડ સાથે મિક્સ કરીને વાસણમાં બંધ કરીને મુકી દો. ત્યારબાદ એ વાસણને ગરમ પાણીમાં નાખીને ગરમ કરો. આ રીતે બનાવેલ શરબતથી ખાંસીની સમસ્યા ખતમ થઈ જાય છે. ગરમીમા ઋતુમાં નકસીર ફૂટવાની સમસ્યા થતા એક પાકુ કેળુ ખાંડ મેળવેલ દૂધની સાથે નિયમિત રૂપે ખાવાથી અઠવાડિયામાં લાભ થાય છે. તેનાથી નાકમાંથી લોહી આવવુ બંધ થઈ જાય છે.

# વાંઝીયા મહેણું ભાંગે – રસોનતેલ

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

સ્ત્રી જીવન નું પરમોરસ સુખ એટલે અપત્ય. કુળના સંસ્કારોને વધારી ને તેની સુગંધ પ્રસરાવે છે તે એટલે સંતાન. પૂર્વજોની કીર્તિ વધારે તે પુત્ર. આ બધી વ્યાખ્યા અને ભાવનાઓને કારણે ખોળોનો ખુંદનારની ઝંખના એટલી તીવ્ર હોય છે કે તે વિનાનું જીવન અધૂરું કે મહેણું લાગે છે.

વંધ્યત્વ એટલે કે વાંઝીયા પણું મુખ્યત્વે પુરુષ ના કારણે થાય છે અને તેના કારણ ની તપાસ અને સારવાર પણ સહેલી છે પરંતુ કેટલીક સ્થિતિમાં સ્ત્રી પણ વંધ્યત્વનું કારણ હોય છે સ્ત્રી વંધ્યત્વ ના કારણો માટે આયુર્વેદ માં એક સ્વતંત્ર અધ્યાય લખ્યો છે અને તેના ૩૦ કારણો જણાવ્યા છે. તેમના કેટલાક કારણો અને તેના ઘરેલું ઉપચાર વિષે અહી શાસ્ત્રનો વિચાર અને અમારા અનુભવ વાગોળીએ.

૧. વામીની યોની – એટલે કે જે યોની શુક્રધાતુનું વમન-ઉલટી કરી નાખે તે વામીની યોની. સામાન્ય રીતે સ્ત્રી-પુરુષ નો વ્યવાયિક સબંધ થયા પછી દોઢ કલાક પછી શુક્ર અને આર્તવબીજ (રજ) નું ફેલોપીયન ટયુબમાં મિલન થતું હોય છે. તેથી જો યોની શુક્રધાતુનું દોઢ કલાક ની પહેલા વમન – ઉલટી કરી નાખે તો ગર્ભપ્રાપ્તિ સંભવ નથી.

અહી શુક્ર ધાતુનું વમન થવું એ યોનિ પ્રદેશમાં પ્રકુપિત થયેલ અપાન વાયુ એ મુખ્ય કારણ છે – તેથી ત્યારે અપાન વાયુની યોગ્ય સારવાર થવી જરૂરી છે. તેના માટે માલીશ, તેલ પીવું , બસ્તિ અને અન્ય વાત શામક ઔષધ વૈદ્ય વિચારે છે અને દર્દીની પ્રકૃતિ અનુસાર આપે છે. તેમાં ઘણી પધ્ધતિ અને ઔષધ માંથી અમારા અનુભવ નું એક ઔષધ – રસોન તેલ વિષે વાત કરીશું.

૨. સુચીમુખી યોની – જેમાં ફેલોપિયન ટયુબ ખુબ જ સાંકડી થઈ હોય, ટયુબ બ્લોક હોય, યોની પ્રદેશ જ ખુબ જ સાંકડો હોય, ગર્ભાશયમાં કેટલાક દર્દીઓ માં પડદો હોય જેના કારણે ગર્ભ સ્થાપન થાય પરંતુ ત્રણ – ચાર મહિનાનો ગર્ભ થતાં જ ગર્ભસ્રાવ થઈ જાય આવા અનેક અવરોધજન્ય કારણો કે જેને આયુર્વેદ સુચીમુખી યોની નામનો રોગ જણાવ્યો છે.

અહી પણ D&C, CURETING અને નાનું – મોટું ઓપરેશન સ્ત્રી રોગ નિષ્ણાત સર્જન કરતા હોય છે. આયુર્વેદ માં પણ ઉત્તરબસ્તિ સારવાર અને વૈદ્યો કરીએ છીએ પરંતુ અહી પણ અનેક ઔષધો માં નું એક રસોન તેલ ના અમારો અનુભવ વાગોળીશું.

રસોન તેલ - ચરક સંહિતાના ટીકાકાર ચક્રદત કહેછે કે સારું – ચોખ્ખું લસણ ફોલીને તેની લુગદી બનાવવી, તેમાં લીલા લસણ નો રસ સોળ ગણો ઉમેરવો. તેમાં રસ ના ચોથા ભાગે કાળા તલ નું તેલ મેળવવું. તેલ વિધિથી ધીમા તાપે ખુલ્લું ઉકાળવું. રસ બધો જ બળી જાય, તેલ માત્ર રહે ત્યારે ઠારીને, ગાળીને કાચની કે ચિનાઈ માટીના વાસણ માં ભરી રાખવું.તેમાંથી ૧ થી ૨ ચમચી, સવારે – રાત્રે પીવાથી, માલીશ કરવાથી, જરૂર જણાય ત્યાં નાકમાં, કાનમાં ટીપાં પડવાથી બધી જ પ્રકાર ના ( ૮૦ પ્રકાર ના ) વાયુ ના રોગો મટે છે.

રસોન તેલ ઉપયોગથી વામિની યોની અને સુચીમુખી યોનીનું જ્યાં નિદાન અમારા ધ્વારા થયું તેવા દર્દીઓને લગ્નના ૮ વર્ષ થયાં, અઢાર વર્ષ થયાં હતાં તેઓને પણ સંતાન પ્રાપ્તિ થઈ છે.

રસોન તેલથી સફળતા મળવાનું કારણ એ છે કે – તેમાં રહેલા લસણ અને તલ તેલ માં રહેલો વાયુ નાશક ગુણ. લસણ નું બીજું નામ છે રસોન= રસ+ઉન. કુળ રસ છ હોય છે. તેમનો ખાટો રસ સિવાય ના પાંચ રસ એટલે કે ગળ્યો, ખારો, કડવો, તીખો અને તૂરો રસ લસણ માં સમાયેલા છે.

લસણ ગરમ છે, સ્નિગ્ધ, ગરમ, ભારે, બળવધારનાર, વાયુનો નાશ કરનાર, મધુર અને પચવામાં તીખું છે ઉપરાંત તે ઝડપથી પ્રસરીને રોગનો નાશ કરે છે.

આમ લસણ અને તલ તેલના સંયોજનથી બનતું રસોન તેલ વાયુના બધાજ રોગો દૂર કરે છે તેનો માલીશમાં અને પીવામાં બને પધ્ધતિથી ઉપયોગ કરીને નિષ્ણાત વૈદ્ય ગર્ભાશયગત રોગો – વામીની યોની, સૂચી મુખી યોની ના રોગો વગેરે મટાડે છે.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# સજગતાથી ઉલેચો મનને કરો ખાલી તો ઉતરશે પરમાત્માને પરમાનંદ...!

**માનસ** — **ડો. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

આપણે મોટી ભુલ તે જ કરીએ છીએ કે આપણે આપણાં શરીરને વળગી રહીએ છીએ. ખરેખર તો તેની અંદર રહેલું પરમતત્વ એ જ માત્ર અમરત્વ છે. વિવેકાનંદ આગળ કહે છે કે, ‘જે પોતાને શરીર માત્ર માને છે તે મૂર્ખ છે. આપણે એવા પરમતત્વ છીએ કે જેના કોઈ આકાર કે સ્વરૂપ હોતાં નથી. તે તત્વ અનંત સુધી વિસ્તરેલું છે અને તે કોઈ ભૌતિક વસ્તુ નથી.

કવિ દિલીપ વ્યાસ તેમની નીચેની કાવ્ય પંક્તિઓમાં કહે છે...

‘પુણ્ય અને પાણ તો ભાસે છે રમતનાં સાથી,
કરૂં છું જ્યારે શૈશવનું સ્મરણ મારામાં,
અહીં મુકત મને કાવ્યયોગ માણી લઉં,
મનેય દોહ્યલું છે તે તત્વ પ્રગટ મારામાં’

મનુષ્ય બાલ્યાવસ્થામાં હોય છે ત્યારે તેનું મન કોરી સ્લેટ હોય છે પછી તેમાં બહારથી અને અંદરના અનુભવોથી આખી દુનિયા અને તેનાં જ્ઞાનનો ભરાવો થાય છે. આ મનમાં જે કંઈપણ ભરેલું છે તે પાપ કે પુણ્ય ગમે તે હોય, પણ તે આખરે આ સંસારની જ રાજરમત છે અને તેને તે રીતે જાણી લેવામાં આવે તો અંદરનું અંદરતત્વ આત્મસ્વરૂપ, જે હંમેશા ઉંડાણમાં હોય છે તે પ્રગટ થાય છે.મન એ સતત કુદકા મારતું રહે છે તેમાં અનેક પ્રકારના વિચાર, ભાવ તરંગો ઉઠતા રહે છે. કયારેક કોઈ મનોદશા, મનોભાવથી જો વિષાદયુકત પણ પ્રતિક્રિયા ઉદભવી હોય, તો તેનો સ્વીકાર કરો. કારણ કે તેની પસંદગી કરવા જેટલા તમે સચેત ન હતા. આ કોઈ આલોચના નથી, હકીકત જ છે. તમને પસંદગીની તક હોત યા તો પસંદગી હોવાનું તમે સમજ્યા હોત, તો શું તમે પીડાને પસંદ કરતા કે આનંદને ? અસ્વસ્થતાને પસંદ કરશો કે સ્વસ્થતાને ? કલહ પસંદ કરશો કે શાંતિને ? શું તમે સુખ કલ્યાણની તમારી સ્વાભાવિક સ્થિતિથી તમારા અંતર જીવનના આનંદથી તમને વંચિત કરતા વિચાર યા ભાવનાને પસંદ કરશો કે ? આ પ્રકારની કોઈપણ લાગણી એ નકારાત્મક જ છે અથવા તે ભુરી છે. માત્ર વીસમી સદીમાં જ માનવીએ ૧૦ કરોડથી**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# આમળાનું એક ગ્લાસ જ્યુસ પીવાથી થાય છે અગણિત ફાયદા

**સાઈકોથેરાપીસ્ટ**

આપણે આ વાતને તો સારી રીતે જાણીએ છીએ કે જો આરોગ્યને સારુ રહેશે ત્યારે જ આપણે કામ પર અને

પરિવારના આરોગ્ય પર ધ્યાન આપી શકીએ છીએ. દિવસની સારી શરૂઆત એક ગ્લાસ આમળાના જ્યુસ સાથે કરવામાં આવે તો આખો દિવસ સ્ફૂર્તિ ભરેલો રહી શકે છે. સવારે ખાલી પેટ આમળાનું જ્યુસ પીવાથી શરીર સાથે જોડાયેલ અનેક પરેશાનીઓથી રાહત મેળવી શકાય છે.

૧. ગેસની સમસ્યા - આજકાલ લોકો મોટાભાગે બહારનુ જમવાનુ જમે છે. જેવા કે જંક ફૂડ મસાલાવાળો ખોરાક

જેનાથી પેટમાં ગેસની સમસ્યા થઈ જાય છે. આમળાનુ જ્યુસ પીવાથી આ પરેશાનીથી છુટકારો મેળવી શકાય છે. આમળામાં અનેક પ્રકારના શક્તિશાળી એંટી ઈફ્લેમેટરી અને એંટી-ઓક્સીડેંટ જોવા મળે છે. સાથે જ આ પેટના ટોક્સિક લેવલને ઘટાડવામાં પણ મદદ કરે છે. જેનાથી પેટમાં થનારા દુ:ખાવો અને અન્ય સમસ્યાઓમાંથી છુટકારો મળે છે.

૨. શરદી તાવમાં રાહત - આમળામાં ઘણા બધા ઔષધીય ગુણ જોવા મળે છે. જેનાથી શરદી તાવ જેવી બીમારીઓ નિકટ નથી આવતી

૩. વાળ માટે લાભકારી - આમળાના જ્યુસનુ રોજ સેવન તમારા વાળ માટે વરદાન છે. આ વાળને ઝડપથી વધારવા સાથે જ તેમને મજબૂત અને કાળા બનાવી રાખે છે.

૪. ડાયાબિટીસને કંટ્રોલ કરવુ - આમળામાં ગૈલિક એસિડ, ગૈલોટેનિન, અલૈજિક એસિડ અને કોરિલૈગિન જોવા મળે છે જે બ્લડ ગ્લુકોઝ લેવલને ઘટાડે છે અને ડાયાબિટીસને નિયંત્રણમાં રાખે છે. તેથી સવારે આમળાનુ જ્યુસ પીવાનુ ન ભૂલશો.

૪. પરસ્પર સંબંધો સુધારે - તેમા વિટામિન સી ભરપૂર માત્રામાં જોવા મળે છે. જે કારણે સેક્સ દરમિયાન ક્ષમતાને પણ વધારવામાં મદદ કરે છે. જેનાથી સેક્સ લાઈફ વધુ સારી થઈ જાય છે.

૫. મોઢાના છાલાથી બચાવ - આમળાનુ જ્યુસ તમને મોઢામાં થનારા અલ્સર ચાંદાથી બચાવવામાં મદદ કરે છે.

૬. ત્વચા ચમકાવો - આમળામાં એંટી ઓક્સીડેટિવ ક્ષમતાઓ હોવાને કારણે આ તમારી ત્વચાને વધતી વયના

પ્રભાવોને દૂર રાખવામાં મદદરૂપ છે.

૭. કેંસરથી રોકથામ - આમળામાં એંટી-ઓક્સીડેંટ, એંટી-ઈફ્લેમેટરી, વિટામિન સી અને ઈમ્યૂનોમોડ્યૂલેટરી (immunomodula-troy )ના ગુણ જોવા મળે છે. તેના જ્યુસનુ નિયમિત સેવન આપણા શરીરને કેંસરથી બચાવવામાં મદદ કરે છે.

૮. કોલેસ્ટ્રોલ કંટ્રોલ - હાઈ કોલેસ્ટ્રોલથી પરેશાન છો તો ફક્ત એક ગ્લાસ આમળાનું જ્યુસ તમારે માટે લાભકારી સાબિત થઈ શકે છે. તેના નિયમિત સેવનથી ખરાબ કોલેસ્ટ્રોલની માત્રા ઓછી થાય છે અને શરીરમાં સારા કોલેસ્ટ્રોલની માત્રા વધી જાય છે.

## આંખો પરના ચશ્મા ઉતારવાની ૫ ટીપ્સ

અહીં અમે તમને કેટલીક ટીપ્સ જણાવી રહ્યા છે જેથી તમે તમારી આંખોની સુરક્ષા કરી શકો છો. અને જો તમે ધ્યાનપૂર્વક આ ટીપ્સને અજમાવો તો તમારા આંખો પર નું ચશ્મો એનક ઉતરી પણ શકે છે.

અડધી ચમચી માખણ અડધી ચમચી વાટેલી શાકર અને થોડી કાળી મરી સ્વાદ મુજબ માત્રામાં લઈને ત્રણેને મિક્સ કરી ચાટો . એ પછી કાચા નારિયલના ૨-૩ કટકા ખૂબ સારી ચાવો. હવે થોડી વરિયાળી મુખમાં નાખી ને અડધા કલાક મુખમાં રાખી ચાવતા કે ચૂસતા રહો એન પછી ગટકી જાઓ .

દરરોજ ભોજન સાથે ૫૦ થી ૧૦૦ ગ્રામ માત્રામાં કોબીજના પાન બારીક કરી એના પર સિંધાલૂણ અને કાળી મરી નાખી ચાવીને ખાવો.

જ્યારે ગાજર હોય તો દરરોજ ૧-૨ ગાજર ચાવી-ચાવીને ખાવો એનું રસ કાઢી ભોજનના એક કલાક પછી પીવો.

ભોજનમાં કોબીજ , ગાજર ,આમળા, પાકા લાલ ટમેટા, કોથમીર, સલાદ, કેળા, સંતરા ,ખારેક , લીલી શાક ભાજી દૂધ માખણ મલાઈ વગેરે ના સેવન ઉચિત માત્રામાં જરૂર કરો.

# સર્વાઈકલ કેન્સરથી પીડાતા લોકો માટે બ્લુબેરીનો રસ છે અતિઉપયોગી, બીજા પણ છે ઘણા ફાયદા

**મન બિલોરી કાચ**

સર્વાઈકલ કેન્સરમાં રેડિયેશનની થેરપી લેતા લોકો જ્યારે બ્લુબેરીનો રસ પીએ છે ત્યારે એ તેમને સારવાર દરમ્યાન ઉપયોગી થાય છે એમ અમેરિકામાં મસૂરીની એક યુનિવર્સિટીના અભ્યાસમાં જાણવા મળ્યું છે. રેડિયેશન થેરપી વખતે શરીરના કોષ મરી જતા હોય છે જેને કારણે વાળ ખરીદ પડે છે અને અકાળે વૃદ્ધત્વ દેખાય છે, પણ બ્લુબેરીનો રસ કોષને બચાવે છે. એ રેડિયો-સેન્સિટિવ છે. વળી બ્લુબેરીમાં ફ્લેવોનોઈડ્સ હોય છે જે એન્ટિ-ઓકિસડન્ટ છે. આમ તે કેન્સરના દર્દીને ઉપયોગી નીવડે છે. મિશિગન યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલા અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે બ્લૂબેરી વજન નુકશાન મદદ કરી શકો છો. બ્લૂબેરી ખોરાક તેઓ પર હતા અનુલક્ષીને ઉંદરમાં ચરબી ઘટાડવામાં સહાય કરવા માટે મળી આવ્યા હતા. સંશોધનકર્તાઓનું માનવું છે કે બ્લૂબેરી આપણા શરીરની સ્ટોર્સ પર અસર થાય છે અને ખાંડ તોડી પાડે છે. જોકે અભ્યાસ ઉંદરો પર હાથ ધરવામાં આવી હતી અને માનવ વિષયો પર વધુ સંશોધન જરૂરી છે, ત્યાં સમાન પરિણામો સૂચવે અગાઉના અભ્યાસો છે.તેના ઉચ્ચ એન્ટી ઑકિસડન્ટ ગણતરી માટે આભાર, બ્લૂબેરી રસ કે વૃદ્ધાવસ્થાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે મફત આમૂલ નુકસાન બંધ સામે લડવામાં મદદ કરી શકો છો. એક અભ્યાસમાં, સહભાગીઓ ચાર અઠવાડિયા માટે સફરજનના રસ સાથે જોડાઈ બ્લુબેરી રસ ખાવામાં. જે વૃદ્ધ પ્રોત્સાહન અને કેન્સર જોખમ વધે છે - - ૨૦ ટકાનો ઘટાડો થયો હતો સંશોધકો કે ઓક્સિડેટીવ ડીએનએ નુકસાન જોવા મળે છે. એન્ટીઑકિસડન્ટોના પર પેક તરીકે ઉલ્લેખ નથી, બ્લૂબેરી અને બ્લુબેરી રસ એન્ટિ ઓક્સીડન્ટ્સ, જે મફત આમૂલ નુકસાન સામે લડવા ઊંચી છે. બ્લૂબેરી અન્ય ફળો સરખામણીમાં, એન્ટિ ઓક્સીડન્ટ્સ ઉચ્ચતમ રકમ ઓફર કરવા જાણીતા છે. સિવાય મુક્ત રેડિકલ લડાઈ થી, એન્ટિઓક્સીડન્ટ્સ પણ સુધારેલ એકંદર આરોગ્ય માટે જોડવામાં આવી છે.

અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે બ્લૂબેરી વપરાશ બ્લડ પ્રેશર ઘટાડો સાથે સંકળાયેલ છે. બ્લૂબેરી ૫૦ ગ્રામ વપરાશ એક દિવસ આઠ અઠવાડિયા પછી, ઉચ્ચ જોખમ હૃદય રોગ દર્દીઓ લોહીના દબાણમાં ચાર થી છ ટકાનો ઘટાડો અનુભવ્યો હતો. બ્લૂબેરી હાયપરટેન્શન મદદ કરી શકે છે,

તેઓ પણ મદદ કરી શકે છે હૃદય રોગ જોખમ ઘટાડવા તેમજ. બ્લૂબેરી હૃદયરોગ સંબંધિત જોખમ પરિબળો ઘટાડવા માટે જાણીતા છે, પરંતુ વધુ સંશોધન તે નક્કી કરવા માટે જો તેઓ હૃદયરોગનો હુમલો અથવા સ્ટ્રોક જોખમ ઘટાડી શકે જરૂરી છે. બુસ્ટ મગજ આરોગ્ય મુક્ત રેડિકલ અને ઓક્સિડેટીવ તણાવ મગજને નુકસાન શકો છો, પરંતુ બ્લૂબેરી ભખનાર આ સામનો, આમ મગજ આરોગ્ય

સુધારી ફળો મદદ કરી શકે. ૧૬.૦૧૦ બનેલી છ વર્ષના અભ્યાસ વૃદ્ધ જાણવા મળ્યું હતું કે વપરાશ બ્લૂબેરી અને સ્ટ્રોબેરી ૨.૫ વર્ષ જ્ઞાનાત્મક ક્ષતિ કરવામાં વિલંબ પડ્યો.

# શિયાળામાં રોજ ખાવ આમળા અને કરો અનેક બીમારીઓ દૂર

**આરોગ્ય**

આમળા એક એવુ ફળ છે, જેમા ભરપૂર પ્રમાણમાં એંટી ઓક્સીડેટ, પોટેશિયમ, કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, પ્રોટીન, વિટામિન્સ, મેગ્નેશિયમ,આયરન ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. જો તમે તેને ગરમ કરીને ખાશો તો પણ તેમા રહેલ વિટામિન ખતમ નથી થતા. આમળાનુ સેવન કરવાથી અનેક પ્રકારની બીમારીઓ દૂર થાય છે અને આ સારા સ્વાસ્થ્ય માટે ખૂબ જરૂરી હોય છે. આવો જાણીએ આમળાનુ સેવન કરવાથી કયા ક્યા ફાયદા થાય છે.

**૧. આખની બીમારીઓ -** આમળાનો રસ આંખો માટે લાભકારી છે. આ આખોની રોશનીને તેજ કરે છે અને મોતિયાબિંદ,રતોંધી,આંખોમાં દુખાવો જેવી પરેશાનીઓને દૂર કરે છે.

**૨. પાચનક્રિયામાં મદદ -** આમળાનુ સેવન કરવાથી ખાવાનુ સહેલાઈથી પચી જાય છે. તેથી ખાવામાં રોજ આમળાની ચટણી, મુરબ્બો, અથાણું, રસ, ચૂરણ વગેરે સામેલ કરે.

**૩. મેટાબોલિક ક્રિયાશીલતા -** આમળા મેટાબોલિક ક્રિયાશીલતાને વધારે ક હ્ેહે. મેટાબોલિજ્મ ક્રિયાશીલતાથી આપણુ શરીર સ્વસ્થ અને સુખી થાય છે.

**૪.ડાયાબીટીસ-** આમળામાં ક્રોમિયમ તત્વ હોય છે. જે ડાયાબીટીસ માટે લાભકારી માનવામાં આવે છે. રોજ આમળાનુ સેવન કરવાથી લોહીમાં ખાંડની માત્રાને નિયત્રિત રહે છે.

# પીવો આમળાનું જ્યુસ અને રહો હંમેશા ફિટ

આજના સમયમાં યૂરીન ઈંફ્કેશનની મહિલા અને પુરૂષ બંનેમા વધી રહ્યા છે. આ સમસ્યા મૂત્ર માર્ગમાં સંક્રમણના કારણે હોય છે. તેના નિદાન માટે મોંઘા પ્રોડક્તનો ઉપયોગ કર્યા પછી પણ લોકો ચિકિત્સકોના ચક્કર લગાવતા રહે છે. આ સમસ્યા માટે આમળાનું જ્યુસ આ સમસ્યાનો રામબાણ ઈલાજ છે. આ શરીરમાં અન્ય રોગ સામે લગવામાં મદદરૂપ છે.

રોજ સવારે ખાલી પેટ એક ગ્લાસ પાણી સાથે આમળાનુ જ્યુસ પીવો

તેનાથી શરીરમાં રહેલા બધા ઝેરીલા તત્વ બહાર નીકળી જશે.

તેના પેટ અને કિડની સાફ થઈ જશે

યૂરીન ઈંફેક્શનની સમસ્યા નહી રહે.

## આમળાનો આ રીતે પ્રયોગ કરવાથી માત્ર૧ અઠવાડિયામાં સફેદ વાળ કાળા થશે

આમળાનો આ રીતે પ્રયોગ કરવાથી માત્ર૧ અઠવાડિયામાં સફેદ વાળ કાળા થવા લાગે છે, આ ઉપાય સૌથી સારું અને પ્રાકૃતિક છે, જરૂર અજમાવો

આમળાના નાના-નાના ટુકડા કરી તેને છાયામાં સુકાવો. હવે તેને નારિયેળના તેલમાં ત્યાર સુધી ઉકાળો, જ્યારે સુદ્ર્જી આમળા કાળા અને કઠોર ન થઈ જાય. આ તેલ વાળની સફેદી રોકવા માટે બહુ ઉપયોગી છે.

એક મોટી ચમચી આમળાના રસ, એક ચમચી બદામનો તેલ કે થોડા ટીંપા નીબૂનો રસ મિક્સ કરી દર રાત્રે વાળમાં સારી રીતે માલિશ કરો. આ વાળની સફેદી રોકવાનો સારું ઉપાય છે.

૧૦૦ ગ્રામ આમળાને લોખંડના વાસણમાં ચાર દિવસ સુધી પલાળી નાખો. પછી તેમે વાટી ઘટ્ટ પેસ્ટ બનાવો. બ્રશથી સારી રીતે વાળમાં લગાવો. બે કલાક પછી

માથાને ધોઈ લો. થોડા દિવસો પછી વાળા કાળા થવા શરૂ થઈ જશે. અસમય સફેદ થયેલા વાળના ઉપચાર માટે લોખંડના વાસણમાં રાતભર આમળા ચૂર્ણ પલાડો. સવારે તેમાં બકરીનો દૂધ અને લીંબૂનો રસ મિકસ કરી નિયમિત વાળ પર લગાવો.

આમળાને બીટના રસમાં વાટી માથામાં લગાવવાથી વાળ ખરતા બંદ થઈ ઘના અને કાળા થવા લાગે છે. બે મહીના સુધી આ પ્રયોગ કરો.

એક કિલો આમળાનો રસ, એક કિલો દેશી ઘી, ૨૫૦ ગ્રામ મુલેઠી. આ ત્રણને હળવી તાપ પર પકાવો. જ્યારે પાણી સૂકી જાય અને તેલ બચી જાય તો તેને ગાળીને બોટલમાં ભરીલો. હવે તેને તેલની રીતે લગાવો. થોડા જ દિવસોમાં બધા વાળ કાળા થઈ જશે.

આમળાના ચૂર્ણનો લેપ બનાવો. તેને દરરોજ સવારે માથાના વાળમાં સારી રીતે લગાવો. સાબુ પ્રયોગ ન કરવું. આ પ્રયોગથી વાળ કાળા થઈ જશે.

## રંગોમાં છુપાયેલા છે ફળોના ઘણા ગુણો

ફળોના જુદા-જુદા રંગ તેમાં રહેલા પોષક તત્વોની જાણકારી આપે છે. આથી તમારી ડાઈટમાં જુદા-જુદા રંગવાળા ફળ શામેળ કરો.

પીળા કે કેસરિયા ફળ

સંતરા,ગાજર ,અનાનાસ જેવા ફળોમાં બીટા કેરોટીન ઘણી માત્રામાં હોય છે. જેને શરીર વિટામિન એ ની માત્રામાં ફેરવી નાખે છે. આ ત્વચા ,દાંત અને હાડકાની સેહત દુરૂસ્ત રહે છે.

લાલ પણ લાભકારી

તરબૂચ ,ટમેટા ,સ્ટ્રાબેરી અમરૂદ વગેરે લાલ રંગના ફળોમાં લાઈકોપિન અને એંથાસાયનિંગ હોય છે.સાથે જ આ ફળ એંટીઅક્સીડેંટથી પણ ભરપૂર હોય છે. આ ફળ ત્વચાની રંગત નિખારવાના સાથે-સાથે કેંસરથી પણ બચાવે છે.

ભૂરો રંગ :આ રંગના દ્રાક્ષ ,પત્તાગોભી ,બીટ ,કાળી ગાજર ,રીગણા વગેરે સેહત માટે ઘણા લાભકારી હોય છે. જાંબુંમાં એંટ-ીઓકસીડેંટ ગુણ રીંગણામાં એંટીકેંસર ક્લોરોજેનિક એસિડ હોય છે. જે આ રોગોથી લડવામાં મદદ કરે છે.

સફેદ :સફરજન ,કેળા,નાશપાતી જેવા ફળોમાં ઘુલનશીલ રેશા પ્રચુરમાત્રામાં હોય છે. આ ફળ સ્ટ્રોકના ખતરાને ઓછું કરે છે.

## પથારીમાં સૂઈને ટીવી જોનારાં કે સ્માર્ટફોન યુઝ કરનારાં બાળકો મેદસ્વી થઈ જાય

રાતે પથારીમાં પડીને ટીવી જોવાની કે સ્માર્ટફોન મચેડયા કરવાની આદત હોય તો એ બાળકોના ઓવરઓલ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. 'ગ્લોબલ પીડિયાટ્રિક હેલ્થ' નામના જર્નલમાં છપાયેલા અભ્યાસ મુજબ રાતના સમયે ટેકનોલોજીનો ઉપયોગ કરનારાં બાળકોમાં નબળી ઊંઘ રહે છે અને અપૂરતી ઊંઘને કારણે મેદસ્વિતાનું રિસ્ક વધે છે. અમેરિકાની પેન સ્ટેટ કોલેજ ઓફ મેડિસિનના નિષ્ણાતોએ ૮ થી ૧૭ વર્ષની વયના ૨૩૪ કિશોરોનો અભ્યાસ કર્યો હતો. તેમનું હાઈટના પ્રમાણમાં વજન, રોજિંદી આદતો, ટલેકનોલોજીનો ઉપયોગ, રાતના સમયની પ્રવૃત્તિઓ જેવાં વિવિધ પરિમાણોનો સાપેક્ષ સ્ટડી કરીને તારવ્યું હતું કે રાતના ઊંઘતાં પહેલાં ટેકનોલોજીનો નિયમિત ઉપયોગ કરતા કિશોરોની ઊંઘ પૂરી નથી થતી અને તેમનું હાઈટના પ્રમાણમાં વજન વધારે હોય છે. રાતે ટીવી અને સ્માર્ટફોન વાપરનારાં બાળકો પૂરતા કલાકોની ઊંઘ લીધા પછી પણ સવારે ઊંઘરેટાપણું અનુભવતાં હોય અને સ્કૂલ દરમ્યાન ઓછી એકાગ્રતા રાખી શકતાં હોય એવી સંભાવનાઓ વધે છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ........................................

**માનસ..**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

અધિક માનવબંધુઓની હત્યા કરી..! માનવો અન્યોન્ય પર આટલા અનહદ પ્રમાણમાં હિંસાચાર કરી શકે ? આનું એક માત્ર કારણ એ જ હોઈ શકે, અહીં 'હોઈ શકે નહીં' શબ્દપ્રયોગ કરવાની પણ જરૂર નથી, સ્વયં સ્પષ્ટ જ છે કે માણસ બેહોશીમાં જીવે છે.. તે માત્ર એક જ (પોતાના ભૌતિક વિકાસની) દિશામાં જોઈ શકવા શક્તિમાન છે. એક સાથે સર્વ દિશાઓમાં નહીં, જેટલા ધર્મો, જેટલા પંથો, જેટલા દેશ, જેટલા નેતાઓ તેટલી અલગ અલગ માન્યતાઓ, વિચારધારાઓ, પછી ભલે તે બધી એકબીજાથી તદ્દ્ન વિપરીત દિશાની જ કેમ ન હોય ? આવી વિરૂદ્ધ વિચારસરણી ધરાવતા માનવો પોતાની જ વિચારધારા કે માન્યતા માત્ર સાચી છે અને અન્યોની ખોટી છે તેમ સાબિત કરવા હત્યા તો શું સમગ્ર પૃથ્વીનો નાશ કરી દેવા માટે પણ તૈયાર છે...!!!

કબીરજી કહે છે ...

**'આતમ અનુભવ ગ્યાન કરી જોઈ કોઈ પુછે બાત**
**તો ગુંગા ગુડ ખાઈ કે કહે કૌન મુખ સ્વાદ ?**
**જો ગુંગે કે સૈન કો ગુંગા હી પહચાન**
**તોં ગ્યાની કે સુક્ખ કો, ગ્યાની હોય સો જાન..!**
**જો દેખે સો કહૈ નહીં કહૈ સો દેખે નાહીં..**
**સુને સો સમજાવે નહીં, રસના દંગ શ્રુતિકારી...**

અહીં કબીરજીનો કહેવાનો ભાવાર્થ એ છે કે મુંગો મનુષ્ય ગોળ ખાઈ લે પછી આપણે એને પુછીએ કે તેનો સ્વાદ કેવો લાગ્યો છે ? તો તે તેનું વર્ણન નહીં કરી શકે. હા, આપણે તેના ચહેરાના હાવભાવ પરથી પારખી શકીએ કે તે કેવો હોઈ શકે. તે જ રીતે જે માણસને પરમ તત્વનો અહેસાસ થયેલો છે તેને તે ફકત મહેસુસ થાય છે. તેના અંગે કંઈપણ કહેવું શકય નથી હોતું. શબ્દો સત્યને જાણનારા ઈશારા માત્ર છે. તેનાથી ઉપર છેલ્લો ખ્યાલ મેળવી શકાય છે. **ડૉ. પ્રવિણ પટેલ**

**આરોગ્ય**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

સાથે જ આમળા ખરાબ કોલેસ્ટ્રોલને ખતમ કરી સારા કોલેસ્ટ્રોલને બનાવવામાં મદદ કર છે.

૫. માસિક ધર્મમાં સમસ્યા - પીરિયડસ મોડા આવવા,વધુ રક્તસ્ત્રાવ થવો, માસિક ધર્મ જલ્દી જલ્દી આવવો અને પેટમાં દુખાવો એવી અનેક સમસ્યાઓ માટે આમળાનુ સેવન કરવુ ખૂબ લાભકારી હોય છે.

૬. મજબૂત હાડકાંઓ - આમળાના સેવનથી હાડકા મજબૂત અને તેને તાકત મળે છે. આમળાનુ સેવન કરવાથી ઓસ્ટ્રોપોરોસિસ અને આર્થરાઈટિસ, સાંધાના દુખાવામાં પણ આરામ અપાવે છે.

૭. તનાવ કરે દૂર - રોજ આમળાનુ સેવન કરવાથી તનાવમાં આરામ મળે છે. સારી ઉંઘ આવે છે.

## જે લોકો અણગમતું કામ કરે છે તેમને જલદી વૃદ્ધત્વ આવે છે : અભ્યાસ

વ્યકિત ખુશ રહે તો લાંબું જીવે એવું માત્ર ફિલોસોફરો જ નહીં, મેડિકલ સંશોધકો પણ સ્વીકારે છે. પોતાના કામથી ખુશ ન હોય અથવા તો જેને પૈસા કમાવા માટે અણગમતું કામ કરવું પડતું હોય તો એનું સ્ટ્રેસ વ્યકિતને અકાળે વૃદ્ધ બનાવી દે છે એવું ફિનલેન્ડના સંશોધકોનું કહેવું છે. પ્રોફેશનલ વર્લ્ડમાં ખુબ તાણગ્રસ્ત વાતાવરણમાં કામ કરતા હોય અથવા તો પોતાને ન ગમતું કામ કરવું પડતું હોય એવા લોકોમાં સ્ટ્રેસ-હોર્મોન્સનું પ્રમાણ વધુ હોય છે અને તેઓ પોતાના કામ અને જીવનથી નાખુશ હોય છે. ફિનલેન્ડના નિષ્ણાતોએ ૩૦ થી ૬૪ વર્ષની લગભગ ૨૯૧૧ વ્યકિતઓના રકતકણો અને શ્વેત કોષોનો અભ્યાસ કરીને ટેલોમીઅર્સની લંબાઈ માપી હતી.

એમાં તારવાયેલા આંકડાઓ પરથી વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા છે કે એજિંગ-પ્રોસેસ પર સ્ટ્રેસફુલ સંબંધો કરતાંય સ્ટ્રેસફુલ જોબની વધુ ખરાબ અસર પડે છે. શરીરના મૂળભૂત કોષ પર આવેલા ટેલોમીઅર્સની લંબાઈ પરથી વ્યકિત કેટલું લાંબુ જીવશે એની આગાહી થઈ શકે છે.

## શિયાળામાં સરસવના તેલના આ રીતે કરો ઉપયોગ , આ ૧૦ પ્રોબ્લેમ્સથી છુટકારો થશે

શિયાળામાં સરસવના તેલના ઉપયોગ ભોજનમાં કરો કે દવાના રૂપમાં ખૂબ લાભકારી સિદ્ધ થાય છે. સરસવના તેલમાં ઘણા એવા તત્વ હોય છે જે અમારી સેહત ,વાળ અને સ્કિન વગેરે પર જાદુઈ અસર મૂકે છે. આથી સરસવના તેલના ઉપયોગ પ્રાચીન સમયથી જ ભોજન અને શરીર પર લગાડવામાં પણ કરાય છે પણ ખૂબ ઓછાએ લોકો જાણે છે કે સરસવના તેલ ખૂબ સારું પેનકિલરની રીતે કામ કરે છે આજે અમે તમને જણાવી રહ્યા છે સરસવના તેલના થોડા એવા જ ઉપાયો વિશે જે ઉપયોગી અને રામબાણ ગણાય છે.

૧. સરસવના તેલમાં દુખાવોરહિત ગુણ છે જો કાનમાં દુખાવો થાય તો બે ટીપા હૂંફાણા સરસવના તેલ કાનમાં નાખી એમાં બે-ચાર કળી લસનની પણ નાખી શકો છો.

૨. સરસવના તેલ સૌંદર્યવર્ધક પણ છે , રૂપ સૌંદર્ય નિખારવા માટે ગોરા રંગ ચાહતા બેસન કે હળદરના ઉબટનમાં સરસવના તેલ નાખી લગાડો.

૩. સરસવના તેલ દિલને ચુસ્ત અને દુરૂસ્ત રાખે છે ,થોડા સમય પહેલા એક શોધમાં ખબર પડી કે સરસવના તેલ ખાતાને ૭૧ ટકા લોકોને દિલના રોગ નહી થાય.

## શિયાળામાં હૂંફાળા તડકાના આ ૫ ફાયદા તમે જાણો છો..

શિયાળાના મૌસમમાં તડકો લેવાની એક અલગ જ મજા છે. આ ન માત્ર તમને શિયાળાના મૌસમમાં ગરમાહટ આપે છે પણ ઘણી સ્વાસ્થયની સમસ્યાઓથી પણ બચાવે છે.

જો તમેને ખબર ન હોય તો જરૂર વાંચો. શિયાળામાં હૂંફાળો તાપ લેવાથી થનારા આ ૫ શારિરિક અને માનસિક સ્વાસ્થય લાભ -

૧. તડકામાં બેસવાથી તમને ભરપૂર માત્રામાં વિટામિન ડી મળે છે જે તમારા હાડકાઓના વિકાસ માટે જરૂરી છે. તે સિવાય સાંધાના દુખાવા અને ઠંડના કારણ થનાર શારીરિક દુખાવામાં પણ આરામ મળે છે.

૨. શિયાળામાં તડકો લેવાથી સૌથી મોટો ફાયદો છે કે ઠંડના મૌસમમાં તમારા શરીરને ગરમી આપે છે અને તમારી ઠંડીની અકડનથી પણ બચાવે છે. તડકો લીધા પછી આ દિવસોમાં તમારી કાર્યક્ષમતામાં વધારો થાય છે.

૩. ઉંઘ ન આવવાની સમસ્યા થતા દરરોજ તડકામાં બેસવું ખૂબ ફાયદાકારી હોય છે. તેનાથી મગજ પણ તનાવ મુક્ત રહે છે અને રાત્રે ઉંઘ પણ સારી આવે છે.ઉંઘન માટે આ રામબાણ ઉપાય છે.

૪. શરીરના કોઈ ભાગ પર થનાર ફંગલ ઈંફેક્શનને ઠીક કરવા માટે તડકો લેવું ફાયદાકારી છે. ભેજ ના કારણે થનાર કીટાણુઓના સંક્રમણને રોકવામાં તડકો કારગર હોય છે.

૫. તડકામાં બેસવું શરીર લોહી જમવાની પ્રક્રિયાને રોકે છે અને લોહી સંચારને સારું કરે છે. સાથે જ ડાયબિટીજ અને હૃદય સંબંધી રોગોમાં પણ તડકો લેવું લાભકારી હોય છે.

# શિયાળામાં સ્વસ્થ રહેવા માટે સાવધાનિઓ

શિયાળાના મૌસમની શરૂઆત થઈ ગઈ છે. પણ બદલતા મૌસમમાં તમારું સ્વાસ્થય ખરાબ થઈ શકે છે. ધીમે- ધીમે આવતી શિયાળા ચુપકેથી શરદી-ખાંસી કે તાવના રૂપમાં ખતરનાક હુમલા કરે છે. આ મૌસમમાં સ્વાસ્થયના ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. સારા સ્વાસ્થય માટે રાખો ૮ સાવધાનીઓ

૧. જેટલી વધારે શકય હોય તમારા હાથ ધુઓ જેથી કીટાણુ પગ ન પસાર શકે. આ કીટાણુ મૌસમના રોગોને જન્મ આપી તીવ્રતાથી ફેલાવે છે. તો હાથથી જ વધારે ફેલે છે.

૨. વધારે તનાવ લેવાથી બચવું . કારણકે આ તમારા શરીરના રોગો અને સંક્રમણતેહે લડવાને ક્ષમતા છે એમાં મુશ્કેલી ઉભી કરે છે.

૩. દરરોજ આશરે અડધા કલાક વ્યાયામ જરૂર કરો. એનાથી શરીરના રોગોથી લડવાની ક્ષમતા મજબૂત થશે અને શરીરમાં ગર્મી બની રહેશે.

## જો તમે પણ ફુલાવર ખાઓ છો તો આ વાંચવું તમારા માટે બહુ જરૂરી છે

ફુલાવર માત્ર એક શાક જ નહી પણ તેમાં તમારા આરોગ્યને સારું રાખવા ઘણા ગુણ હોય છે. ફુલાવરને તેમના આહારમાં શામેળ કરી તમે ઘણા રોગોથી બચી શકે છે.

સાથે જ ઘણા રોગ થતા પર તમે ફુલાવરથી તેમનો ઉપચાર પણ કરી શકે છે. સરળતાથી મળતી ફુલાવરમાં ઘણા ઔષધીય ગુણ પણ છે. ફુલાવરને પકાવીને અને કાચુ સલાદ રૂપમાં ખાઈ શકાય છે. પણ વધારે લાભ માટે તેને કાચી ખાવી જ સારું રહે છે.ફુલાવરને વધારે પકાવવાથી તેમાં રહેલ પોષક તત્વ અને વિટામિન નષ્ટ થઈ જાય છે.

તેમાં રહેલ ફાઈબર વજન ઓછું કરવા અને પાચન ક્રિયાને ઠીક રાખવામાં મદદ કરે છે. તેમાં ઉપસ્થિત ગુણ ઔષધીય ગુણોની રીતે પ્રભાવી અને ફાયદકારી છે.

ફુલાવરમાં એવા તત્વ અને ઘટક છે. જે માનવ શરીરમાં રોગ પ્રતિરોધક શક્તિને વધારે છે અને સમયમાં આવનારી વૃદ્ધાવસ્થાને રોકે છે. ફુલાવરમાં દૂધ બરાબર કેલ્શિયમ હોય છે. જે હાડકાઓને મજબૂત કરે છે. ફુલાવરના વચ્ચે ઉતેમજક, પાચન શકતિને વધારવા અને પેટના કૃમિને નષ્ટ કરતા હોય છે.આવો જાણીએ

ફુલાવર ખાવાથી શું લાભ હોય છે.

ફુલાવરના સેવનથી મોતિયાબિંદનો ખતરો ઓછું થઈ જાય છે. તેના સતત સેવનથી શરીરમાં બીટા કેરોટિન વધી જાય છે. જેનાથી આંખ સ્વસ્થ રહે છે.

ફુલાવર એક એવી શાક છે જેના સેવનથી વજનને પણ ઓછું કરી શકાય છે. ફુલાવરમાં માત્ર ૩૩ કેલોરી હોય છે જેનાથી વજન નહી વધે છે. ફુલાવરનો સૂપ શરીરને ઉર્જા આપે છે પણ વસાની માત્રાને ઘટાડે છે. બવાસીર થતા જંગલી ફુલાવરનો રસ કાઢી તેમાં કાળી મરી અને શાકર મિક્સ કરી પીવાથી મસાથી લોહી નિકળવું બંદ થઈ જાય છે.

## આઘાતજનક ઘટનાઓ બહુ લાંબી અને ઉંડી અસર કરે છે : અભ્યાસ

લંડન

આઘાતજનક ઘટનાઓ બહુ લાંબી અને ઉંડી અસર છોડી જાય છે. એટલી ઉંડી અસર કે એ બીજી પેઢી સુધી રહે છે. ખાસ કરીને સ્ત્રીઓમાં આ જનરેશનમાં લોંગ અસર જોવા મળી છે. અત્યંત હિંસક, ઈમોશનલી તિરસ્કૃત વાતાવરણમાં ઉછેર થયો હોય તો એની અસર છોકરીઓમાં બહુ ઉંડી હોય છે. પેરેન્ટસ છુટા પડી ગયા હોય કે દેશમાં યુધ્ધના સમય જેવી કટોકટી થઈ હોય તો એનો આઘાત અને ભોગવવી પડેલી હાલાકીઓની અસર બાળમાનસમાં બહુ ઉંડે અંકિત થાય છે જે સ્ત્રીઓ પોતાની દિકરીઓમાં પણ જાણ્યે અજાણ્યે વારસામાં આગળ આપે છ બને કે તમે તમારી દિકરીને કોઇ જ અણગમતા સંજોગોમાં ન મુકતા હો,પણ તમારા માનસમાં રહેલી આઘાતજનક મેમરીની અસર તમારી દિકરીના મગજમાં અને તેના બિહેવિયરમાં રહે છે.

આ અભ્યાસ સ્વીડન અને ફિનલેન્ડની બે અલગ અલગ યુનિવર્સિટીઓના અભ્યાસ કર્તાઓએ તારવી છે. અભ્યાસકર્તાઓનું કહેવું છે કે આઘાતજનક અથવા તો ટ્રોમેટિક અનુભવોને કારણે બોડીમાં થયેલા કેમિકલ ચેન્જને કારણે જનીનગત બદલાવ આવે છે.આવા સંજોગોમાં જુની પેઢીનીમાનસિક સ્ટ્રેસની અસર ઘટાડવા માટે બાળકોને અત્યંત પોઝીટીવ અને પોષક વાતાવરણ આપવામાં આવે એ જરૂરી બની જાય છે.

**મોટી ઘરનાળ..**

**પાના નં .૮ ચાલુ**

આ બાબતે ચોકીદાર યુવકે ગ્રામજનોને જણાવતા ગ્રામજનો એક જગ્યાએ ભેગા મળીને આ વાઘરી ઈસમે કરેલા દબાણનું જાત નિરીક્ષણ કર્યુ હતુ અને આ દબાણ ખાલી કરવા જણાવાયુ હતુ અને નવુ દબાણ ન કરવા જણાવાયું હતું. તેમજ આ અંગે તાલુકા તેમજ પ્રાંત કચેરીએ જાણ કરવા જણાવાયુ હતુ અને આ અંગે તંત્ર દ્વારા પણ કોઈ પગલા ભરવામાં નહિ આવે તો મૌખિક આંદોલનની ચીમકી પણ ગામલોકોએ આપી હતી.

સરકાર દ્વારા વૃક્ષો વાવોના દેખાવો સામે ઉભેલા વર્ષો જુના વૃક્ષોની જાળવણી કરાય તો જ પર્યાવરણ બચી શકે. નહીતર ગ્લોબલ વોર્મિંગનો ખતરો મંડરાયેલો છે જ.

**બનાસકાંઠામાં શિયાળાની..**

**પાના નં .૮ ચાલુ**

પશુપાલકો ઘાસચારાની મોટી માંગ કરતા હોય છે જેને લઈ શિયાળાની ઋતુમાં સુકા અને લીલા ઘાસચારાના ભાવ પણ વધારે હોય છે જેમાંય આ વર્ષે જિલ્લામાં થયેલી અતિવૃષ્ટીના કારણે પશુ પાલકો દ્વારા સંગ્રહ કરેલા સુકો ઘાસચારો પણ બગડી જવા પામ્યો હતો જેથી શિયાળાની શરૂઆતમાં સુકાઘાસચારાની માંગ ઉઠી હતી. જિલ્લાના સરહદી પંથકના વિસ્તારોમાં સુકા ઘાસચારાની વિશેષ માંગ જોવા મળી રહી છે જેને લઈ રસ્તાઓ હાઈવે પર સુકોઘાસચારો ભરીને જતી ટ્રકો અને ટ્રેક્ટરો જોવા મળી રહ્યા છે. જિલ્લામાં પશુઓની સંખ્યા પણ સૌથી વધારે છે. ત્યારે પશુપાલકો દ્વારા પશુઓ માટે ચાલુ વર્ષે શિયાળાની ઋતુમાં પણ ઘાસચારાનું સૌથી વધુ વાવેતર કર્યુ છે જિલ્લામાં રાયડાને બાદ કરતાં ઘાસચારાનું ૧૪૭૬૫૮ હેક્ટર જમીનમાં બીજા નંબરે વાવેતર થવા પામ્યુ છે ત્યારે શિયાળાની ઋતુ જામતાં સુકા સહિત લીલા ઘાસચારાની મોટી ખપત રહેલી છે જેને લઈ સુકા સહિત લીલા ઘાસચારાનો પણ ખુબ સારો ભાવ મળે છે.

**કાંકરેજ તાલુકામા...**

**પાના નં .૧ ચાલુ**

કાંકરેજ તાલુકામાં સાચા ખેડુતોને અન્યાય થયો હોવાનો આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે ખોટા ખેડુતોના નામે ટેકાના ભાવે કોણે કેટલી મગફળી વેચી?? આવા ખેડુતોએ જમીન ધોવાણ- પાક નિષ્ફળતાના નામે કેટલા સરકારમાંથી લીધા?? કાંકરેજ તાલુકા પંચાયતમાં આ કૌભાંડનો મુખ્ય સુત્રધાર કોણ?? કાંકરેજ તાલુકામાં ખેડુતોના નામે ચાલતા મોટા ષડયંત્રનો પર્દાફાશ થશે ખરો ?? કે બનાવટી દૂધની જેમ સાચા દૂધમાં ભળેલું રહીને લોક આરોગ્યની જેમ ખેડુતો સાથે છેતરપીંડી કરતું રહેશે?? લોકસેવકો- ખેડુતો જાગશે?? સાચા ખેડુતોને ન્યાય મળશે??

**બોલિવૂડ એક્ટર...**

**પાના નં .૧ ચાલુ**

વાર્તાલાપ કરી તેઓ સાથે સેલ્ફી પણ લીધી હતી. બોલિવૂડ એકટર આમીરખાનને જોવા માટે ચાહકોની ભીડ ઉમટી હતી. આમીરખાને પાલનપુર વાસીઓને નમસ્તે કર્યા હતા.

પાલનપુરની શૈક્ષણિક સંસ્થાની ૭૦ વર્ષની ઉજવણીમાં વિશ્વના ૪૭૦ જૈન અગ્રણીઓ સહિત પદ્મભૂષણ દિપક પારેખ, ફિલ્મ કલાકાર આમીરખાન સહિત ના અગ્રણીઓ હાજર રહ્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

**આગથળા પોલીસ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

નથી કરતો શાનો હપ્તો આપું તો એમણે તેમની ગાડીનો દરવાજો ખોલી ને ઈશારો કર્યો કે જોઈ લે જો વધારે ટક ટક થયો તો આ દારૂ તારી ગાડીમાં મૂકી ને ધંધે લગાડી દઈશ એટલે મેં કહ્યું કે સાહેબ હાલ તો મારા ખિસ્સામાં ૫૦૦ રૂપિયા છે એ લઈ લો એટલે એમણે એટલા લીધા અને બાકીના કાલે મોકલી આપજે એમ કહી મને છૂટો કર્યો ત્યારબાદ હું ઘરે ગયો પણ અને બીજા દિવસે મારા મિત્રોને વાત કરી તો કહ્યું કે આ કોન્સ્ટેબલનો આ ધંધો જ છે માટે એના લફરામાં પડ્યા વગર એને આપી દેજો અને બીજા દિવસે હું તેમની પાસે ગયો તો મને કહે શુ કર્યું વ્યવહારનું એટલે મેં હમણાં પૈસા ની સગવડ નથી તો મને મા-બેન સમી ગાળો બોલવા લાગ્યો અને જોઈ લેવાની ધમકી આપી એટલે મારે કાયમ ભાડે ગાડી ફેરવવાનો ધંધો હોવાથી આ કોન્સ્ટેબલ ક્યાંક મને ખોટી રીતે ફસાવી નાખે અથવા મારા વિરુદ્ધ કોઈ ષડ્યંત્ર કરાવે તેવો ભય રહે છે એટલા માટે આ કોન્સ્ટેબલ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા લેખિત ફરીયાદ જિલ્લા પોલીસ વડાને કરી હતી અને જેના પરિણામે જેની જાણ લાખણી વિસ્તારના લોકોને થતાં તેમને આ કોન્સ્ટેબલની બદલી થાય અને તેના વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

**બનાસડેરીના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

વિભાગના ઝોનલ ઓફિસરો, સમગ્ર જિલ્લાના ફીલ્ડ સ્ટાફના સુપરવાઈઝરો અધિકારીઓ ઓફિસના કર્મચારીઓ ભાઈઓ તથા બહેનો વિશાળ સમુદાયમાં હાજર રહી વિદાય સમારંભ યોજાયેલ છે. બનાસડેરીની ચડતી પડતી રુબરુ નિહાળેલ છે. પાયાના કર્મચારી તરીકે કરેલ કામગીરીને સમગ્ર સ્ટાફ તરફથી બિરદાવી સાલ, સાકર, વીંટી સાથે અનેક શુભેચ્છાઓ પાઠવેલ. આમ બનાસડેરી તરફથી સમાજ જીવન અને રાજકીય કાર્યકિર્દી બનાસડેરીના આભારી છે. આ પ્રસંગે ડૉ.હરિભાઈ, હરિભાઈ ધુલીયા, જેસંગભાઈ ધુલીયા, ગુલાબભાઈ ચૌધરીએ નિર્વતી પછી સ્વાસ્થ્ય સારુ રહે લોકોના કામ કરો તેથી શુભકામનાઓ પાઠવી હતી. પંચાણભાઈએ પણ સમગ્ર સ્ટાફનો આભારની લાગણી વ્યક્ત કરેલ છે.

**થરા - હારીજ - નાના જામપુર...**

**પાના નં .૮ ચાલુ**

ની સામાન્ય રોડ મુલાકાતમાં દશ જેટલા ઓવરલોડ રેત ભરેલા ટ્રક-ટર્બા પકડાયા. જો બનાસ નદી પર વિસ્તાર સાથે જોડાયેલા નાના જામપુર- થરા- ખારીયા- હારીજ રોડ પર ખાલી ટર્બા- ટ્રક પાછળ ખાનગી વાહનમાં રેતખનન પ્રવૃત્તિના મુળ સુધી કોઈ બાહોશ પ્રામાણિક અધિકારી પહોંચે તો રાજ્યનું સૌથી મોટું રેતખનન પ્રવૃત્તિનું હબ સ્ટેશન પકડાય તેવું ખેડુતો -ગ્રામજનો જણાવી રહ્યા છે. આ વિસ્તારમાં ઓચિંતો દરોડો પાડવામાં આવે તો ચોરીના મોટા વાહનો - ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમોને બીજી પ્રવૃત્તિનો પર્દાફાશ થાય તેવી પણ એક ચર્ચા છે. બનાસ નદી પટ વિસ્તારમાં રેતખનન પ્રવૃત્તિ બેફામ કોઈ મોટાં માથાના ઈશારે ચાલી રહી હોવાની પણ લોકચર્ચા છે.

કાંકરેજ તાલુકાના થરા- નાના જામપુર- થરા- ટોટાણા- હારીજ રોડ પર ચોવીસ કલાક ઓવરલોડ રેત ભરીને દોડતા વાહનોને પકડવામાં કાંકરેજ મામલતદાર, થરા પીએસઆઈ, શિહોરી સીપીઆઈ દિયોદર ડીવાયએસપી ભૂસ્તર ખાણ ખનીજ વિભાગ કે આરટ-ીઓમાંથી કોણ સફળ થશે?? ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જવામાં આવા ઓવરલોડ વાહનો મહત્વની ભુમિકા ભજવી રહ્યાં છે. ત્યારે કાંકરેજ તાલુકાની પ્રજાનો આ વિકટ પ્રશ્ન ઉચ્ચ અધિકારીઓ ધ્યાનમાં લેશે?? કંબોઈ ચાર રસ્તા કરતાં વધુ ઓવરલોડ રેત ભરેલાં વાહનો આ બંને રસ્તા પર પકડાય તેવી લોકોની રજુઆત છે.

**ડીસાના ગુલબાણી...**

**પાના નં .૮ ચાલુ**

જેમાં સ્થાનિક રહીશોનું મોટું ટોળું ડીસા ઉત્તર પોલીસ મથકે પહોંચ્યું હતું અને બિલ્ડરના માણસો દ્વારા દાદાગીરી કરી સ્થાનિકોને ધમકાવવામાં આવતા હોવાની રજુઆત કરી હતી.જોકે આ ઘટના બાદ મોડી સાંજ સુધી કોઈ જ પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી. આ વિવાદિત સ્થળનો કેશ અત્યારે પણ કોર્ટમાં ચાલી રહ્યો છે.

**બનાસકાંઠામાં..**

**પાના નં .૮ ચાલુ**

જેવા રોગોની શક્યતા ઓછી જણાઈ રહી છે. સતત ઠંડીના પગલે છેલ્લા કેટલાક સમયથી લઘુતમ તાપમાન ૧૦ ડીગ્રી આસપાસ નોંધાતું હતું હિમાલય ક્ષેત્રના ઉત્તર પૂર્વીય પવન ફૂકાંતા બર્ફીલા પવનને કારણે લોકો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. દિવસ દરમિયાન પણ ફુંકાઈ રહેલા ઠંડા પવનને કારણે લોકો તડકામા અને ગરમ - વસ્ત્રોનો આશરો લઈ રહ્યા છે. હવામાન વિભાગના સુત્રોએ જણાવ્યા મુજબ ઠંડીનો ચમકારો યથાવત રહેશે. બનાસકાંઠા જિલ્લાના પીયત વિસ્તારોમાં ખેતી પાકોમાં રવિ સીઝન ખીલી ઉઠી છે. ત્યારે પડતી ઠંડીઆ સીઝન માટે ફાયદા કારક હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. જોકે હીમવર્ષા ન થાય તો ખેડૂતોને આ ઠંડીથી સારો ફાયદો રહેશે તેવું જોવાઈ રહ્યું છે. આમ, ડીસા પંથકમાં બીજા તબક્કામાં આવેલી ઠંડીના પ્રકોપ લોકોને તિરવ્ર ઠંડીનો અહેસાસ કરાવી દીધો છે.

**લાખણીમાં રહેતો..**

**પાના નં .૮ ચાલુ**

દાંતથી જ નારિયેળ છોલવાની શરૂઆત કરી અને તેમાં ફાવટ પણ આવી ગઈ અત્યારે કોઈ પણ મંદિરમાં દર્શનાર્થી નારિયેળ છોલવાનું વિચારતો હોય અને તેની નજર પડે તો તરત જ દર્શનાર્થીને દાંત થી જ નારિયળ છોલીને આપી દે છે તેમજ જીગર ગામમાં નીકળે તો બધા મિત્રો નારિયળ છોલવાની કરામત જોવા સ્વખર્ચે નારિયેળ ખરીદી જીગર ને આપે છે અને જિગર ફક્ત ૬ થી સાત સેકન્ડમાં નારીયેળ છોલીને આપી દે છે.

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## શ્રી સાર્વજનિક ઉ.મા.શાળાનું ગૌરવ

વારાહી

શ્રી સાર્વજનિક ઉચ્ચતર માધ્યમિક શાળા, વારાહીમાં અભ્યાસ કરતી ઠક્કર પ્રાચી વસંતભાઈએ નેશનલ ઈલેક્શન ક્વીઝ- ૨૦૧૭ માં સમગ્ર સાંતલપુર તાલુકામાં પ્રથમ નંબરે આવેલ. ત્યારબાદ જિલ્લા કક્ષાએ યોજાયેલ આ સ્પર્ધામાં દ્વિતીય નંબર મેળવેલ. જે બદલ શાળાના આચાર્ય પી.આર. પંચાલે આ વિદ્યાર્થીનીને પ્રોત્સાહિત કરેલ અને સન્માન કરેલ.

## નદાસામાં માતા-પુત્રના અગ્નિસ્નાન મામલે ફરિયાદ

મહેસાણા

મહેસાણાના નાદાસામાં માતા-પુત્રના અગ્નિ સ્નાનના મામલે મરણ જનાર પરિણીતા સાથે સાંથલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે. જાણાવા મળતી વિગતો અનુસાર મહેસાણાના દેદીયાસણ જીઆઈડીસી ખાતે રહેતા અને મૂળ નાદાસાના મહેન્દ્રભાઈ હરજીતભાઈ પરમારે ગત મંગળવારે નાદાસાના શીલ્પાબેન ભાયચંદભાઈ ઉર્ફે ભરત પરમાર સામે સાંથલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર શિલ્પાબેન પરમારના લગ્ન વર્ષ ૨૦૧૨ માં થયા હતા સંતાનમાં દોઢ વર્ષનો પુત્ર જીત હતો. દરમ્યાન કોઈ અગમ્ય કારણસર શીલ્પાબેન પરમારે પુત્ર જીત સાથે અગ્નિ સ્નાન કરી લેતાં બંનેના મોત નિપજ્યાં હતાં સાંથલ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

## મોડાસામાં ગેરકાયદેસર ગર્ભ પરિક્ષણ કરનાર ગાયનેકની ધરપકડ

મોડાસા

આ જિલ્લાનાં મોડાસા ખાતે એક ગાયનેક હોસ્પિટલમાં ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ થતો એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં એક ગર્ભ પરીક્ષણ કરનાર એક ગાયનેક ઝડપાયો હતો. અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર મંજૂરી વગર સોનોગ્રાફી કરવાનો ધંધો ઘણો ફૂલ્યો ફાલ્યો છે. મળતી બાતમીને આધારે જિલ્લા આરોગ્ય અધિકારીની સૂચનાથી તાલુકા આરોગ્ય અધિકારી ડોકટર જિજ્ઞા પટેલ દ્વારા ગેરકાયદેસર સોનોગ્રાફી મશીનથી ગર્ભપરીક્ષણ બાબતે ક્રોસ ચેકિંગ કરવામાં આવ્યું હતું. નિધિ હોસ્પિટલનાં ડોક્ટર દિપક ખીલવાણી દ્વારા ગેરકાયદેસર દર્દીઓનું સોનોગ્રાફી કરતા હોવાનું જણાયું હતું. જેથી આરોગ્ય વિભાગની ટીમે સોનોગ્રાફી મશીન શીલ કર્યું હતું. તેમજ મશીનની હાર્ડડિસ્ક એફ્એસએલમાં પરીક્ષણ માટે મોકલી આપવામાં આવી છે. જો કે એફ્એસએલનાં રિપોર્ટ બાદ આ અંગે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવશે.

## વિજાપુર તાલુકામાં ત્રણ વર્ષ પૂર્વે સગીરાનું અપહરણ અને બળાત્કારના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સજા

મહેસાણા

વિજાપુર વિસ્તારમાં ત્રણ વર્ષ પૂર્વે સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ તેણીની મરજી વિરૂધ્ધ તેની પર દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીને મહેસાણા કોર્ટે ગુનેગાર ઠેરાવીને ૧૦ વર્ષની કેદની સજા તથા રૂા. ૧૦ હજારનો દંડ તથા ભોગ બનનારને રૂા. ૫ હજાર વળતર પેટે ચુકવવાનો હુકમ કર્યો હતો. કોર્ટે સજા સંભળાવતા જ આરોપી પક્ષમાં દુઃખ સાથે સન્નાટો છવાઈ ગયો હતો. જાણવા મુજબ વિજાપુર તાલુકાના એક ગામની સગીરાને તાલુકાના ખદલપુરનો દેવેન્દ્ર ભગાજી ઠાકોર લગ્નની લાલચે ગત ૨૬ ડિસેમ્બર ૨૦૧૪ ના રોજ ભગાડી ગયો હતો. જેની જાણ સગીરાના પરિવારને થતાં વિજાપુર પોલીસ મથકે આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી. બાદમાં પોલીસે ઝડપી કાર્યવાહી કરતાં આરોપીની ધરપકડ કરી હતી. સદર કેસ મહેસાણા ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં ચાલી જતાં વકીલની દલીલ અને પુરાવાને ધ્યાનમાં લઈ આરોપી જીતેન્દ્રજી ઠાકોરને ૧૦ વર્ષની કેદ અને રૂા. ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. તેમજ ભોગ બનનાર કિશોરીને પાંચ હજારનું વળતર પેટે ચુકવવાનો આદેશ કર્યો હતો.

## પાટણઃ યુનિ.ની ઓનલાઈન ફી પદ્ધતિમાં વધારાના ચાર્જ ઘટાડવા રજૂઆત

પાટણઃ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓનલાઇન ફી ભરવાની પ્રક્રિયા શરુ કરાઇ છે પણ તેમાં વિદ્યાર્થીઓ પાસેથી અલગ અલગ રૂ.૧૬૦થી ૩૦૦ સુધીના ચાર્જ લેવામાં આવી રહ્યા છે. જે વિદ્યાર્થીએ ભોગવવાં ન પડે તે માટે યોગ્ય નિર્ણય કરવા અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદે ગુરુવારે કુલપતિને આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી. એબીવીપીના જિલ્લા સહ સંયોજક મહેન્દ્રસિંહ ચૌહાણ તેમજ અન્ય સભ્યોએ આવેદનપત્રમાં ઓનલાઇન ફી ભરવાની સિસ્ટમને આવકારી છે પણ આ પ્રક્રિયામાં છાત્રોને યુઝર નેમ અને પાસવર્ડમાં તકલીફ પડી રહી છે.

## પાટણના છીંડીયા દરવાજાના સમારકામમાં પાલક સાથે પશુ અથડાતા ત્રણ શ્રમિકો પટકાયા

પાટણ

પાટણ શહેરમાં જર્જરિત બનેલા પૌરાણિક રાજા- મહારાજાઓ વખતના તોતીંગ દરવાજા - કિલ્લાઓનું સમારકામ ચાલુ છે. જે અંતર્ગત શહેરના છીંડીયા દરવાજાનું પણ છેલ્લા કેટલાક સમયથી સમારકામ જારી છે. ત્યારે ગત બુધવારે પાલક બાંધી શ્રમિકો કામ કરતા હતા. તે સમયે જ રખડતા અને તોફાને ચઢેલા ઢોરો લડતા લડતા પાલકને અથડાતા ત્રણેય શ્રમિકો નીચે પટકાયા હતા. જેમાં એક ને વધુ ઈજા થવાથી શહેરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. જાણવા મળતી વિગતો અનુસાર પાટણ શહેરમાં છીંડીયા દરવાજાનું સમારકામ ચાલુ છે. ત્યારે ગત બુધવારે ત્રણ મજુરો પાલક બાંધી પ્લાસ્ટર કામ કરી રહ્યા હતા. ત્યારે નીચે રસ્તા પર બે આખલાઓ લડતા લડતા પાલક પાસે આવી અથડાતા ત્રણે મજુરો નીચે પટકાયા હતા. બાદમાં ૧૦૮ ને ફોન કરી બોલાવતા ૧૦૮ ના કર્મીઓએ બે માણસોને પ્રાથમિક સારવાર આપી હતી. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત પ્રકાશ પરમારને જનતા હોસ્પિટલમાં રિફર કરવામાં આવેલ.

## દોરી-પતંગની તકરારમાં ગામના જ કિશોરે કરી હતી ચીકણાના ૯ વર્ષના બાળકની હત્યા

મહેસાણા

મહેસાણા જિલ્લામાં આવેલા સતલાસણા તાલુકાના સરદારપુરાના ચીકણા ગામમાં હિરણ્ય ઠાકોર નામના કિશોરની હત્યાનો ભેદ આખરે ઉકેલાઈ ગયો છે. ૧૦ દિવસથી કિશોરની લાશ એક સપ્તાહ બાદ હત્યા થયેલી હાલત મળી હતી. તેના કારણે પરિવારજનોની સાથે જ ઠાકોર સમાજ દ્વારા હત્યાનો ભેદ ઉકેલવાની પોલીસ સમક્ષ ઉગ્ર માંગણી કરી હતી.

ઠાકોર સમાજ દ્વારા આંદોલનની ચિમકી વચ્ચે મહેસાણા એલ.સી.બી.પોલીસે હાથ ધરેલી તપાસમાં આખરે સફળતા મળતા હિરણ્ય ઠાકોર નામના કિશોરની હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો છે. જેમાં ગામના જ કિશોરે પતંગ દોરીની તકરારમાં હત્યા કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. હંમેશા માતા-પિતાના ઠપકા અને મારથી ક્રોધિત કિશોરે જ પતંગ જેવી નજીવી બાબતે હિરણ્યની હત્યા કરી નાંખી હતી. જોકે હત્યાનો ભેદ ઉકેલવામાં મૃતક કિશોરના પેટમાંથી મળી આવેલો ખોરાક મહત્વનો સાબિત થયો હતો.

મળતી માહિતી પ્રમાણે સતલાસણાના ચીકણા ગામમાં ધોરણ ત્રણમાં ભણતા ૯ વર્ષના માસૂમ હિરણ્યનું અપહરણ થયું હતું. અપહરણને લઈ પરિવારજનો ચિંતિત બન્યા હતા. આ અંગે પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના પગલે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ દરમ્યાન રવિવારે સાંજે ગામની શાળાના મેદાનમા એક ફૂટના ખાડામાંથી નવ વર્ષના માસૂમ હિરણ્યની લાશ મળી આવી હતી. લાશ પર પથ્થર મુકેલા હતા અને મોડી સાંજે મહેસાણાથી ડોગ સ્કવોડની ટીમ ગામમાં પહોંચીને હત્યાના પગેરું શોધવા કામે લાગી હતી.

## પાટણ સેવાકેન્દ્ર દ્વારા ઉજવાયો ૪૪ મોં વાર્ષિકોત્સવ

પાટણ



પાટણ સેવાકેન્દ્ર દ્વારા ૪૪ મા વાર્ષિકોત્સવ, ધારા સભ્ય કિરીટભાઈ પટેલ અને ગ્રામ વિકાસ પ્રભાગ ના અધ્યક્ષા રાજયોગીની સરલાદીદી ના સન્માન નો તિવેણી સમારોહ યોજાયો આ પ્રસંગે પધારેલા કિસાન વિકાસ સંઘ ના પ્રમુખ શ્રી કીર્તિભાઈ પટેલે સરળ દીદી ને મોમેન્ટો, શોલ આપી સન્માનિત કરી કહ્યું કે ખેતીની સાથે અધ્યાત્મ મળે તો ઘણી સફળતા મળે છે. સરલદીદી ગ્રામ વિકાસ પ્રભાગના અધ્યક્ષ બન્યા એ એમની સેવા ને બિરદાવવા જેવી છે. તો સોના માં સુગંધ ભળે છે. ખેતીવાડી અધિકારી શૈલેષભાઈ પટેલ ને શોલ ઓઢાડી સન્માન કરી કહ્યું કે જૈવિક ખેતી ,યોગિક ખેતી ને ખેડૂતો સુધી પહુંચાડી બ્રહ્માકુમારી સંસ્થા ની સેવાઓ ખુબ સરાહનીય છે. પાટણ જિલ્લામાં અવાર નવાર કાર્યક્રમો દ્વારા સેવાઓનો લાભ લઈશું પાટણ ના ધારાસભ્ય ડો. કિરીટભાઈ પટેલના સન્માન બાદ સંસ્થા નો આભાર વ્યક્ત કરતા કહ્યું કે સ્વચ્છતા અને ડિસિપ્લિન બ્રહ્માકુમારી સંસ્થામાં બેજોડ છે.:- ડો. કિરીટભાઈ પટેલ - ધારાસભ્ય પાટણ નીલમદીદીએ કિરીટભાઈને શુભકામના આપતા કહ્યું કે પ્રભુ આપણે ખુબ શક્તિ આપે આપ સમાજની ખુબ સેવા કરો। સરલા દીદીએ આશીર્વચન આપતા કહ્યું કે પાટણ સેવાકેન્દ્ર ૪૪ મોં વાર્ષિકોત્સવ ઉજવી રહ્યું છો આપ અધ્યાત્મ માર્ગમાં ખુબ આગળ વધો અનેક આત્માઓની ખુબ સેવા કરો। કિરીટભાઈને અભિનંદન આપી કહ્યું કે આપ સમાજમાં ખુબ સારા કામો કરો એવી શુભકામના। કુમારી કૃણાલ, કુમારી નંદિની એ સુંદર નૃત્ય રજૂ કર્યું.

## વેપારી સાથે અકસ્માતને બહારને ઝઘડો કરી ૧ લાખી વધુની ચોરી

હિંમતનગર

તલોદ તાલુકાના રણાસણના કરીયાણાના વેપારી હિંમતનગરથી ખરીદી કરી મારુતિ વાનમાં રણાસણ તરફ જઈ રહ્યો હતો ત્યારે હિમતનગરનાં છાપરીયા ચારરસ્તાથી મોતીપુરા રોડ ઉપર સ્કુટી ઉપર આવેલ મહિલા અને પુરુષે વાન ચાલકને ઉભો રાખી કેમ મારી સ્કૂટીને અકસ્માત કર્યો તેમ કહી ઝઘડો કરતા ગેંગ સાગરીતો એકઠા થઇ વેપારીની નજર ચુકવી મારુતિ વાનમાં આગળ મુકેલા થેલાંમાંથી માત્ર સવા મિનીટમાં જ સવા લાખનું પર્સ તફડાવી ફરાર થઇ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે સમગ્ર ચોરી લાઈવ સી.સી.ટીવીમાં કેદ થઇ જવા પામી હતી. પોલીસે ફરિયાદ નોંધી સી.સી ટીવીનાં આધારે ગેંગને પકડી પાડવાની તજવીજ હાથ ધરી છે. આપને જણાવી દઈએ કે ૧૦ દિવસ પહેલાં તેલના વેપારી પાસેથી ૬ લાખની લુંટ ચલાવી લુટારુ ફરાર થઇ ગયા હતા અને હજી સુધી તે લુંટારુઓને પોલીસ પકડી શકી નથી ત્યારે ગઈકાલે આ બીજી ઘટના બનતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતાં.

રાજ્યમાં વારંવાર આવા બનાવો બનતા રહેશે તો પ્રજાની સુરક્ષાની જવાબદારી કોણ લેશે તેવો ગણગણાટ સ્થાનિક લોકોમાં શરૂ થયો હતો. આ ગેંગની સામે તાત્કાલિક અસરથી ફરીયાદ નોંધીને પગલાં લેવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## સરવણા ઓવરબ્રિજ નજીકથી અર્ધ બળેલી હાલતમાં કિશોરીની લાશ મળી

હિંમતનગર

હિંમતનગરના ગાંભોઇ નજીક આવેલા સરવણા ઓવરબ્રિજ પાસેથી અર્ધ બળેલી હાલતમાં એક કિશોરીની લાશ મળી આવતા સનસનાટી મચી ગઇ છે. આ કિશોરીની કોઇ નરાધમે હત્યા કરી હોવાનું પોલીસ માની રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ અંગેની વિગત એવી છે કે ગાંભોઇ નજીક સરવડા ઓવરબ્રિજ પાસે અર્ધ બળેલી હાલતમાં લાશ પડી હોવાની જાણ થતાં જ લોકોનાં ટોળેટોળાં એકત્ર થયા હતા. પોલીસે તાત્કાલીક પહોંચી એફએસ એલની સહાયથી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમ્યાન આ લાશ ૧૫ થી ૧૭ વર્ષની વયની કિશોરીની હોવાનું જણાવ્યું હતું.

કિશોરીનો ચહેરો અને કોણીથી પંજા સુધીના બંને હાથ સિવાય આખું શરીર બળેલું હતું. પોલીસે આજુબાજુમાં આવેલા ખેતરમાં કામ કરતા મજૂરોની સઘન પૂછપરછ કરી નિવેદનો લીધા છે. પરંતુ આ ઘટના પાછળની કોઇ ચોક્કસ કડી હજુ સુધી પ્રાપ્ત થઇ નથી. કોઇ અજાણ્યા નરાધમો આ કિશોરીનું અપહરણ કરી તેની અવાવરૂ સ્થળે હત્યા કર્યા બાદ લાશને ઓવરબ્રિજ પાસે લાવી સળગાવી દેવાઇ હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

કિશોરીના મૃતદેહ પાસેથી એક પણ પુરાવો ન મળતા પોલીસ માટે આ ઘટના પડકારરૂપ બની છે. પોલીસે હાલ લાશને પી.એમ. માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી આ અંગે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પાટણ- હારિજ વિસ્તારમાં માર્ગ અકસ્માતના બે બનાવમાં ૩ ને ઈજા

હારીજ

પાટણ તથા હારિજ વિસ્તારમાં માર્ગ અકસ્માતના બનાવોની પરંપરા જારી રહી છે. ત્યારે ગત બુધવારે રાત્રે અલગ- અલગ જગ્યાએ ત્રણ માર્ગ અકસ્માતના બનાવો બનતા ત્રણ જણાને નાની - મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને પાટણ નજીકના ધારપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

જાણવા મળતી વિગતો અનુસાર હારીજ- પાટણ રોડ પર કુણઘેર નજીક બાઈક અને રીક્ષા વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં દશરથજી ઠાકોર નામના ચાલકને ઈજાઓ થતાં ૧૦૮ મારફતે સારવાર અપાયા બાદ ધારપુર ખાતે રિફર કરાયા હતા. આ અકસ્માતમાં રીક્ષા પલટી ખાઈ જતાં આગળના ભાગનો કચ્ચરધાણ નિકળી ગયેલ. જ્યારે થરોડ રોડ પર ટ્રેક્ટર- બાઈક અથડાતાં બે જણાને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે હારીજ રેફરલમાં સારવાર માટે લઈ જવાયા હતા. બંને અકસ્માત અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

## શંખેશ્વર કોલેજમાં 'કાવ્યપઠન સ્પર્ધા' યોજાઈ

શંખેશ્વર



શ્રી એન.એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરના ગુજરાતી વિભાગ અને અંગ્રેજી વિભાગના સંયુક્ત ઉપક્રમે 'કાવ્યપઠન સ્પર્ધા' યોજાઈ. કાર્યક્રમની શરૂઆત અંગ્રેજી વિભાગના પ્રા.નેહાબેન દેસાઈ દ્વારા પ્રાર્થનાથી કરાઈ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કોલેજના સંચાલક નવિનભાઈ ભોજકે માતૃભાષાનું મહત્વ સમજાવી, ગુજરાતી કવિતાના રસાસ્વાદ વિશે તથા ગાન અને પઠન અંગેના ભેદ વિશે મનનીય વક્તવ્ય આપ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના કુલ ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ગુ-જરાતી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં સ્વરચિત તેમજ જાણીતા ગુજરાતી અને અંગ્રેજી સર્જકોની કવિતા અને ગઝલોનું સુંદર પઠન કર્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ.રાજેશ ત્રિવેદીએ જાણીતા ગુજરાતી કવિઓની કવિતાનું ભાવપૂર્વક પઠન કરી કાવ્યપઠન અંગે વિદ્યાર્થીઓને સાચી સમજ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ નિર્ણાયક તરીકે તેઓએ વિજેતા વિદ્યાર્થીઓના નામ જાહેર કર્યા હતા. ગુજરાતી વિષયમાં પ્રથમ ક્રમે જોષી કોમલ, દ્વિતીય ક્રમે જાલીસણિયા મનોજ અને તૃતિય ક્રમે સિંધવ રશ્મિ, અંગ્રેજી વિષયમાં પ્રથમ ક્રમે દવે હીના, દ્વિતીય ક્રમે ઝાલા મનહરબા અને તૃતીય ક્રમે ખાંભલ્યા હરિ અને સંસ્કૃત વિષયમાં પાઠક માનસી પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. મુકેશપુરી ગોસ્વામીએ કર્યું હતું. જયારે આભારવિધિ પ્રા.ધવલકુમાર જોષીએ કરી હતી.

## સામાજીક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ ઇડરના નગરજનોએ પુરૂ પાડ્યુ છે : મંત્રી ઈશ્વરભાઈ પરમાર

ઈડર

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરના પ્રતિમાનું અનાવરણ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. ઈડર નગરપાલિકા અને ભાંભી સમાજ ઈડર નગર પાલિકાના સંયુક્ત ઉપક્રમે આયોજીત પ્રતિમા અનાવરણ પ્રસંગે ઉદ્દબોધન કરતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, સામાજીક સમાનતા અને સર્વને હક્ક આપવાનું કામ બાબા સાહેબે કર્યુ છે આ વિચારને મૂર્તિમંત કરવા ઈડરના દલિત સમાજના યુવકો દ્વારા કરવામાં આવ્યું છે. ઈડરના તમામ સમાજો એક થઈ સામાજીક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ ઈડરના નગરજનોએ પુરૂ પાડ્યુ છે. આ પ્રસંગે ઉપસ્થિત રાજય સભાના સાસંદ અને ઝાંઝરકા ધામના ગાદિપતિ શ્રી શભુંપ્રસાદ ટુંડીયાએ આર્શીવચન પાઠવતા જણાવ્યું હતું કે, આ માત્ર પ્રતિમાનું અનાવરણ નથી પરંતુ સામાજીક સંવેદના જગાવવાનું કામ સમાજ દ્વારા કરવામાં આવ્યું છે. તેમણે ડૉ.બાબા સાહેબ માત્ર દલિતો શોષિતો જ નહિ પરંતુ સર્વ સમાજની મહિલાઓના અધિકારની હિમાયત કરી હતી. તેમના વિચારોને રાજય સરકાર આવિભાવ કરવાનું કામ કરે છે. તેમણે સમાજના શિક્ષિતોને સમાજના નબળા બંધુને સહાયરૂપ થવા માટે અપીલ કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ડૉ.બાબા સાહેબ અંત્યોદય વિકાસ નિગમ ચેરમેન શ્રી ગૌત્તમ ગેડિયાએ સમાજના ઉન્મૂલ માટે શિક્ષણ અનિવાર્ય હોવાનું જણાવી સમાજને સંગઠિત બનવા માટે જણાવ્યું હતું. ઈડરના ધારાસભ્ય શ્રી હિતુ કનોડીયાએ પ્રતિમા અનાવરણ પ્રસંગે જણાવ્યું હતું કે, ઈડર શહેરમાં પ્રવેશતા ડૉ.બાબા સાહેબની પ્રતિમાના દર્શન થાય એ સામાજીક સંગઠનતાનું પ્રેરકબળ બતાવે છે. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી કાન્તાબેન પરમારે મહેમાનો શાબ્દિક આવકાર આપી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી કાર્યક્રમમાં જિલ્લા સમાહર્તા શ્રી પી.સ્વરૂપ, નાયબ કલેકટર શ્રી એ.જે.દેસાઇ, અગ્રણી શ્રી ભગવાનદાસ પરમાર, હિતેન્દ્રભાઇ પટેલ સહિત સામાજીક આગેવાનો અને યુવા સામાજીક કાર્યકરો અને વિવિધ સમાજના લોકો મોટી સંખયામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચણસોલની સીમમાં પરિણીતાની હત્યા : ચાર વિરૂધ્ધ ફરિયાદ

મહેસાણા

મહેસાણાના જિલ્લામાં દિનપ્રતિદિન હત્યાના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે ખેરાલુ તાલુકાના ચાણસોલ ગામે ખેતરમાં એક પરિણીતાને તીક્ષ્ણ હથિયારના માથામાં ઘા મારી હત્યા કરી નાંખતા ચાર જણા સામે ફરિયાદ નોંધવા પામી છે.

જાણવા મુજબ ચાણસોલની સીમમાં વિપુલસિંહ બળદેવસિંહ રાણાનું ખેતર આવેલ છે વિપુલસિંહના પત્નિ મનિષાબેન વચ્ચે રોજ ઘરકંકાસ બાબતે બોલાચાલી થતી હતી ત્યારે તાજેતરમાં મામલો વધુ વકરતો પતિ વિપુલસિંહ, સસરા બળદેવસિંહ અને સાસુ વિજયાબેન અને અન્ય ઈસમે એકત્ર થઈ મનિષાબેન પકડી રાખી માથાના ભાગે કોસ જેવા તીક્ષ્ણ હથિયારથી ઘા મારતાં મનિષાબેનની હત્યા કરી નાંખી હતી.

આ બનાવની જાણ પોલીસને થતાં પોલીસે ઘટના સ્થળે દોડી આવી લાશને ખેરાલુની સરકારી હોસ્પિટલમાં પી.એમ. માટે રવાના કરી હતી. આ બનાવ સંદર્ભે પરિણીતાના પિતા દેવાજી શિવાજી (રહે. મીરઝમપુર તા.વડનગર)એ સાસરી પક્ષના ચાર જણા વિરૂધ્ધ દિકરીની હત્યા અંગે ખેરાલુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## વદરાડના સેન્ટર ઓફ એક્સલન્સની ૧૦,૦૦૦થી વધુ ખેડૂતોએ મુલાકાત લીધી

ઈડર

વડાપ્રધાનશ્રી ના ખેડુતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના લક્ષ્યને સિધ્ધ કરવાની દિશામાં રાજ્યમાં બાગાયત ખાતું સતત પ્રયત્નશીલ છે. રોજિંદા જીવન ના ભાગરૂપે બાગાયતી પાકો અને એમાં પણ શાકભાજી પાકો વ્યક્તિના જીવનમાં સવિશેષ સ્થાન ધરાવે છે. જેથી તેની માંગ બજારમાં હર હમેંશ હોય છે. શાકભાજી પાકો ટુંકા ગાળાના વધુ આવક આપતી ખેતી છે. પરંતુ, આ આવક મેળવવા વૈજ્ઞાનિક અભિગમ થી ખેતી, બજાર વ્યવસ્થા, સારૂં અને ગુણવતાયુક્ત ઉત્પાદન વિ. જેવી બાબતો નું ખેડુતોને જ્ઞાન હોવું જરૂરી છે. આમ શાકભાજી પાકોની ખેતીના તમામ પાસાઓ આવરી ખેડુતોને માર્ગદર્શકરૂપ થવા અને વિશેષ સમજ આપતા સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વદરાડ ખાતે સેન્ટર ઓફ એક્સલન્સ કાર્યરત કરવામાં આવ્યું છે. જેમાં ખેડુતોને બાગાયતી પાકો ની ખેતી અને તેમાં શાકભાજી પાકોની ખેતી તરફ વાળવામાં તેમજ તેઓની આવકમાં વધારો કરી શકાય તે માટે બાગાયત ખાતું હાઈબ્રીડ બિયારણ થી શાકભાજી પાકોની ખેતી માટે હેક્ટરે રૂ. ૨૦,૦૦૦/- જેટલી સહાય પુરી પાડે છે.

આ સેન્ટર ખાતે ખેડુતોને શાકભાજી પાકો ની વૈજ્ઞાનિક ખેતી માટે તાલીમ આપવી તેમજ નિદર્શનો ની કામગીરી કરવામાં આવે છે. સેન્ટર ખાતે ખેડુતોને શાકભાજી પાકોની ખેતી માટે વિવિધ ટેકનોલોજીનો ઉપયોગ તેમજ જુદા-જુદા શકભાજી પાકોની ખેતી પધ્ધતિ, ઓપન ફિલ્ડ તેમજ રક્ષિત ખેતી વિ. માટે તાલીમ આપવામાં આવે છે. ધરૂ ઉછેર, ફર્ટીગેશન અને ઈરીગેશન, રક્ષિત ખેતી, કાપણી પછીનું વ્યવસ્થાપન, ગ્રીન હાઉસ- નેટ હાઉસમાં નેમેટોડ કંટ્રોલ, બજાર વ્યવસ્થાપન, નિકાસની તકો વિ. જેવાં વિષયો પર તાલીમ આપવામાં આવે છે. તેમજ તાલીમ દરમ્યાન સેન્ટર પર ના નિદર્શનો બતાવવામાં આવે છે. જેથી ખેડુત પ્રત્યક્ષ રીતે સમજીને ખેતી કરી શકે. તેમજ તેઓને તાલીમ દ્વારા બિયારણ/ધરૂંની પસંદગી ની મહત્વની પ્રક્રિયા સમજાવવામાં આવે છે. જેનાથી પાક ને રોગ-જીવાતમુક્ત રાખી મહત્તમ ઉત્પાદન મેળવી શકે. તેમજ જે ખેડુતો પરંપરાગત ખેતી કરતાં હતાં તેઓ પણ નવિન ટેકનોલોજી(ડ્રીપ ઈરીગેશન, મલ્ચીંગ, સોઈલલેસ કલ્ચર વિ.) ના ઉપયોગથી શાકભાજી પાકોની ખેતી કરતાં થયા છે.

# થરા - હારીજ - નાના જામપુર રોડ વિસ્તારમાં ઓવરલોડ ટર્બાનો આતંક... ભૂખનન પ્રવૃત્તિ બેફામ : તંત્ર ચૂપ

**નંબર પ્લેટ વગરના ઓવરલોડ વાહન પકડવામાં પોલીસ - આર.ટી.ઓ. ચૂપ કેમ**

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા- નાના જામપુર તથા થરા- ટોટાણા- હારીજ રોડ પર અને થરા નગરપાલિકા વિસ્તારમાં ઓવરલોડ ટર્બા- ટ્રક - ડમ્પરો રેત ભરીને રાત દિવસ બેફામ દોડી રહ્યા છે. જેના કારણે થરા નગરમાં ટ્રાફિકની વિકટ સમસ્યા તથા અકસ્માતનો સતત ભય રહે છે તો ગ્રામ્ય વિસ્તારમાં ઓવરલોડ રેત ભરીને દોડતા આવા વાહનોથી ખેડુતોના ખેતીપાક અને શાળાના ભુલકા- ગ્રામજનોને નુકસાન થઈ રહ્યું છે.

કાંકરેજ તાલુકાના નાના જામપુર - ખારીયા- આજુબાજુ ના બનાસ નદી પટ વિસ્તારમાં રાત- દિવસ જેસીબી - હીટાચી જેવા આધુનિક મશીનો દ્વારા બિનકાયદેસર ખોદકામ કરીને રેત ઉલેચવામાં આવી રહી છે. ભૂસ્તર ખાણ ખનીજ વિભાગ દ્વારા આ વિસ્તારમાં કાયદેસર ની કેટલી લીઝ કેટલી મર્યાદામાં ફાળવવામાં આવી છે ને આ વિસ્તારમાં હાલમાં કેટલુ ખોદકામ ચાલી રહ્યું છે. તેની તપાસ નહી થતાં રેતખનન ભૂમાફીયા બેફામ બન્યા છે. આ વિસ્તારમાં ટર્બા- ડમ્ફર- ટ્રકો ટ્રેક્ટર નંબર પ્લેટ વગરના બેફામ ઓવરલોડ રેતનું વહન પોલીસ - આરટીઓની નજર હેઠળ કરી રહ્યાં હોવા છતાં આવા વાહનોને પકડવામાં આવતા નથી. ખેડૂતો- ગ્રામજનોનો આક્રોશ છે કે, તલાટીઓ ગ્રામ સેવકો સરપંચોથી માંડીને ઉચ્ચ અધિકારીઓ - પોલીસ - આરટીઓની ખુલ્લેઆમ સંડોવણીને ભુસ્તર- ખાણ ખનીજ વિભાગની નિષ્ક્રિયતા થી આ સમગ્ર ગેરકાયદેસર પ્રવૃત્તિ રાત દિવસ ચાલી રહી છે. આની સામે જે અવાજ ઉઠાવે તેને એનકેન પ્રકારે દબાવવામાં આવે છે. કાંકરેજ મામલતદાર, દિયોદર ડીવાય એસપી શિહોરી પીએસઆઈ

અનુસંધાન પાના નં.૬

# ભોયણ પાસે અજાણ્યા વાહનની ટક્કરથી બાઈક ચાલકનું મોત



ભરત સુંદેશા

ડીસા

ડીસા તાલુકાના ભોયણ પાસે પુરઝડપે દોડતા અજાણ્યા વાહનનો ચાલક બાઈકને ધડાકાભેર ટક્કર મારી નાસી છૂટ્યો હતો. જેથી બાઈક ચાલક મુકેશ ડાયાભાઈ કુંવારીયા (રહે. પાલનપુર) નું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

જ્યારે હસમુખ મણીલાલ કુંવારિયા અને ક્રિષ્ના મુકેશભાઈ કુંવારીયા ઘવાયા હતા. અકસ્માતની જાણ થતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા અને ઘવાયેલાઓને સારવાર અર્થે ખસેડ્યા હતા. બાદમાં દોડી આવેલી પોલીસે મૃતકની લાશ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે નોંધાયેલ ફરીયાદના આધારે પોલીસે અજાણ્યા વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# ડીસાના ગુલબાણી નગરમાં વિવાદિત રોડ મામલે હંગામો

**બિલ્ડર દ્વારા દીવાલ ચણવાની કામગીરી રહીશોએ અટકાવવા જતાં હોબાળો : બિલ્ડર વિરૂધ્ધ રહીશોનું ટોળું પોલીસ મથકે પહોંચ્યુ**



ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરમાં આવેલા ગુલબાની નગરમાં છેલ્લા ઘણા સમયથી રસ્તાનો વિવાદ વકરી રહ્યો છે. આ રસ્તાને લઈ આ વિસ્તારના રહીશો અને આ જમીનના માલિક એવા બિલ્ડર વારંવાર આમને સામને આવી ચુક્યા છે. ત્યારે રવિવારે બિલ્ડર દ્વારા વિવાદિત જગ્યા પર દીવાલ ચણવાની કામગીરી શરૂ કરાતા રહીશોએ અટકાવવા જતાં હંગામો સર્જાયો હતો અને વધુ એકવાર આ વિસ્તારના રહીશો અને જમીન માલિક ઝપાઝપી પર ઉતરી આવ્યા હતા.

ડીસાના ગુલબાનીનગર વિસ્તારમાં વિવાદિત જમીન પર જમીન માલિક દ્વારા દીવાલ બનાવવાની કામગીરી શરુ કરવામાં આવી હતી. પરંતુ આ કામગીરી શરુ થયા બાદ આ વિસ્તારના કેટલાક લોકોએ ઘટના સ્થળે પહોંચી આ કામગીરી અટકાવી દીધી હતી. અને વાત વધુ વણસતા આ જમીન માલિક બિલ્ડરના માણસ દ્વારા સ્થાનિક લોકો દ્વારા અટકાવવામાં આવી રહેલી કામગીરીનો મોબાઈલ વિડીયો બનાવવામાં આવતા ઉશ્કેરાયેલા સ્થાનિક રહીશોએ તેનો મોબાઈલ ફોન ઝુંટવાની કોશિશ કરી હતી અને બાદ તેના કપડા પણ ફાડી દીધા હતા અને ઝપાઝપી થતા હંગામો સર્જાયો હતો.

અનુસંધાન પાના નં.૬

# આખોલ બનાસ નદીમાં સડેલા બટાટા ફેંકાયા



વિપુલસિંહ દરબાર

ડીસા નજીકના આખોલ ગામે બનાસ નદીના પટમાં કોઈએ બટાટાના કટ્ટાનો જથ્થો ઠલવ્યો છે. જેની તીવ્ર વાસથી આજુબાજુ રહેતા લોકો ત્રાસી ઉઠયા છે. એટલું જ નહીં, રોગચાળાનો ખતરો મંડરાયો છે. ત્યારે તંત્ર આ બાબતે સજાગતા દાખવે તેવો રોષ રહીશો વ્યક્ત કરી રહ્યાં છે.

# મોટી ઘરનાળ ગામે ગૌચરના ચોકીદાર પર દબાણદારનો હુમલો





કંચનજી ઠાકોર

**ચોરી ઉપર શિનાચોરીથી ગ્રામજનોમાં આક્રોશ : તંત્ર પગલાં ભરશે ?**

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકા સહિત બનાસકાંઠા જિલ્લામા ગામના ગોચરો નામશેષ થઈ ગયા છે. ત્યારે ગ્રામજનોના પ્રયાસો થકી જ્યાં જ્યાં ગણ્યા ગાંઠ્યા ગોચરો બચ્યા છે અને આ ગોચરમાં નીલગાય જેવા અબીલ પશુઓ આસરાનું સ્થાન છે. તેવા ગોચરોમાં પણ દબાણદારો દ્વારા દિવસે- દિવસે દબાણોમાં વધારો થઈ રહ્યો છે અને સરકારી નિયમોને નેવે મુકી આડેધડ લીલા વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે. ત્યારે ક્યાંક ગામલોકો દ્વારા આવા દબાણો રોકવાનો પ્રયાસ કરાય તો દબાણદારો દ્વારા તેમને મારપીટ કે જાનથી મારી નાખવાની ધમકીઓ મળતી હોય છે. અત્યારે ગ્રામ પંચાયતના સરપંચો પણ વોટની લાલચે લાલ આંખ કરતા નથી. ત્યારે ડીસા તાલુકાની મોટી ઘરનાળ ગામનું ગોચર મોટાભાગે દબાણોના ઘેરાવામાં આવી ગયું છે અને જ્યાં જ્યાં બચ્યુ છે ત્યાં પણ ચોકીદાર દ્વારા રોકવાનો પ્રયાસ કરાવતા તેમની સામે બાયો ચઢાવવામાં આવે છે. મોટી ઘરનાળ ગામે પોતાનું ઘર હોવા છતાં ગામના માથાભારે વાઘરી મશરૂભાઈ જીભાભાઈ ગોચરમાં અર્ધો વીઘો જેટલું દબાણ રોકીને હજુ વધારે દબાણ કરતી હોવાની જાણ ગોચર ચોકીદારને થતાં આ અંગે તેને રોકવાનો પ્રયત્ન કરાતા તે ચોકીદાર વિસાભાઈ ની સામે લાકડી લઈને દોડ્યો હતો અને હવે પછી જો આ દબાણ અંગે કોઈને જાણ કરી છે તો તને જાનથી મારી નાખીશ. અનુસંધાન પાના નં.૬

સતત બે દિવસથી...

# વાવ શહેરમાં પાણીનો પુરવઠો બંધ રહેતા લોકોને હાલાકી



વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

પંદર હજારની જનસંખ્યા ધરાવતા વાવ શહેરને દેવપુરા સમ્પ અને નર્મદા કેનાલના પાણીનું મિશ્રણ કરી ટી.ડી.એસ.ચેક કરી દેવપુરાથી વાવ એમ.એસ. પાઈપ લાઈન મારફત પાણીનો જથ્થો ફાળવાય છે પરંતુ તા. ૫-૧-૧૮ અને તા.૬-૧-૧૮ બે દિવસ કેનાલ રીપેરીંગ અને સફાઈ કામકાજ અર્થે વાવ શહેર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં પાણીનો જથ્થો સતત બંધ રહેતા લોકોને ભારે હાલાકીઓનો સામનો કરવો પડયો હતો. જો કે શ્રીમંત લોકોએ તો સંગ્રહ કરેલા પાણીના જથ્થાને પીવા માટે તેમજ ઘરવપરાશ માટે ઉપયોગ કરી લીધો હતો. જ્યારે ગરીબ વર્ગના લોકો રોજીંદા પાણીનો ઘર વપરાશ અને પીવા માટે ઉપયોગ કરે છે. તેઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. પાણીના મુદ્દે જ્યારે પાણીનો પુરવઠો બંધ રાખવાનો હોય તે પૂર્વે જવાબદાર પા.પુરવઠા વિભાગે સમાચારપત્રોમાં જાહેર નિવિદા પ્રસિદ્ધ કરી બે દિવસ અગાઉ જનતાને જાણ કરવી જરૂરી છે.

વિશેષમાં પાણીના મુદ્દે વાવ તાલુકાની જનતાને જ્યારે જ્યારે હાલાકીનો સામનો કરવો પડે છે ત્યારે વાવની થરાદ ખાતે ચાલતી પા.પુરવઠા વિભાગની કચેરીનો ફોન દ્વારા કે રૂબરૂમાં સંપર્ક કરવો પડે છે. સત્વરે થરાદ ખાતે ચાલતી વાવની પા.પુરવઠાની કચેરી વાવ ખાતે કાર્યરત કરવામાં આવે. વાવ ખાતે કચેરી માટે જગ્યા અને ઓફિસની તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં વર્ષોથી આ પ્રશ્ન ખોરંભે ચડયો છે. આ બાબતે રાજય સરકારના મંત્રી પરબતભાઈ પટેલ થરાદ ખાતે ચાલતી વાવની પા.પુરવઠા કચેરીને વાવ ખાતે કાર્યરત કરાવે અને પાણીના મુદ્દે વાવ તાલુકાની જનતાને પડતી હાલાકીના મુદ્દે સહયોગ આપે તેવી વાવ તાલુકાની જનતાની માંગ છે.

# ડીસાનો રેલ્વે સ્ટેશન રોડ ફૂટપાથથી સુસજ્જ



વિનોદ બાંડીવાલા

**ટ્રાફિકની કાયમી જટીલ સમસ્યાનું નિરાકરણ**

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના ઉત્સાહી નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળીની દીર્ઘ દ્રષ્ટિના કારણે 'સ્કુલ ઝોન' તરીકે ઓળખાતો રેલ્વે સ્ટેશન રોડ ફુટપાથથી સુસજ્જ અને પહોળો બનવા પામ્યો છે. જેથી ટ્રાફિકની કાયમી જટીલ સમસ્યાનું નિરાકરણ આવ્યું છે. રેલ્વે સ્ટેશન રોડ ઉપર શૈક્ષણિક સંકુલો આવેલા છે. જેથી શાળાઓ શરૂ થવા અને અને છુટવા સમયે ટ્રાફિક ચક્કાજામ થતો હતો. જે ટ્રાફિકમાં રાહદારીઓ સાથે વાહન ચાલકો અને વાલીઓ કલાકોના કલાકો સુધી અટવાતા હતા. જેને ગંભીરતાથી લઈ પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળીએ સર્વપ્રથમ આ રોડ ઉપર વરસાદી વ્હેણ માટે પાકુ નાળુ બનાવ્યું.

ત્યારબાદ આધુનિક ઢબે પહોળો રોડ બનાવ્યો અને હાલમાં રોડની બંને સાઈડ ફુટપાથ પણ બનાવી છે. જેથી આધુનિક ઢબે આલિશાન રોડ આકાર પામતા ટ્રાફિકની જટીલ સમસ્યા ઉકેલાઈ ગઈ છે. એટલું જ નહીં, શહેરના કોલેજ રોડ પછી આ રોડ પહોળો અને નમુનેદાર બનવા પામ્યો છે. જેથી શહેરની શોભામાં પણ અભિવૃધ્ધિ થવા પામી છે.

# રોડ ઉપર ઘાસ નાખવાથી પુણ્ય નહી પણ પાપના ભાગીદાર

**ઘાસ ગૌશાળા કે પાંજરાપોળને ફાળવવાની અપીલ**



વિનોદ બાંડીવાલા

ડીસા

હિન્દુ આર્ય સંસ્કૃતિમાં દાન - પુણ્યનો ભારે મહીમા છે. તેથી વાર - તહેવારે લોકો યથાશક્તિ દાન કરતા હોય છે. તેમાં પણ દેવીનો દરજ્જો ધરાવતી ગાયોને ઘાસ નાખવા શ્રધ્ધાળુ લોકો મોખરે રહે છે પરંતુ આજે ગાયોની હાલત દયનીય બનવા પામી છે. તેમાં પણ ડીસા સહિતના શહેરી વિસ્તારોમાં લોકો રોડ ઉપર જ ગાયોને ઘાસ નાખે છે. શ્રમજીવીઓ ઘાસ લાવી રોડ ઉપર જ ધામા નાખે છે.

જ્યાંથી ઘાસ ખરીદી લોકો ગાયોને નાખી પુણ્ય કમાયાનો સંતોષ મેળવે છે. પરંતુ ત્યાં ગાયોનો જમાવડો થાય છે. જેથી ગંદકી સાથે ટ્રાફિકનો વિકટ પ્રશ્ન સર્જાય છે. ઘાસ ખાવા પડાપડી કરતી ગાયો ક્યારેક રાહદારીઓને શિંગડે ભેરવે છે. જેમાં નાના બાળકો અને વૃધ્ધોનું આવી બને છે. તેથી રોડ ઉપર ઘાસ નાખતા લોકો જાણે - અજાણે પુણ્ય નહિં પણ પાપના ભાગીદાર બને છે. ત્યારે ગાયોના લાલન - પાલન માટે અનેક ગૌશાળા અને પાંજરાપોળ કાર્યરત છે. તેથી રોડ ઉપર ઘાસ નાખવાને બદલે આવી સંસ્થાઓને ઘાસ અપાય તો જ સાચા અર્થમાં પુણ્યના ભાગીદાર બની શકાય. ગત જુલાઈમાં પુરના કારણે હાલમાં ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં ઘાસની તાતી જરૂરીયાત વર્તાય છે. ત્યારે હવે ઉતરાયણનું મહાપર્વ નજીકમાં છે તેથી લોકો ઘાસ આવી સંસ્થાને આપે તો જીવદયા સાચા અર્થમાં મહેંકી ઉઠે.

# બનાસકાંઠામાં બર્ફીલા પવનના કારણે ઠંડીનું જોર યથાવત

**ડીસા લઘુતમ તાપમાન ૧૦.૮ ડીગ્રી**



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

વેસ્ટર્ન ડીસ્ટબન્સ અને અપર એર સરક્યુલેશનને કારણે સમગ્ર રાજ્યભરની સાથે ડીસા તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ગઈકાલે ડીસાનું લઘુતમ તાપમાન ૧૦.૮ ડીગ્રી નોંધાવ્યું હતું દીવસભર ઠંડા પવનોની ગતિનું લીધે સાંજે ૪ વાગ્યા પછીપણ ઠંડીનો અહેસાસ થવા. લાગ્યો હતો. સતત પડી રહેલ ઠંડીને લીધે રવી પાકો ખીલી ઉઠ્યા છે. પરંતુ સતત ઠંડીના આક્રમણને લીધે આમ પ્રજા વાયરલજન્ય બિમારીઓમાં સપડાઈ છે.

ઉત્તર ભારતમાં હીમ વર્ષાના પગલે સરહદી બનાસકાંઠા જિલ્લો પણ ઠંડોગાર બની ગયો છે. તેમાં બર્ફિલા પવનોફુંકાતા સાંજ પડતાજ કાતીલ ઠંડીનો દોર શરૂ થઈ જાય છે. જે મોડી સવાર સુધી જળવાઈ રહે છે. સતત પડતી ઠંડીને લીધે શિયાળું પાકો ખીલી ઉઠ્યા છે. સતત પડતી ઠંડીને લીધે મીલી મસ્તી જેવી જીવાતો પડવાની શક્યતા ઓછી જણાઈ રહી છે. તેમજ જીરૂ જેવા પાકોમાં પણ વરમી

અનુસંધાન પાના નં.૬




# લાખણીમાં રહેતો જીગર ૬ થી ૭ સેકન્ડમાં દાંતથી છોલે છે નારીયેળ

**મંદિરમાં દર્શનાર્થીઓને નારિયળ છોલવા માટે છરી શોધતા જોઈ દાંતથી નારિયેળ છોલવાનું શરૂ કર્યું**



(પ્રતિ.) લાખણી

લાખણી ગામે રહેતો યુવક નારિયેળને ફક્ત ૬થી૭ સેકન્ડમાં પોતાના દાંતથી છોલી તમામને આશ્ચર્યચકિત કરી રહ્યો છે અને કોઈ પણ મંદિરમાં દર્શનાર્થી નારીયેળ છોલવા માટે છરી શોધતા હોય તો તુરંત જ તેમના હાથમાંથી નારીયેળ લઈ ફક્ત ૬ થી ૭ સેકન્ડમાં જ પોતાના દાંતથી નારીયેળ છોલીને આપી દે છે. જે જોઈને દર્શનાર્થીઓ દંગ રહી જાય છે.

કુદરત દરેક વ્યક્તિમાં કોઈને કોઈ વિશિષ્ટતા મૂકે છે. જે બાબત મા તે વ્યક્તિ પારંગત હોય છે.તે જ રીતે મૂળ ચાણસ્મા તાલુકાના ધાણોધરડા ગામના વતની અને હાલમાં લાખણી ખાતે રહેતા જીગર ગોસ્વામીને પણ કુદરતે નારીયેળ દાંત થી જ છોલવાની અનોખી કળા આપી છે. જીગરના પપ્પા ધાણોધરડા ગામે હિંગળાજ માતાજીની પૂજા કરે છે અને દુકાન ચલાવે છે. ત્યારે દર્શનાર્થી નારીયેળ લઈને માતાજીના દર્શને આવતા ત્યારે છરી વડે નારિયળ છોલતાં ૫ થી૧૦ મિનિટ કરતાં અને બીજા દર્શનાર્થી છરી માટે લાઈનમાં ઉભા રહેતા તે જોઈ જીગરે

અનુસંધાન પાના નં.૬

**જો કોઈ સ્ટેજ મળે તો રેકોર્ડ નોંધાવવાની ઇચ્છા છે.**

મધ્યમ વર્ગના પરિવારમાંથી આવતા જીગરે જણાવ્યું હતું કે દાંતથી નારીયેળ છોલવાનો કેટલા સમયનો રેકોર્ડ છે તે ખબર નથી પરંતુ કોઈ સંસ્થા કે સ્ટેજ નો સપોર્ટ મળે તો આ રેકોર્ડ બનાવવાની મારી ઈચ્છા છે.

# બનાસકાંઠામાં શિયાળાની ઋતુ જામતા ઘાસચારાની ભારે ખપત

**જિલ્લામાં રાયડા બાદ સૌથી વધુ લીલા ઘાસચારાનું ૧૪૭૬૫૮ હોટર જમીનમાં વાવેતર**

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં ખેતી ક્ષેત્રની સાથે સાથે પશુપાલનનો વ્યવસાય પણ ફાલ્યો ફુલ્યો છે જેના કારણે સમગ્ર એશિયામાં સૌથી વધુ દુધનું ઉત્પાદન બનાસ ડેરી દ્વારા કરવામાં આવી રહ્યુ છે. જિલ્લાના ૧૪ તાલુકામાં ખેતીની સાથે પશુ પાલનના વ્યવસાયનો વિકાસ થતાં મોટે ભાગે જિલ્લાના પ્રજાજનો આ વ્યવસાય ઉપર નિર્ભર છે. ત્યારે પશુઓના લાલન પાલન માટે ઘાસચારાની સૌથી વધુ માંગ રહેતી હોય છે. સામાન્ય દિવસો કરતાં શિયાળાના દિવસોમાં ઘાસચારાની વધુ ખપત પડતી હોય છે ત્યારે જીલ્લાભરના

અનુસંધાન પાના નં.૬

**ઘાસચારાના ભાવ**

લીલો ઘાસ ચારો
૨૬ થી ૩૫ - કિલોના
બાજરીના પુળા
૧૮ થી ૨૦ - એક પુળાના
જુવારના પુળા
૨૨ થી ૨૫ - એક પુળાના

## બેસણું



સ્વ. વર્ષાબેન રમેશભાઈ ઠક્કર

અમારા પૂજ્ય માતૃશ્રી વર્ષાબેન રમેશભાઈ ઠક્કરનું તા.૦૪/૦૧/૨૦૧૮ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેઓનું બેસણું તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ બપોરે ૩ થી ૫ કલાકે નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.

સ્થળ : જલારામ હોલ, ઠક્કર સોસાયટી, ધાનેરા, જિ.બ.કાં.

લિ.
રમેશભાઈ હરજીવનદાસ ઠક્કર (પતિ)
રાધાબેન અમુલખભાઈ ઠક્કર (જેઠાણી)
આરતીબેન હાર્દિકભાઈ ઠક્કર (પુત્રવધુ)
નીકીતાબેન નીરવભાઈ ઠક્કર (પુત્રવધુ)
પીનલબેન મનોજકુમાર ઠક્કર (દીકરી)
મંથન, પ્રેક્ષા